
હરિ:ૐ



# કર્મઉપાસના

પૂજ્ય શ્રીમોટા

હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# કર્મઉપાસના

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૭૩ | ૨૦૦૦ | ચોથી | ૨૦૦૭ | ૫૦૦ |
| બીજી | ૧૯૮૫ | ૧૦૦૦ | પાંચમી | ૨૦૧૭ | ૧૦૦૦ |
| ત્રીજી | ૧૯૯૭ | ૧૦૦૦ | | | |

❑ પૃષ્ઠ : ૪૮ + ૧૩૨ = ૧૮૦

❑ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯)૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઇનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઇપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (પાંચમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની ચરણરજ જેઓના નિવાસે
પડી હતી, અને જેઓએ હરિઃૐ આશ્રમ, નડિયાદમાં
રહી કેટલાંક વર્ષ માટે સેવાઓ આપી હતી
તેમ જ પૂજ્ય શ્રીમોટાના
અક્ષરદેહનું વાંચન-મનન કરી
કેટલાંક પ્રકાશનોનું સંપાદનકાર્ય કર્યું હતું, એવાં
**સદ્‌ગત શ્રી બાબુભાઈ જોઈતારામ રામી**
**અને**
**સદ્‌ગત શ્રીમતી શારદાબહેન બાબુભાઈ રામી**
રહેવાસી અમદાવાદને પૂજ્ય શ્રીમોટા વિરચિત
**'કર્મઉપાસના'**ની આ પાંચમી આવૃત્તિનું
પ્રકાશન સન્માનપૂર્વક સમર્પિત કરીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭
ગુરુપૂર્ણિમા
સં. ૨૦૭૩

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

## ડૉ. રાવજીભાઈ છોટાભાઈ પટેલ

## (ખેતીવાડી, ડભાણ)ને

## ચરણકમળે

# સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

(અનુષ્ટુપ)

બહુ ભણેલું જે ગામે નહોતું એકેય જહાં,
ત્યાં કેવા ઝળકી આવ્યા ઉપર, તળિયેથી શા ! ૧

પુરુષાર્થ કરી ભારે ખંત, ઉત્સાહ, હિંમતે
-ને ઉદ્યમે કરી વિદ્યા ઉચ્ચ શી મેળવેલ છે ! ૨

કર્મઉપાસના એકધારી ભાવે કરેલ છે,
જે લીધું હાથમાં તેને ઉતાર્યું પાર છે તમે. ૩

જીવને વળગેલા છો શા કૌટુંબિક ભાવને !
ઐક્ય જાળવવાને તે કેવો ભાવ ધરેલ છે ! ૪

ત્યાગ, ઉદારતા, ભાવ ને પરિશ્રમ યોગ્ય જે,
પોતાનાં ને બધાં માટે ધારેલાં છે ચહી હૃદે. ૫

ભારે ઘણું ભણેલા છો છતાં કૈં અભિમાન તો
-તે પરત્વેનું સ્હેજેયે ધારેલું નથી અંતરે. ૬

તેજ થોડા સ્વભાવે શા ! છતાં શા મળતાવડા !
ગામડાના બધા લોક સાથે કેવા ભળી જતા ! ૭

શી ધરપતવાળો તો ભાયડો તે ખરેખરો !
સામે આવેલ કર્મોને ઉવેખે છે કદી ન તે. ૮

કેટલું વ્હાલ છૂટે છે અંતરમાંથી અંતરે,
ગાળો શી ભાંડી લેવાનું કદીક દિલ થાય છે ! ૯

ગાળો તો લખતાં કેવો અસભ્ય લાગી હું જઉં !
તેથી મૂંગો, મૂંગો, છાનો રહી, ભાંડી હું ગાળો લૌં. ૧૦

મારા જેવા પરે ભાવ ઉમળકાથી ધારીને,
સહકાર નવાજીને કેવો આપ્યા કરેલ છે ! ૧૧

બદલો વાળવા યોગ્ય મારી કને કશું ન છે,
જેવી તેવી ધરું છું આ સમર્પણાંજલિ પદે. ૧૨

- **મોટા**

હરિઃૐ આશ્રમ,
સુરત
તા. ૧૭-૨-૧૯૭૩

|| HARI OM ||

# EXPOSITION*

'Hari !' was the author's call one fine morning somewhere in last August, 'Can you get me some medicine to remedy this intense itching sensation ? And here is a verse: take down, translate it into English and send it to Rameshbhai.' Thus at that striking hour the first verse of this Karma-Upasana was handed over to me and thenceforth he continued crystallising these verses in his own mystic but ecstatic style.

About thirteen hundred couplets in *Anushtup* metre, under twelve suitable heads adorn this most useful book for every being who strives for a better perfection of his life. The reverend author had written **'Karma Gatha'** कर्मगाथा but in an entirely different situation as he himself says:

કર્મગાથા છપાઈ છે જુદા સંદર્ભમાં ખરે,
જ્યારે આનો જુદો બીજો હેતુ કોઈક ઓર છે. ૧૨-૩ : ૮

He means neither the effects of one's doings nor only the profession, while defining the word *'Karma';* he takes the word into a broadbased sense and attribute it to every activity of our day-to-day life. But he does not want us to indulge in our every act simply as a machine; but, with a thorough awareness of the motive behind it, because it is only motive that counts behind every activity.

The title **'कर्मउपासना'** is very significant as worshipping is for some concrete gain and here it is the elevation of human consciousness and an enhancement of *Bhav* (भाव) which is the prime necessity

* આ સ્વાધ્યાયનું ગુજરાતી ભાષાંતર આ લેખ પૂરો થયા પછી તરત જ મૂક્યું છે.

for one to spiritualise one's being. By adapting oneself to conscious activity, how one can achieve the goal, is the sole motive of this work :

ભાવથી કર્મનું માપ જણાશે આપમેળ તે,
પોતે સુધારી પોતાને, શકે એ રીત નિશ્ચયે. ૨-૨ : ૧૮

It is a truth universally acknowledged that every being from cradle to grave is endowed with some activity. Even this Nature around us is also actively busy with its own creation, procreation, deformation and destruction; thus it remains fully active. So the author apostle challenges that when no one is deprived of activity, then, why not accept it wholeheartedly; try to find out something superior behind the apparent motive by discharging it consciously.

To our author-apostle life is not an empty dream; it holds some meaning to him, that is, proclaiming the order of the Divine on earth; either directly or indirectly, infusing the ego-centric individuals into one Supreme Being. He argues, then, that even by worshipping the activity one can certainly strive for this goal.

So, let us, now peep into this realm as to what the author-apostle dresses for us in his compositions. At the outset he invokes the blessings of *Karma* by singing its importance and greatness in कर्ममाहात्म्य in a highly traditional way in three different metres, namely *Shikharini* शिखरिणी *Jhulana* झूलणा and *Vasantatilaka* वसंततिलका and this invokation gives us the glimpses of *Karma's* importance in our evolution.

Then in the first canto 'कर्म श्री' the presidential address takes place. Various facets of our activity are lucidly described :-

કર્મનું કેવું પ્રાધાન્ય બધાંના જીવને ઊંડું,
કર્મ વિનાનું તે કોઈ બેસી રહેતું ખાલી શું ? ૧-૧૫
રોટલો શો કમાવાય સાચો જીવનકર્મથી !
લક્ષ્મી શી કર્મને લીધે ! શક્તિ તે પણ કર્મથી. ૧-૧૬

'Activity is the theme of our life; nobody is devoid of it; even bread and shelter are earned by it and so are energy and power too'.

The second canto कर्मनी गति is divided into four suitable sub-titles to express it in a clear cut way. *Karma* is dynamic; it creates, procreates, imbibes, and carries forward one's nature in the cycle of birth. And this brought-forward nature again induces one to indulge in the same *KARMA,* as it had been done without any awareness or without our motive of evolution. This chain reaction is clearly described in the following lines :

સંસ્કાર, વૃત્તિ, વિચાર, ભાવ, તે કર્મ જ્યાં થતાં
-બધાં પોતે છતા થાય તોયે કર્મનું મૂળ ત્યાં,
મૂળે સંસ્કાર છો નિમ્ન, કિંતુ હેતુ જ તે વિશે
-ઉત્કટ બળનો જો હો, સંસ્કાર બદલાવશે.
જેવા પ્રકારનું ધ્યેય તેવો શો હેતુ તેમ છે !
મહાત્ત્વાકાંક્ષી તે ધ્યેય ઊર્ધ્વમાં ઊર્ધ્વ હોય છે,
એવો ત્યાં હેતુ પ્રત્યક્ષ વર્તાય આપમેળ તે ! ૨ : ૩૨-૩૩-૩૪

Unless the motive behind our every activity become active, the possibility of change of nature is nil as *Karma*, otherwise, acts as a dynamic equilibrium by creating new impacts of impressions and the same ones, carried forward, procreate the stereotype of *Karma* for further fortification. All that matters is but motive and *Bhav.* Here, the *Bhav* behind our acts is examined. Whatever may be the activity we are endowed with, the

motive which we want to activate is under our command and hence anything done forthwith can be so motivated. And better the motivation, greater is the amount of *Bhav* भाव which, again, is the criteria for spiritualisation. And, interchangingly, greater the *Bhav,* higher is our motive;

જે જે કર્મ થતાં હોયે ઊંડો તે હેતુ કર્મનો,
ભાવના તેવી ત્યાં રાખી ત્રણેનો મેળ સાધવો. ૨-૨ : ૧૫

It is also clearly described as to why the same activity done by different individuals brings different types of results, by projecting the same reason of motive and *Bhav* behind the actions :

એકનું એક હો કર્મ છતાં કર્મ થતી પળે,
વૃત્તિ કેવી રમે છે ત્યાં ઓછાવત્તાપણે જ જે,
ઓછાવત્તાપણાથી તે કર્મના પરિણામમાં
-ફેરફાર પડે કેવા દોહ્યલા સૂક્ષ્મ જાણવા. ૨-૩ : ૫-૬

And this motive and *Bhav* are so subtle that we are often perplexed at different results of the same activity.

Under the third canto कर्महेतु the stress is given solely on motive behind the whole scene. We may call these motivated acts as conscious-activity, for, these acts are consciously motivated.

An act done without any motive is barren in the words of the author-apostle as it is but then a mechanical process. And, when this motive is of evolution in life, *Guna* (गुण) and *Bhav* and energy flower out.

કર્મને હેતુના ભાવે ધ્યેયની સમજે થતાં,
ગુણ ને ભાવ ને શક્તિ કેવાં તે ખીલતાં જતાં ! ૩-૧ : ૧૧

But to interpolate this Divine Motive (Motive of Evolution) certain conditions are prescribed in the following few lines :

જેવો જીવનઆદર્શ ઇચ્છ્યું તે ઘડવું હૃદે,
તેવા આદર્શમાં અગ્નિ જો ભભૂકેલ હોય છે,
તો ત્યારે તે ગુણો, ભાવ, શક્તિ છતા થતાં જતાં,
ધ્યેય, ઉત્સાહ, ઉછાળો જેવો વર્તાય તેમ ત્યાં. ૩-૧ : ૧૩-૧૪

He, who aspires for this interpolation with a burning intensity, can alone beget the result with greater joy and a deep faith. And that is why conscious-activity is termed as *Sadhana* साधना too.

કર્મને સાધનારૂપે ગણી, જે કર્મને કરે,
અવતાર નવો એનો જન્માવે કર્મ નિશ્ચયે. ૩-૧ : ૩૬

Hence *Karma* is the fittest instrument for us to realise our aim :

કર્મ તો જીવને કેવું દિવ્ય સાધન જાણવું !
રખે ઉવેખતાં કર્મ, ભાવથી કર્મ સાધવું. ૩-૧ : ૪૦

There are then other qualifications and required aptitude to carry on this conscious-activity. These are faithfulness to aim, being active, quietude, orderliness, joy, happiness, incessant aspiration.

વફાદાર પૂરેપૂરાં એકનિષ્ઠ ખરેખરાં
-કર્મમાં, કર્મથી પૂર્ણ, કર્મથી તે રળે ખરાં,
બેઠાડુ, આળસુ, જેઓ યદ્વાતદ્વાપણે કરે,
કર્મ, તેવા કમાણી ના કોઈ રીતે કરી શકે. ૩-૨ : ૧-૨
વૈતરા પેઠ તો કર્મ કદી ના કરવું કશું,
એવું કર્મ ફળાવે શું ! ગધ્ધાવૈતરું જાણવું. ૩-૨ : ૧૧

'Feel not thou as if loaded with atrophied burden; how divine motive then can be won, making efforts but in vain'.

Again conscious-activity is a yardstick of our potentialities; one becomes conscious of it as he endeavours to manoeuvre the act :

કેટલું પાણી પોતામાં કર્મથી તે મપાય છે,
'કાબેલિયત કેવી છે', કર્મથી પરખાય તે.
આવડત તમારીનું કર્મથી ભાન થાય છે,
'કાચી કે પાકી બુદ્ધિ છે.' કર્મથી તે જણાય છે.
તમારી શક્તિનું માપ કાઢી શકાય કર્મથી,
મનની યોગ્યતા કેવી કર્મમાં ઓળખાય શી ! ૩-૩ : ૧૦-૧૧-૧૨

The fourth canto, कर्मरूप, consists of manifestation of Karma. Here Karma is described as Divine, as we are induced by it to accept and prepare for evolution of our consciousness; for, everything is dynamic and so is our life :

કર્મ તો વિશ્વનું રૂપ, કર્મસ્વરૂપ ઈશનું,
કર્મ વિના કશો ખેલ, શકે ઉદ્‌ભવી કેમ શું ? ૪-૧ : ૧૮

"Universe is consciously active and so is the Divinisation; how can then a result be got without a conscious-activity ?" As a result of conscious-activity, one accumulates soul-force चित्तशक्ति. One must analyse and demarcate every facet of this accepted *Karma* for a substantial gain. Awareness, joy, initiative, aptitude, deligence, faithfulness to divine-motive, are activated and inducted by this soul-force.

કર્મમાં જાગતો રહે જે કર્મમાં ચેતનાત્મક,
કર્મ તેનું બનાવે છે જીવન રચનાત્મક. ૪-૨ : ૧૪

ચેતનાશક્તિ પ્રેરાવે ઊંડી જીવનમાં સદા,
સંધાવે ચેતનાતાર કર્મ શા એકમેકમાં. ૪-૨ : ૨૯

When our acts are divinely motivated, then this conscious-activity is certainly a rewarding one.

કર્મમાં ભાન સંપૂર્ણ જેનું જીવન દિલ છે,
પ્રેરાવે કર્મ તેનામાં કર્મથી સૂઝ જીવને. ૪-૩ : ૧૦

શહૂર કર્મથી ખીલે, ખંત ઉદ્યમ શાં બઢે !
કર્મમાં પ્રાણ સંપૂર્ણ પ્રેરાતાં શક્તિ પાંગરે. ૪-૩ : ૧૨

આવડત બધી કર્મે યોગ્ય તે કરતાં જતાં
-ખીલતી કેવી તે રૂહે છે આવે અનુભવે તદા ! ૪-૩ : ૨૦

As one moves to the next canto-fifth one-कर्मभाव one finds how that ecstatic-emotion भाव gives a suitable initiative to perform this Karma and thus deepens itself as a promoter.

કર્મ પોતે જ કોઈને આપતું, લઈ લેતું છે,
ભાવના, વૃત્તિ, જેવાં છે કર્મે, સ્વરૂપ કર્મ તે.
દેખીતું નરસું કર્મ, ભાવના હેતુ શ્રેષ્ઠ છે,
ઉચ્ચ પ્રકારનું યોગ્ય તો પરિણામ નીપજે. ૫-૧ : ૨૨-૨૩

So, conscious-activity implicitly becomes a penance.

કર્મમાં યજ્ઞનો ભાવ તેથી સંપૂર્ણ જીવતો
-રાખી રાખી કરે કર્મ, કર્મ એને ફળાવતું. ૫-૨ : ૬

And penance is to develop devotion भक्ति and Jnana ज्ञान which are also the rewards of this Karma :

કર્મથી ભક્તિ ને જ્ઞાન સાકાર જીવને થતા,
તેથી તો કર્મનો યજ્ઞ અનુભવી પ્રમાણતા. ૫-૨ : ૭

It is conceived that penance यज्ञ is an aspect of the divine and so, is the conscious activity too.

'કર્મમાં યજ્ઞ ને યજ્ઞે વસેલો પ્રભુ'તો રહ્યું
-કર્મનું હાર્દ, તેથી તો પ્રભુનું તત્ત્વ જાણવું. ૫-૨ : ૮

While discussing the importance of Bhav, the consciousness of motive is examined. As our activity is

a result of our imbedded nature, *Karma* and this nature are coupled and when we accept this *Karma* for evolution of our life, it must be detached from its moorings to bring forth a higher nature of divinisation. This Divine motive then becomes our soul-force :

જ્ઞાનપૂર્વક હેતુથી થતાં જતાં જ કર્મ તે,
સ્વભાવ મૂળનો જે છે સુધર્યા વિણ રહે ન તે. ૫-૩ : ૩

કર્મમાં ભાવ સંપૂર્ણ, દૃઢાતાં ચેતનાત્મક,
પ્રકૃતિનું પૂરેપૂરું થાય ત્યાં શું રૂપાંતર ! ૫-૩ : ૧૨

The conscious-activity thus makes us fully aware of our status, giving us the complete detail of our present standard. It examines our motive and drives us for betterment as we progress in it :

કેટકેટલી રીતે તો કર્મ જીવન તારવા,
કેવું તારવવા યોગ્ય, ઘડાય કર્મથી બધાં. ૫-૫ : ૧

Coming to the sixth canto, कर्मप्रभाव, we come across some of the significant impacts of this conscious-activity upon our life.

ભાવ જીવનમાં યોગ્ય કર્મથી કેળવાય છે,
કર્મનો હેતુ જીવંતો અંતરે પ્રગટેલ છે,
જ્ઞાન તો કેળવવાને કર્મનો મુખ્ય હેતુ છે,
પરંતુ કોણ એ રીતે પ્રીછતું દિલ કર્મને ! ૬-૧ : ૮-૯

The significance of acceptance of endowed *Karma* is also stressed as it is a Divine fragment. And so to turn a honest penny out of it, we must do it with that Divine-motive.

આપણે ઇચ્છીએ તેવાં કર્મ સૌ મળતાં નથી,
મળેલાં કર્મમાં તેથી શ્રેયવૃત્તિ દૃઢાવવી. ૬-૨ : ૬

To dedicate devotionally, unattached to the result

of any of our activities is the stressed importance of our inherited tradition to divinise the self. Thus our *Karma* should also be dedicated to one ulterior divine motive.

ભોગવવાર્થ ના કર્મ સાધવા હેતુ કર્મ છે,
જીવન ફળવા માટે, કર્મ સાધન રૂપ છે.
આહુતિ ભાવનાનીથી ત્યાગ સમર્પણાદિથી
-ચાલતો સર્વ સંસાર કેવો અનાદિકાળથી ! ૬-૨ : ૭-૯

The qualities of one who can consciously swim across this stream is finely described in the following lines of this chapter :

જુવાની જેની સંપૂર્ણ થનગનતી જીવને,
થવા જૌહર તૈયારી, ધગધગતી જેની છે,
આત્મસમર્પણે જેનો ઉત્સાહ મસ્ત ઊછળે !
તે કર્મયોગને માત્ર પાત્ર શાં જીવને જ છે ! ૬-૩ : ૮-૯

'He, who is restless with youthful bloom, who is intensely ready to struggle with, who is ecstatically devotional, is alone the fittest vessel of the first order'.

The seventh canto is of कर्मगाथा. Here, it is explained as to how one should prepare to overcome this surmountable obstacle-a divine impediment by a thorough analysis and examination of ways and means to struggle out successfully. How one should become aware of *Karma's* importance in our evolution of life, how the *Karma* initiates divine qualities like sacrifice, awareness, orderliness, dedication, joy, happiness, faithfulness, buoyance, quietude etc. In the meanwhile, how one should ascertain the requirements of accepted *Karma,* to analyse its various aspects, its motive, motive behind our activation are fully and extensively described and finally evaluated in this canto.

કર્મને એક બાજુથી ઘટે ના જોવું આપણે,
લક્ષણો, ક્ષેત્ર ને દિશા હેતુ સાથે વિચારજે. ૭-૧ : ૨

કર્મનું મૂળ તો આશા કામના, તે બહુવિધ,
થશે જો ત્યાગ તેનો તો સ્વભાવે કર્મ ના થતાં. ૭-૧ : ૮

સંસ્કારોનાં પ્રવર્તાયાં વર્તીશું જો ન આપણે,
થશે તો જોર તેઓનું ઓછું ને ઓછું એમ તે. ૭-૧ : ૧૦

કર્મે અહં પ્રવર્તે છે તેમાં ભાવ ન સ્ફુરશે,
ઊલટાં કર્મમાં તેથી રાગદ્વેષ વધ્યે જશે. ૭-૨ : ૨

શુદ્ધિનો સર્વ આધાર બુદ્ધિની સમતા પરે,
તેથી સૌ કર્મમાં બુદ્ધિ સ્થિર ધીર તું રાખજે. ૭-૨ : ૮

માર્ગમાં ઠોકરો જે જે મળે, એને સ્વીકારતાં,
ચૂમે જો પ્રેમભાવે તો જન્મશે ભાવ કર્મમાં,
જેઓ જેઓ કશું પામ્યાં, તેમને સર્વને જગે,
કૈં કૈં નડ્યા કરેલું છે, હઠંતાં ના, મળ્યું જ છે. ૭-૨ : ૧૫-૧૬

હેતુથી જો કદી ઊંધું વેતરાતું કશું દીસે,
ચોંકીને ચેતવું ત્યાં તો પ્રેરીને લક્ષ અંતરે. ૭-૪ : ૪

પૂરેપૂરી કદી જો ના તેમાંયે સૂઝ કૈં પડે,
તોયે ના છોડી દેવું તે આવેલું હોય કાર્ય જે. ૭-૫ : ૩

જ્યારે તાટસ્થ્ય પોતાનું જીવને વર્તતું થશે,
પોતાને જાણશે તેવાં, બીજાંને જાણશેય તે. ૭-૬ : ૧

The eighth canto कर्मसाधना divided into eleven sub-titles projects the evaluated result and explains us the necessary factors to undertake Sadhana साधना, the importance of Divine motive, the burning intensity of aspiration, the heartfelt dedication of the conscious-activity, the importance of balanced thoughts, the transformation of imbedded nature, *Karma* as a field of

experiment, the awareness behind acts and Karma as an occasion निमित्त-all these aspects are elaborated and discussed extensively in this chapter.

The ninth canto deals exclusively with the execution of *Karma*; how it is dealt with in day-to-day life; its importance, the significance of detached attachment in the process of execution without any preconceived norms or notions, fully, ever open to the fresh impacts of thoughts and emotions, a proportionate balance, with a sense of joy, aspiration for higherlife, elevation of motive, the significance of *Bhav* and *Karma*, faithfulness towards goal and ultimately a heart-felt dedication of our conscious-activity at the feet of the Divine.

ડો'ળાઈ ના જવું ક્યાંયે પોતે સ્થિર રહ્યા કરી,
રહી અંતર્મુખ જોવાં કર્મનાં મૂળ ચિત્તથી. ૯-૧ : ૭

'ભેંસનાં શિંગડાં ભારે ભેંસને' મન ધારી તે,
આપણે આપણા કામે લગાડી ચિત્ત રાખવું. ૯-૧ : ૧૪

આવી પડેલ જે ના હો માથું ત્યાં નવ મારવું,
ભેળવાઈ જવું ના ત્યાં મમત્વ રાખીને કશું. ૯-૨ : ૬

શુદ્ધ સાત્ત્વિક તો ભાવ કેળવાયેલ આપણો
-થયો હોતો નથી પૂરો, ઘટે ચેતવું તેથી તો. ૯-૨ : ૯

નકામી ચીડ કો વાતે આપણે કરવી નહિ,
ઘટી જાશે વળી જોર આપણું કર્મમાંથી તો. ૯-૩ : ૩

આપણે આપણું જોયા કરવું એક ધ્યેયથી,
જિજ્ઞાસા પ્રેમભાવેથી વધાર્યા કરવી ચહી. ૯-૩ : ૧૩

કશી કોઈ વિશે ચિંતા કશામાં રાખવાની ના,
હશે જેવું થવું જેને ભલે તેવું થયા કરે. ૯-૪ : ૩

આવી પડે પથે જે જે આકસ્મિક રીતે નવું,
વિચાર્યા વિણ આવેલું મોકલેલું ઈશે ગણો. ૯-૪ : ૯

This *Karma-yoga* is of high motive and this is substantiated in the next canto, लोकोत्तरकर्म. How this science of *Karma* is useful in elevation of human consciousness is the theme of this undivided canto.

The eleventh canto is totally dedicated to stress the inter-relation of and intreaction betwen *Bhav* and *Karma* under caption : भावकर्मः

ગમે તેવું ભલે કર્મ કિંતુ જે ભાવે તે વિશે
-ભાવ યોગ્ય પરિણામ જીવને સાંપડ્યા જશે. ૧૧-૧ : ૨

All that counts is *Bhav* in the conscious-activity as the bearing of result is on it, Again,

કર્મનિષ્ઠા થતાં પૂર્ણ ભાવ સળંગતા થતાં,
ભાવનિષ્ઠા પરિપક્વ જીવને થતી જાય છે. ૧૧-૧ : ૮

'As one becomes more conscious and aware of his motive while being indulged in action, the continuity of *Bhav* results and out of which one becomes ready for divinisation.' How the process of these interactions paves the path for divinisation is the implicit significance of this canto.

The last & final canto कृपा कर्म is full of personal episodes, experiences and the occasion under which the author-apostle was compelled to intuit these verses. Also the humility, humbleness, love for his followers, are felt explicitly over flowing in some of the intermingling verses.

યોગ્ય જો કૈં લખાયું હો કૃપા કૌશલ્ય સર્વ તે,
મારું જો કાંઈ તેમાં હો, જે જે અયોગ્ય સર્વ તે. ૧૨-૧ : ૨૨

સદ્‌ભાવી સજ્જનો જે છે તેમને મુજ પ્રાર્થના,
‘ગ્રહી સાર, નકામાં જે ફેંકી દેજો જ ફોતરાં’. ૧૨-૧ : ૧૧

Regarding the style, there are a few aspects which are noteworthy. The reverend author has been incessantly informing his literary friends that he would like to communicate whatever he had even to an ordinary being.

To effect this, the language is very lucid, easy and sometimes even colloquial words are used. He does not want to see his works adorning only the show-cases of the intelligentsia; but even in the hands of an ordinary being. As we have been going through some typical couplets, we are assured that the construction is very simple and effective. Even the words of other language commonly used in Gujarati, are also freely adopted by the author-apostle to prove its communicative worth.

બૅટરીને થતાં ખાલી ફરીથી ભરવી પડે,
ક્રિયા તે ભરવા એવી સાધના જાણવી હૃદે. ૮-૨ : ૧૯

At the same time the author-apostle proves himself to be progressive in his ideas.

And similes and examples to prove certain abstract ideas, principles, actions are suitable and very effective.

કાંટો ખૂંચે પગે જેમ વધુ ને વધુ જોરથી,
તેમ તે કાઢવા ઇચ્છા થાય છે મનને નકી,
સ્વભાવ ખૂંચશે તેવો જ્યારે સાધકને હૃદે,
આણી ઉકેલ તે વેળા શકે પોતાની મેળ તે. ૮-૩ : ૫-૬

No doubt we come across repetitions of ideas and constructions; but this is well judged in the following lines of Sri Aurobindo. ‘In mystic poetry

repetition it not objectionable. This does not weaken the poem, il gives it a singular power and beauty...

The construction, ideas and usage give an atmosphere, a significant structure, a sort of psychological frame, an architecture. The object here is not to amuse or entertain but the self expression of inner truth, a seeing of things and ideas not familiar to common mind; a bringing out an inner experience... Moreover, the object is not only to present secret truth in its true form and true vision but to drive it home by finding of the true word, true phrase, the true image or symbol if possible the inevitable word; if that is there, nothing else, repetitions included, matters much... He does not himself deliberately choose or arrange word and rythm but only sees it in very act of inspiration. He does not set about correcting it by any intellectual method but waits for the true thing to come in its place. He cannot always account to the logical intellect for what he has done; he feels or intuits, and reader or critic has to do the same.'

(Letters of Sri Aurobindo - Third series P. 45-49)

Before I wind up, I would like to add a few words regarding the scientific approach of this *Karma-Upasana*. Bearing in mind the modern trend of human approach, the author-apostle has logically proved certain happening of higher strata of human consciousness in cold words of human communication.

માત્ર જે કોઈ સંસારી નિમિત્ત કર્મ સ્થૂળ છે,
શ્રેયાર્થી હોય તેવાને કર્મ છે સ્થૂળ, સૂક્ષ્મ તે,
ને અનુભવી જે માત્ર કારણનું નિમિત્ત છે,
કારણમાંહી આકાશતત્ત્વ તે મોખરે જ છે.

અનંતાનંત આકાશ મર્યાદાતીત તે ખરે,
તેથી અનુભવી જ્યાં ત્યાં વિચરતો જ કારણે.
આકાશ કારણે તેવો કાળાતીત, સ્થળાતીત,
દ્વંદ્વાતીત, ગુણાતીત, ભૂમિકાતીત, ચેતન.

૧૧-૨ : ૨૧-૨૨-૨૩-૨૪

And here again the author-apostle proves his superiority. With my profound regards at the feet of my Beloved Sri, I welcome the reader to taste this sublime food for human endeavour.

Hari Om Asharam,
Kumbakonam. **Hari H. Mehta**
(Tamil Nadu), Feb. 1973

# વિવરણ*

‘હરિ !’

ગયા ઑગસ્ટની એક સુંદર સવારે પૂજ્ય શ્રીમોટાએ બૂમ મારી. ‘આ તીવ્ર ખંજવાળની કોઈ દવા તું મને લાવી દઈશ ? અને જો, આ એક પદબંધ છે. લખી લે અને અંગ્રેજીમાં તેનું ભાષાંતર કરી રમેશભાઈને મોકલી આપ.’

આમ, **‘કર્મઉપાસના’**નો પહેલો પદબંધ તે ધન્ય ક્ષણે ઊતરી આવ્યો. અને પછી તો એમની તન્મયાવસ્થામાં પોતાની આગવી રહસ્યમય શૈલીમાં એ બધા શ્લોકો રચાવા લાગ્યા.

જીવનવિકાસાર્થે મથતા કોઈ પણ સામાન્યજનને ઉપયોગી, અનુષ્ટુપ છંદમાં લખાયેલા લગભગ તેરસો જેટલા શ્લોકો, બાર જેટલા યોગ્ય શીર્ષક હેઠળ, આ ગ્રંથને શોભાવે છે. પૂજ્ય શ્રીમોટાએ **‘કર્મગાથા’** નામનું આવું જ બીજું પુસ્તક લખેલું છે, પરંતુ તે તદ્દન જુદા જ સંદર્ભમાં છે. તેઓ પોતે જ કહે છે :-

*કર્મગાથા છપાઈ છે જુદા સંદર્ભમાં ખરે,*
*જ્યારે આનો જુદો બીજો હેતુ કોઈક ઓર છે. ૧૨-૩ : ૮*

‘કર્મ’ શબ્દમાં કર્મફળ કે વ્યાવસાયિક પ્રવૃત્તિઓ એવો જ માત્ર અર્થ કર્તાને અભિપ્રેત નથી. તેઓશ્રી તો ‘કર્મ’ શબ્દને વ્યાપક અર્થમાં દૈનિક જીવનની દરેક પ્રવૃત્તિને લાગુ પાડે છે. તેઓ ઇચ્છે છે કે આપણા દરેક કાર્યમાં આપણે યાંત્રિક રીતે નહિ પરંતુ હેતુની સંપૂર્ણ સભાનતા સાથે પરોવાઈએ, કારણ કે દરેક કર્મને તેના હેતુ દ્વારા જ મૂલવી શકાય છે.

ઉપાસના કોઈ નક્કર પ્રાપ્તિ માટે જ હોય. એટલે **કર્મઉપાસના** શીર્ષક અત્યંત સૂચક છે. અને અહીંયાં તો સત્ત્વના આત્મિક વિકાસ

* **શ્રી હરિ એચ. મહેતા**ના અંગ્રેજી લેખ ‘Exposition’નું **પ્રા. ઈંદુકુમાર દેસાઈ**એ કરેલું ગુજરાતી ભાષાંતર.

માટે માનવચેતનાનું ઉત્થાન અને ભાવની ભરતી એ પરમ આવશ્યકતા છે. પોતાની જાતને સભાન પ્રવૃત્તિ સાથે બંધબેસતી કરી ધ્યેયપ્રાપ્તિ કરવી એ આ પુસ્તકનો એકમાત્ર હેતુ છે :-

*ભાવથી કર્મનું માપ જણાશે આપમેળ તે,*
*પોતે સુધારી પોતાને, શકે એ રીત નિશ્ચયે. ૨-૨ : ૧૮*

દરેક વ્યક્તિ જન્મથી મૃત્યુ પર્યંત કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં ગૂંથાયેલી છે. એ સાર્વત્રિક રીતે સ્વીકૃત સત્ય છે. આપણી આસપાસની કુદરત પણ પોતાનાં સર્જન, પ્રજનન, વિકૃતિ અને સંહારમાં સક્રિય રીતે પરોવાયેલી છે. આમ, એ સતત પ્રવૃત્ત છે. કોઈ પણ વ્યક્તિ કર્મથી વિચ્છિન્ન નથી. તો શા માટે કર્મનો હૃદયથી સંપૂર્ણ સ્વીકાર ન કરવો? એવો પડકાર વંદનીય રચયિતા આપે છે અને કહે છે કે એ કર્મોને સભાનતાપૂર્વક આચરવા બહિર્હેતુની પાછળની ઊર્ધ્વભૂમિકા શોધવાનો પ્રયત્ન કરો.

પૂજ્ય શ્રીમોટાની દૃષ્ટિએ જીવન એ ખાલી સ્વપ્ન નથી. જીવન અર્થયુક્ત છે. જીવન એ તો પૃથ્વી ઉપરના દૈવીશાસનની ઘોષણા છે. એ તો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અહમ્ કેંદ્રિત વ્યક્તિઓને પરમ તત્ત્વ તરફ પ્રેરવા માટે છે. પ્રભુપ્રીત્યર્થે કર્મ કરીને એ ધ્યેયને હાંસલ કરી શકાય એવો એમનો મત છે.

આ પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટા આપણને શું સંબોધે છે, તે માટે વિષયમાં સહેજ ડોકિયું કરીએ. પ્રારંભમાં જ **'કર્મમાહાત્મ્ય'** નામના ખંડમાં ઉચ્ચ પ્રણાલી અનુસાર શિખરિણી, ઝૂલણા અને વસંતતિલકાના વિવિધ છંદમાં કર્મનાં મહત્ત્વ અને ઐશ્વર્યનું ગાન કરી, પ્રભુના આશીર્વાદ માટે લેખક પ્રાર્થના કરે છે અને આ પ્રાર્થના આપણી ઉત્ક્રાંતિમાં કર્મના પ્રભાવ વિશેના પ્રકાશની ઝાંખી કરાવે છે.

પ્રથમ સર્ગ **'કર્મશ્રી'**માં અધિષ્ઠાતાનું સંબોધન થાય છે. આપણાં કર્મના વિવિધ પાસાં વિશદતાથી વર્ણવાયાં છે.

*કર્મનું કેવું પ્રાધાન્ય બધાંના જીવને ઊંડું,*
*કર્મ વિનાનું તે કોઈ બેસી રહેતું ખાલી શું ? ૧-૧૫*
*રોટલો શો કમાવાય સાચો જીવનકર્મથી !*
*લક્ષ્મી શી કર્મને લીધે ! શક્તિ તે પણ કર્મથી. ૧-૧૬*

સ્પષ્ટ અભિવ્યક્તિ માટે દ્વિતીય કાંડ **'કર્મની ગતિ'** તેના ચાર અનુરૂપ પેટા-શીર્ષકમાં વિભાજિત છે. કર્મ એ ગતિશીલ છે. તે સર્જન કરે છે, પ્રજનન કરે છે, ગ્રહણ કરે છે અને સ્વપ્રકૃતિને ભવચક્રમાં દોરી જાય છે. સભાનતાવિણ કે વિકાસના હેતુસહિત કર્મો કરવામાં આવ્યાં હોય તે અનુસાર વ્યક્ત-પ્રકૃતિ પુનઃ વ્યક્તિને કર્મમાં પ્રવૃત્ત કરે છે. નીચેની પંક્તિઓમાં આ પ્રતિક્રિયાની શૃંખલા સ્પષ્ટ દર્શાવાઈ છે.

*સંસ્કાર, વૃત્તિ, વિચાર, ભાવ, તે કર્મ જ્યાં થતાં*
*-બધાં પોતે છતા થાય તોયે કર્મનું મૂળ ત્યાં,*
*મૂળે સંસ્કાર છો નિમ્ન, કિંતુ હેતુ જ તે વિશે*
*-ઉત્કટ બળનો જો હો, સંસ્કાર બદલાવશે.*
*જેવા પ્રકારનું ધ્યેય તેવો શો હેતુ તેમ છે !*
*મહત્ત્વાકાંક્ષી તે ધ્યેય ઊર્ધ્વમાં ઊર્ધ્વ હોય છે,*
*એવો ત્યાં હેતુ પ્રત્યક્ષ વર્તાયે આપમેળ તે ! ૨ : ૩૨-૩૩-૩૪*

આપણા દરેક કર્મ પાછળનો હેતુ સક્રિય ન બને ત્યાં સુધી પ્રકૃતિનું રૂપાંતર શક્ય નથી, કારણ કે હેતુની સક્રિયતા વિના કર્મ સંસ્કારોની નવી અસરો પેદા કરીને ગતિશીલ સમતુલા તરીકે કામ કરે છે. અને એ સંસ્કારો ઉદયવર્તમાન થતાં નવાં બીબાંઢાળ કર્મબંધનો ઉત્પન્ન કરે છે. માટે, હેતુ અને ભાવ જ મહત્ત્વના છે. અહીં કર્મ પાછળના ભાવનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. પ્રાપ્ત કર્મ ગમે તે હોય પરંતુ આપણે જે હેતુને સક્રિય બનાવવાનો છે, તે આપણા અંકુશ નીચે છે. તેથી, જે કાંઈ થાય છે તે હેતુપુરઃસર થાય છે. હેતુ જેમ ઉચ્ચતર તેમ ભાવ વધુ ઉત્કૃષ્ટ અને એ જ દિવ્યતાનો સાચો માપદંડ બની રહે છે. એનાથી ઊલટું પણ સાચું કે જેમ ભાવ વધુ તેજસ્વી તેમ હેતુ વધુ ઉન્નત.

*જે જે કર્મ થતાં હોયે ઊંડો તે હેતુ કર્મનો,*
*ભાવના તેવી ત્યાં રાખી ત્રણેનો મેળ સાધવો. ૨-૨ : ૧૫*

કર્મ પાછળના ભાવ અને હેતુનું એનું એ કારણ આગળ કરીને વિવિધ વ્યક્તિ દ્વારા થતી એક જ પ્રવૃત્તિ શા માટે વિવિધ પરિણામ સર્જાવે છે, તે પણ સ્પષ્ટ રીતે સમજાવાયું છે.

*એકનું એક હો કર્મ છતાં કર્મ થતી પળે,*
*વૃત્તિ કેવી રમે છે ત્યાં ઓછાવત્તાપણે જ જે,*
*ઓછાવત્તાપણાથી તે કર્મના પરિણામમાં*
*-ફેરફાર પડે કેવા દોહ્યલા સૂક્ષ્મ જાણવા. ૨-૩ : ૫-૬*

આ હેતુ અને ભાવ એટલા તો સૂક્ષ્મ છે કે એક જ કર્મ વિવિધ પરિણામ સર્જાવે છે, ત્યારે આપણે વારંવાર ગૂંચવાઈ જઈએ છીએ.

**'કર્મ હેતુ'** નામના ત્રીજા સર્ગમાં સમગ્ર ખેલ પાછળ માત્ર હેતુ ઉપર જ ભાર મૂકવામાં આવ્યો છે. આ હેતુપૂરઃસરના કર્મને આપણે સભાનકર્મ કહીએ છીએ, કારણ કે તે કર્મો સભાન રીતે હેતુપૂર્ણ બન્યાં હોય છે.

પૂજ્ય શ્રીમોટાના શબ્દોમાં તો હેતુ વિનાનું કર્મ વંધ્ય છે, કારણ કે તે માત્ર યાંત્રિક પ્રક્રિયા બની જાય છે. જ્યારે આ હેતુ જીવનવિકાસનો હોય છે ત્યારે 'ગુણ' અને 'ભાવ' ખીલી ઊઠે છે.

*કર્મને હેતુના ભાવે ધ્યેયની સમજે થતાં,*
*ગુણ ને ભાવ ને શક્તિ કેવાં તે ખીલતાં જતાં ! ૩-૧ : ૧૧*

પરંતુ વિકાસના દિવ્ય હેતુને કર્મમાં આરોપવા માટે કેટલીક શરતો નીચેની પંક્તિઓ દ્વારા બતાવવામાં આવી છે.

*જેવો જીવનઆદર્શ ઈચ્છ્યું તે ઘડવું હદે,*
*તેવા આદર્શમાં અગ્નિ જો ભભૂકેલ હોય છે,*
*તો ત્યારે તે ગુણો, ભાવ, શક્તિ છતા થતાં જતાં,*
*ધ્યેય, ઉત્સાહ, ઉછાળો જેવો વર્તાય તેમ ત્યાં. ૩-૧ : ૧૩-૧૪*

ભભૂકતી તીવ્રતા સાથે જે આ પ્રકારના ક્ષેપકની આકાંક્ષા રાખે તે જ માત્ર ઊર્ધ્વ આનંદ અને ઊંડી શ્રદ્ધા સાથે પરિણામ જન્માવી શકે. એટલે જ હેતુની સભાનતાવાળા કર્મને સાધના પણ કહે છે.

*કર્મને સાધનારૂપે ગણી, જે કર્મને કરે,*
*અવતાર નવો એનો જન્માવે કર્મ નિશ્ચયે. ૩-૧ : ૩૯*

આથી જ આપણા ધ્યેયની પ્રાપ્તિ માટે કર્મ એ જ સૌથી ઉચિત સાધન છે.

*કર્મ તો જીવને કેવું દિવ્ય સાધન જાણવું !*
*રખે ઉવેખતાં કર્મ, ભાવથી કર્મ સાધવું. ૩-૧ : ૪૦*

એટલે હવે હેતુની સભાનતાપૂર્વક કર્મ આચરવા માટે આવી કેટલીક લાયકાતો અને જરૂરી અભિયોગ્યતાઓ છે. તેમાં ધ્યેય પ્રત્યેની વફાદારી, સક્રિયતા, સ્વસ્થતા, વ્યવસ્થિતતા, ઉલ્લાસ, પરમ સંતોષ, અવિરત અભીપ્સા વગેરેનો સમાવેશ થાય છે.

*વફાદાર પૂરેપૂરાં એકનિષ્ઠ ખરેખરાં*
*-કર્મમાં, કર્મથી પૂર્ણ, કર્મથી તે રળે ખરાં,*
*બેઠાડુ, આળસુ, જેઓ યદ્વાતદ્વાપણે કરે,*
*કર્મ, તેવા કમાણી ના કોઈ રીતે કરી શકે. ૩-૨ : ૧-૨*
*વૈતરા પેઠ તો કર્મ કદી ના કરવું કશું,*
*એવું કર્મ ફળાવે શું ? ગધ્ધાવૈતરું જાણવું. ૩-૨ : ૧૧*

પુનઃ સભાનતાપૂર્વકનું કર્મ એ આપણી સુષુપ્ત શક્તિઓનો માપદંડ બને છે, કારણ કે જ્યારે વ્યક્તિ કર્મનો વ્યૂહ રચવાની કોશિશ કરે ત્યારે તેના વિશે સજાગ બને છે :-

*કેટલું પાણી પોતામાં કર્મથી તે મપાય છે,*
*'કાબેલિયત કેવી છે !', કર્મથી પરખાય તે.*
*આવડત તમારીનું કર્મથી ભાન થાય છે,*
*'કાચી કે પાકી બુદ્ધિ છે.' કર્મથી તે જણાય છે.*

*તમારી શક્તિનું માપ કાઢી શકાય કર્મથી,*
*મનની યોગ્યતા કેવી કર્મમાં ઓળખાય શી ! ૩-૩ : ૧૦-૧૧-૧૨*

ચોથો સર્ગ છે **'કર્મ રૂપ'**. આપણે આપણી ચેતનાના વિકાસનું કર્મ સ્વીકાર્યું છે અને તેને માટે તૈયાર થઈએ છીએ, એટલે કર્મને દિવ્ય તરીકે વર્ણવવામાં આવ્યું છે, કારણ કે દરેક વસ્તુ અહીં વિકાસશીલ છે, એ જ પ્રમાણે આપણું જીવન પણ :-

*કર્મ તો વિશ્વનું રૂપ, કર્મસ્વરૂપ ઈશનું,*
*કર્મ વિના કશો ખેલ, શકે ઉદ્‌ભવી કેમ શું ? ૪-૧ : ૧૮*

દરેકે મૂર્તિમંત લાભ માટે પ્રાપ્ત કર્મના દરેક પાસાનું પૃથક્કરણ કરી તેનું સીમાબંધન કરવું જોઈએ અને આ આત્મબળ દ્વારા જાગૃતિ, ઉલ્લાસ, પ્રારંભશક્તિ, અભિયોગ્યતા, ખંત, દૈવી હેતુ પ્રત્યેની વફાદારી વગેરે સક્રિય બને છે અને વ્યક્તિમાં પ્રવેશ પામે છે.

*કર્મમાં જાગતો રહે જે કર્મમાં ચેતનાત્મક,*
*કર્મ તેનું બનાવે છે જીવન રચનાત્મક. ૪-૨ : ૧૪*

*ચેતનાશક્તિ પ્રેરાવે ઊંડી જીવનમાં સદા,*
*સંધાવે ચેતનાતાર કર્મ શા એકમેકમાં ! ૪-૨ : ૨૯*

જ્યારે આપણાં કર્મો દિવ્ય હેતુવાળાં બને છે ત્યારે સભાનતા-પૂર્વકનાં કર્મો અવશ્ય ફળદાયી નીવડે છે.

*કર્મમાં ભાન સંપૂર્ણ જેનું જીવન દિલ છે,*
*પ્રેરાવે કર્મ તેનામાં કર્મથી સૂઝ જીવને. ૪-૩ : ૧૦*

*શહૂર કર્મથી ખીલે, ખંત, ઉદ્યમ શાં બઢે !*
*કર્મમાં પ્રાણ સંપૂર્ણ પ્રેરાતાં શક્તિ પાંગરે. ૪-૩ : ૧૨*

*આવડત બધી કર્મે યોગ્ય તે કરતાં જતાં*
*-ખીલતી કેવી તે રહે છે આવે અનુભવે તદા ! ૪-૩ : ૨૦*

આવા હેતુની સભાનતાવાળાં કર્મો આચરવા 'ભાવ' કેવી રીતે પ્રારંભ કરાવે છે અને પોતે એવાં કર્મોના યોજક તરીકે કેવી સઘનરીતે પ્રતિષ્ઠિત થાય છે - તે પાંચમા સર્ગ **'કર્મ ભાવ'**માં વર્ણવવામાં આવ્યું છે.

*કર્મ પોતે જ કોઈને આપતું, લઈ લેતું છે,*
*ભાવના, વૃત્તિ જેવાં છે કર્મે, સ્વરૂપ કર્મ તે.*
*દેખીતું નરસું કર્મ, ભાવના હેતુ શ્રેષ્ઠ છે,*
*ઉચ્ચ પ્રકારનું યોગ્ય તો પરિણામ નીપજે. ૫-૧ : ૨૨-૨૩*

આમ, હેતુની સભાનતાવાળાં કર્મ એ ગર્ભિત રીતે તપશ્ચર્યા બની જાય છે.

*કર્મમાં યજ્ઞનો ભાવ તેથી સંપૂર્ણ જીવતો*
*-રાખી રાખી કરે કર્મ, કર્મ એને ફળાવતું. ૫-૨ : ૬*

અને એ તપશ્ચર્યા, ભક્તિ અને જ્ઞાનને વિકસાવે છે અને તે આ કર્મનું જ ફળ છે.

*કર્મથી ભક્તિ ને જ્ઞાન સાકાર જીવને થતા,*
*તેથી તો કર્મનો યજ્ઞ, અનુભવી પ્રમાણતા. ૫-૨ : ૭*

તપશ્ચર્યા એ દિવ્યતાનું જ રૂપ છે અને હેતુની સભાનતાવાળાં કર્મનું પણ એવું જ છે.

*'કર્મમાં યજ્ઞ ને યજ્ઞે વસેલા પ્રભુ'તો રહ્યું*
*-કર્મનું હાર્દ તેથી તો પ્રભુનું તત્ત્વ જાણવું. ૫-૨ : ૯*

ભાવની મહત્તા ચર્ચતાં હેતુની સભાનતાને પણ તપાસવામાં આવી છે. આપણાં કર્મ એ આપણી અંતર્ગત પ્રકૃતિનું પરિણામ છે. એટલે કર્મ અને પ્રકૃતિનું સાયુજ્ય સધાય છે. અને જ્યારે આપણે એ કર્મને જીવનવિકાસાર્થે સ્વીકારીએ ત્યારે ઊર્ધ્વ દૈવી પ્રકૃતિના પ્રાગટ્ય માટે તેના મૂલાધારમાંથી જ તેનો વિચ્છેદ કરવો જોઈએ. ત્યારે આ અપાર્થિવ હેતુ એ આપણું આત્મબળ બની રહે છે.

*જ્ઞાનપૂર્વક હેતુથી થતાં જતાં જ કર્મ તે,*
*સ્વભાવ મૂળનો જે છે સુધર્યા વિણ રહે ન તે. ૫-૩ : ૩*
*કર્મમાં ભાવ સંપૂર્ણ દઢાતાં ચેતનાત્મક,*
*પ્રકૃતિનું પૂરેપૂરું થાય ત્યાં શું રૂપાંતર ! ૫-૩ : ૧૨*

આમ, હેતુની સભાનતાવાળું કર્મ આપણું સંપૂર્ણ વિગતપૂર્ણ માપન કરતાં કરતાં આપણી સ્થિતિનું ભાન કરાવે છે. તે આપણા હેતુનું પરીક્ષણ કરે છે અને આપણે જેમ જેમ એમાં વિકાસ કરતા જઈએ તેમ તેમ ઊર્ધ્વ ભૂમિકા તરફ ખેંચી જાય છે.

*કેટકેટલી રીતે તો કર્મ, જીવન તારવા,*
*કેવું તારવવા યોગ્ય, ઘડાય કર્મથી બધાં.* ૫-૫ : ૧

છઠ્ઠા સર્ગ ઉપર આવતાં હેતુની સભાનતાવાળાં કર્મની આપણા જીવન ઉપર થતી લાક્ષણિક અસરો વર્ણવવામાં આવી છે.

*ભાવ જીવનમાં યોગ્ય કર્મથી કેળવાય છે,*
*કર્મનો હેતુ જીવંતો અંતરે પ્રગટેલ છે,*
*જ્ઞાન તો કેળવવાને કર્મનો મુખ્ય હેતુ છે,*
*પરંતુ કોણ એ રીતે પ્રીછતું દિલ કર્મને !* ૬-૧ : ૮-૯

પ્રાપ્ત કર્મ એ દૈવી અંશ હોવાથી તેના સ્વીકારના મહત્ત્વ ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો છે. એટલે દિવ્ય હેતુથી આચરતાં આચરતાં તેનો પૂરેપૂરો પ્રામાણિક ઉપયોગ કરી લેવો.

*આપણે ઈચ્છીએ તેવાં કર્મ સૌ મળતાં નથી,*
*મળેલાં કર્મમાં તેથી શ્રેયવૃત્તિ દઢાવવી.* ૬-૨ : ૬

આપણી સાંસ્કૃતિક વારસાગત પ્રણાલિકામાં પ્રકૃતિનું (પોતાની જાતનું) દિવ્યતામાં રૂપાંતર કરવા આપણાં કર્મમાં ફળની આસક્તિ રાખ્યા વિના તેને ભક્તિપૂર્વક પ્રભુને સમર્પવાનું મહત્ત્વ ભારપૂર્વક દર્શાવાયું છે. આમ, આપણાં કર્મ પણ અંતિમ દિવ્ય હેતુને સમર્પવાં જોઈએ.

*ભોગવવાર્થ ના કર્મ સધાવા હેતુ કર્મ છે,*
*જીવન ફળવા માટે, કર્મ સાધનરૂપ છે.*
*આહુતિ ભાવનાનીથી ત્યાગ સમર્પણાદિથી*
*-ચાલતો સર્વ સંસાર કેવો અનાદિકાળથી !* ૬-૨ : ૭-૯

છેવટે આ કર્મપ્રવાહને જાગૃતિપૂર્વક કોણ તરી જાય તેનાં લક્ષણો પણ આ પ્રકરણની નીચેની પંક્તિઓમાં વર્ણવ્યાં છે.

*જુવાની જેની સંપૂર્ણ થનગનતી જીવને,*
*થવા જૌહર તૈયારી, ધગધગતી જેની છે,*
*આત્મસમર્પણે જેનો ઉત્સાહ મસ્ત ઊછળે !*
*તે કર્મયોગને માત્ર પાત્ર શાં જીવને જ છે !   ૬-૩ : ૮-૯*

સાતમો સર્ગ **'કર્મકળા'** છે. અહીં અતિક્રમી શકાય એવાં વિઘ્નો-દૈવી, અંતરાયોને પાર કરવાની રીતરસમો અને સાધનોનાં સંપૂર્ણ પૃથક્કરણ અને પરીક્ષણ દ્વારા સફળતાપૂર્વક મથવા માટે પોતાની જાતને કેવી રીતે તૈયાર કરવી તે સમજાવાયું છે. જીવનવિકાસમાં કર્મમાહાત્મ્ય વિશે જાગૃત કેવી રીતે બનવું, ત્યાગ, સભાનતા, વ્યવસ્થા, સમર્પણ, ઉલ્લાસ, પરમ સંતોષ, વિશ્વસનીયતા, હળવાશ, સ્વસ્થતા વગેરે દૈવી ગુણોનો પ્રારંભ કર્મથી કેવી રીતે થાય છે, એ દરમિયાન સ્વીકૃત કર્મોની જરૂરિયાતો કેવી રીતે અંદાજવી, તેનાં વિવિધ પાસાંઓનું તેમ જ આપણી સક્રિયતાની પાછળ રહેલા હેતુનું પૃથક્કરણ કેવી રીતે કરવું, તે સંપૂર્ણ રીતે અને વિશદતાથી આ અંતભાગમાં વર્ણવાયું છે અને મૂલવાયું છે.

*કર્મને એક બાજુથી ઘટે ના જોવું આપણે,*
*લક્ષણો, ક્ષેત્ર ને દિશા હેતુ સાથે વિચારજે.   ૭-૧ : ૨*

*કર્મનું મૂળ તો આશા કામના, તે બહુવિધ,*
*થશે જો ત્યાગ તેનો તો સ્વભાવે કર્મ ના થતાં.   ૭-૧ : ૮*

*સંસ્કારોનાં પ્રવર્તાયાં વર્તીશું જો ન આપણે,*
*થશે તો જોર તેઓનું ઓછું ને ઓછું એમ તે.   ૭-૧ : ૧૦*

*કર્મે अहं પ્રવર્તે છે તેમાં ભાવ ન સ્ફુરશે,*
*ઊલટાં કર્મમાં તેથી રાગદ્વેષ વધ્યે જશે.   ૭-૨ : ૨*

*શુદ્ધિનો સર્વ આધાર બુદ્ધિની સમતા પરે,*
*તેથી સૌ કર્મમાં બુદ્ધિ સ્થિર ધીર તું રાખજે.   ૭-૨ : ૮*

*માર્ગમાં ઠોકરો જે જે મળે, એને સ્વીકારતાં*
*-ચૂમે જો પ્રેમભાવે તો જન્મશે ભાવ કર્મમાં,*
*જેઓ જેઓ કશું પામ્યાં, તેમને સર્વને જગે,*
*કૈં કૈં નડ્યા કરેલું છે, હઠતાં. ના, મળ્યું જ છે. ૭-૨ : ૧૫-૧૬*

*હેતુથી જો કદી ઊંધું વેતરાતું કશું દીસે,*
*ચોંકીને ચેતવું ત્યાં તો પ્રેરીને લક્ષ અંતરે. ૭-૪ : ૪*

*પૂરેપૂરી કદી જો ના તેમાંયે સૂઝ કૈં પડે,*
*તોયે ના છોડી દેવું તે આવેલું હોય કાર્ય જે. ૭-૫ : ૩*

*જ્યારે તાટસ્થ્ય પોતાનું જીવને વર્તતું થશે,*
*પોતાને જાણશે તેવાં, બીજાંને જાણશેય તે. ૭-૬ : ૧*

અગિયાર જેટલા પેટા શીર્ષક નીચે વિભાજિત આઠમો સર્ગ **'કર્મસાધના'** મૂલવેલાં પરિણામો રજૂ કરે છે, અને સાધના માટે જરૂરી પરિબળોની સમજૂતી આપે છે. દૈવી હેતુનું મહત્ત્વ, તીવ્ર ભભૂકતી અભીપ્સા, હેતુની સભાનતાપૂર્વકના કર્મનું હૃદયપૂર્વકનું સમર્પણ, સમતુલિત વિચારોનું મહત્ત્વ, અંતર્ગત પ્રકૃતિનું રૂપાંતર, પ્રયોગક્ષેત્ર તરીકે કર્મ, કર્મ પ્રત્યેની સભાનતા, નિમિત્ત-કર્મ-આ તમામ પાસાંઓ આ પ્રકરણમાં પરિશ્રમપૂર્વક વિસ્તૃત રીતે રજૂ થયાં છે અને ચર્ચાયાં છે.

નવમો સર્ગ **'કર્મવ્યવહાર'** કર્મના વ્યવહારમાં આચરણ સાથે જ સંબંધ ધરાવે છે. દૈનિક જીવનમાં તેનું આચરણ કેવી રીતે કરવું તેનું મહત્ત્વ, કોઈ પણ જાતના પૂર્વગ્રહીત માપદંડો કે ખ્યાલો વિના કર્મવ્યવહારમાં અનાસક્તિનું હાર્દ, સંપૂર્ણ રીતે નવીન લાગણી અને વિચારોનું સદા ખુલ્લાપણું, ઉલ્લાસ અંગેની સમજનું સપ્રમાણ સમતોલનપણું, ઊર્ધ્વ જીવનની આકાંક્ષા, હેતુની પ્રૌઢિ (પરિપક્વતા) ભાવ અને કર્મનો મર્મ, ધ્યેય પ્રત્યેની શ્રદ્ધા, પ્રભુપદે હેતુની સભાનતાપૂર્વકનું હૃદયથી સમર્પણ વગેરે પ્રશ્નો એમાં ચર્ચાયા છે.

*ડો'ળાઈ ના જવું ક્યાંયે પોતે સ્થિર રહ્યા કરી,*
*રહી અંતર્મુખ જોવાં કર્મનાં મૂળ ચિત્તથી. ૯-૧ : ૭*

*'ભેંસનાં શિંગડાં ભારે ભેંસને' મન ધારી તે,*
*આપણે આપણા કામે લગાડી ચિત્ત રાખવું.* ૯-૧ : ૧૪

*આવી પડેલ જે ના હો માથું ત્યાં નવ મારવું,*
*ભેળવાઈ જવું ના ત્યાં મમત્વ રાખીને કશું.* ૯-૨ : ૬

*શુદ્ધ સાત્ત્વિક તો ભાવ કેળવાયેલ આપણો*
*-થયો હોતો નથી પૂરો, ઘટે ચેતવું તેથી તો.* ૯-૨ : ૯

*નકામી ચીડ કો વાતે આપણે કરવી નહિ,*
*ઘટી જાશે વળી જોર આપણું કર્મમાંથી તો.* ૯-૩ : ૩

*આપણે આપણું જોયા કરવું એક ધ્યેયથી,*
*જિજ્ઞાસા પ્રેમભાવેથી વધાર્યા કરવી ચહી.* ૯-૩ : ૧૩

*કશી કોઈ વિશે ચિંતા કશામાં રાખવાની ના,*
*હશે જેવું થવું જેને ભલે તેવું થયા કરે.* ૯-૪ : ૩

*આવી પડે પથે જે જે આકસ્મિક રીતે નવું,*
*વિચાર્યા વિણ આવેલું મોકલેલું ઈશે ગણો.* ૯-૪ : ૯

આ કર્મયોગ તો કોઈ ઉચ્ચ હેતુસર છે અને એનું સમર્થન 'લોકોત્તર કર્મ' નામના હવે પછીના સર્ગમાં કરવામાં આવ્યું છે. માનવચેતનાના ઉત્થાન માટે આ કર્મવિજ્ઞાન કેવું ઉપયોગી છે, તે આ અખંડ સર્જનની વિચારવસ્તુમાં છે. અગિયારમો સર્ગ **'ભાવકર્મ'**ના મથાળા હેઠળ ભાવ અને કર્મની પારસ્પારિક ક્રિયાઓનું અને આંતરસંબંધોનું માહાત્મ્ય સમજાવવા સંપૂર્ણ રીતે ફાળવી દીધો છે.

*ગમે તેવું ભલે કર્મ કિંતુ જે ભાવે તે વિશે*
*-ભાવ યોગ્ય પરિણામ જીવને સાંપડ્યા જશે.* ૧૧-૧ : ૨

પરિણામનો આધાર ભાવ ઉપર રહેલો હોવાથી હેતુની સભાનતા-પૂર્વકના કર્મમાં ભાવ જ મહત્ત્વનો છે. જુઓ :-

*કર્મનિષ્ઠા થતાં પૂર્ણ ભાવ સળંગતા થતાં,*
*ભાવનિષ્ઠા પરિપક્વ જીવને થતી જાય છે.* ૧૧-૧ : ૮

આ પારસ્પારિક ક્રિયાઓની પ્રક્રિયા દિવ્ય વિકાસનો પથ કેવી રીતે તૈયાર કરે છે, એ દર્શાવવાનો આ સર્ગનો ગર્ભિત આશય છે.

આ પુસ્તકના રચયિતાને કયા વૈયક્તિક પ્રસંગો, અનુભવો અને નિમિત્તોને કારણે આ શ્લોકો સહજ રીતે રચવાની સ્ફુરણા થઈ તેનાથી છેલ્લો સર્ગ **'કૃપાકર્મ'** ભરપૂર છે. અને વચ્ચે વચ્ચે કેટલાક શ્લોકોમાં લેખકના નિરભિમાનતા, નમ્રતા, આત્મિક સ્વજનો પ્રત્યેનો પ્રેમ વગેરે સ્પષ્ટ રીતે વહેતા અનુભવાય છે.

*યોગ્ય જો કૈં લખાયું હો કૃપા કૌશલ્ય સર્વ તે,*
*મારું જો કાંઈ તેમાં હો, જે જે અયોગ્ય સર્વ તે.* ૧૨-૧ : ૧૨

*સદ્ભાવી સજ્જનો જે છે તેમને મુજ પ્રાર્થના,*
*'ગ્રહી સાર, નકામાં જે ફેંકી દેજો જ ફોતરાં.'* ૧૨-૧ : ૧૧

શૈલી અંગેનાં કેટલાંક લક્ષણો ધ્યાનપાત્ર છે. પૂજ્ય શ્રીમોટા એમના સાહિત્યિક મિત્રોને સતત જણાવતા રહે છે કે એમને જે કંઈ કહેવાનું છે, તે તો સામાન્ય જનને માટે છે. એટલે જ ભાષા સ્પષ્ટ, સરળ અને ઘરગથ્થુ શબ્દોના ઉપયોગવાળી છે. એમનાં પુસ્તકો બૌદ્ધિક વર્ગના 'શો કેસ'ને શોભાવવા માટે નહિ, પરંતુ સામાન્ય જનના હાથમાં જઈ વંચાય એમ તેઓ ઇચ્છે છે. કેટલાક લાક્ષણિક શ્લોકો વાંચતાં વાંચતાં અમને ખાતરી થઈ છે કે એમની રચના સાદી અને અસરકારક છે. ગુજરાતીમાં સામાન્યતઃ વપરાતા અન્યભાષી શબ્દોનો પણ તેની વિચારપ્રસારની યોગ્યતા પુરવાર કરવા પૂજ્ય શ્રીમોટા દ્વારા છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો છે.

*બૅટરીને થતાં ખાલી ફરીથી ભરવી પડે,*
*ક્રિયા તે ભરવા એવી સાધના જાણવી હૃદે.* ૮-૨ : ૧૯

એ સાથે જ પૂજ્ય શ્રીમોટા પોતે વિચારોમાં પ્રગતિશીલ છે એમ પ્રતીતિ કરાવે છે. તદુપરાંત કેટલાક અમૂર્ત વિચારો, સિદ્ધાંતો અને કાર્યોને પ્રતિપાદિત કરવા યોજાયેલ ઉપમાઓ અને દૃષ્ટાંતો પણ યથાયોગ્ય અને અસરકારક છે.

*કાંટો ખૂંચે પગે જેમ વધુ ને વધુ જોરથી,*
*તેમ તે કાઢવા ઈચ્છા થાય છે મનને નકી,*
*સ્વભાવ ખૂંચશે તેવો જ્યારે સાધકને હૃદે,*
*આણી ઉકેલ તે વેળા શકે પોતાની મેળ તે.* *૮-૩ : ૫-૬*

પ્રસ્તુત ગ્રંથમાં વિચારોનું અને રચનાઓનું પુનરાવર્તન જોવા મળે છે એમાં કોઈ શંકા નથી, પરંતુ આનું મૂલ્યાંકન મહર્ષિ શ્રીઅરવિંદે આ પ્રમાણે કર્યું છે : 'મરમીની કવિતાનું પુનરાવર્તન હરકતકર્તા નથી. એનાથી કાવ્યને હાનિ થતી નથી. ઊલટું તે તેને એકાંતિક સામર્થ્ય અને સૌંદર્ય અર્પે છે. તેની રચના, વિચારો અને શબ્દપ્રયોગો દ્વારા એક આગવું વાતાવરણ, એક વિશિષ્ટ સંઘટના, એક પ્રકારની ચૈતસિક પરિધિ અને તેનું પોતીકું શિલ્પ પ્રાપ્ત થાય છે. અહીં હેતુ વિનોદ અને અનુરંજનનો નહિ, પરંતુ આંતર સત્યની અભિવ્યક્તિનો છે. સામાન્ય માનસને પરિચિત નહિ એવી વસ્તુ અને વિચારો રજૂ કરવાનો-આંતર અનુભૂતિના આવિષ્કારનો છે. વળી, એનો હેતુ માત્ર સત્યને એના સાચા સ્વરૂપે યોગ્ય દૃષ્ટિએ રજૂ કરવાનો જ નહિ, પરંતુ યોગ્ય શબ્દો કે શબ્દસમૂહ, સાચું પ્રતિરૂપ કે પ્રતીક અને શક્ય હોય તો અનિવાર્ય શબ્દ દ્વારા તેનો અનુભવ કરાવવાનો છે. બીજું કંઈ પણ નહિ અને એટલું જ હોય તો થયેલાં પુનરાવર્તન ખૂબ જ મહત્ત્વનાં છે. એવો મરમી સંપ્રજ્ઞાતપણે શબ્દ અને લયની પસંદગી કે ગોઠવણી કરતો નથી, પરંતુ તેનું પ્રેરણારૂપે સાહજિક સ્ફુરણ થાય તેની તે રાહ જુએ છે. એટલે જ એ પોતાની કવિતાને બૌદ્ધિક રીતે મઠારતો નથી, પરંતુ તેની જગ્યાએ સાચું સ્ફુરણ થાય તેની રાહ જુએ છે. એણે જે કંઈ કર્યું છે તેનો બૌદ્ધિક ખુલાસો પણ કરી શકતો નથી, એ માત્ર સંવેદન અને આંતર સ્ફુરણ અનુભવે છે અને વાચક કે સમાલોચકને પણ એમ જ કરવાનું હોય છે.'

*(શ્રીઅરવિંદના પત્રો-ત્રીજી શ્રેણી, પાનું ૪૫-૪૯)*

હું સમાપન કરું તે પહેલાં આ **'કર્મઉપાસના'**ના વૈજ્ઞાનિક અભિગમ વિશે થોડાક શબ્દો ઉમેરું છું. માનવીય અભિગમના આધુનિક

વલણને ખ્યાલમાં રાખીને પૂજ્ય શ્રીમોટાએ માનવચેતનાના ઊર્ધ્વસ્તર ઉપરની કેટલીક ઘટનાઓ માનવ વ્યવહારના ઉષ્માહીન શબ્દો દ્વારા તાર્કિક રીતે પ્રતિપાદન કર્યું છે.

*માત્ર જે કોઈ સંસારી નિમિત્ત કર્મ સ્થૂળ છે,*
*શ્રેયાર્થી હોય તેવાને કર્મ છે સ્થૂળ, સૂક્ષ્મ તે,*
*ને અનુભવી જે માત્ર કારણનું નિમિત્ત છે,*
*કારણમાંહી આકાશતત્ત્વ તે મોખરે જ છે.*
*અનંતાનંત આકાશ મર્યાદાતીત તે ખરે,*
*તેથી અનુભવી જ્યાં ત્યાં વિચરતો જ કારણે.*
*આકાશ કારણે તેવો કાળાતીત, સ્થળાતીત,*
*દ્વંદ્વાતીત, ગુણાતીત, ભૂમિકાતીત ચેતન.*
*૧૧-૨ : ૨૧-૨૨-૨૩-૨૪*

અહીં પણ પૂજનીય રચયિતા એમની શ્રેષ્ઠતાનો અનુભવ કરાવે જ છે. એ મારા વહાલાશ્રીનાં ચરણકમળે ઊંડો આદરભાવ વ્યક્ત કરી હું વાચકને માનવપુરુષાર્થના ઉમદા ભોજનને આસ્વાદવા નિમંત્રું છું.

•

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

બેંગ્લોરમાં શ્રી રમણભાઈ અમીન (ઍલેમ્બિકવાળા)ને ત્યાં હું હતો, ત્યારે તેમના ચિરંજીવી શ્રી ચિરાયુભાઈ અમેરિકાથી આવેલા હતા. તેમના દિલમાં કર્મ પરત્વેનું મહત્ત્વ જાગે અને કર્મને કેવા હેતુથી અને કેવા ભાવથી કરવું, એ બધી તેમને સમજણ પડે એવી રીતે કર્મ ઉપર મને લખવાનું દિલ થયું હતું, પરંતુ શ્રી ચિરાયુભાઈના દિલની એવી યોગ્ય પ્રકારની ઉત્સુકતા મને પરખાઈ નહિ. વળી, તે ઉપરાંત, તેઓ ગુજરાતી પૂરેપૂરું બરાબર સમજે કે કેમ અને તેનો સાર ગ્રહણ કરી શકે કે કેમ તે વિશે પણ મને સગડગ થઈ. તેથી, ત્યાં પૂરતો તો તે વિચાર મુલતવી રહ્યો.

બેંગ્લોરથી અમે ત્રિચિ થઈ કુંભકોણમ્ આશ્રમે ગયા. ત્યાં ભાઈ હરિ હવે તો ઘણો મોટો થઈ ગયો છે અને ભાઈ નંદુભાઈની પેઢીનું કામકાજ પણ કરતો થઈ ગયો છે. સમજણમાં અને બધી રીતે તે હોશિયાર છે. નાનપણથી જ પ્રભુકૃપાથી એને ઉછેરવાનું મારાથી થયું હતું. તેથી, તેના ઉપર મને વિશેષ વહાલ પણ ખરું. તેને સાચી રીતે ખરેખરી રીતનું જીવનમાં કર્મનું રહસ્ય અને કર્મનું મહત્ત્વ જો સમજાય તો પોતાના જીવનની કારકિર્દી ઘણી ઉત્તમ રીતે પ્રભુકૃપાથી પ્રગટી શકે, તેવો વિચાર જાગવાથી **'કર્મઉપાસના'** ઉપર લખવાનું શરૂ કર્યું.

ત્યારે મારા શરીરને acidityનો રોગ થયો હતો અને જે દવા લઉં તેથી શરીરને તેની ઍલર્જી થઈ જાય. એટલી બધી ખંજવાળ આવે કે ન પૂછો વાત. એ ખંજવાળ તો ભયંકર. એક રાતે ચશ્માંના ખોખાથી પગને ઘસ્યા જ કરતો હતો, ત્યારે જ અંતરમાં અંતરથી પ્રેરણા જાગી કે 'અલ્યા મૂરખા, અત્યારે જ ખરા સંયમની તો જરૂર ખરી ! અને તે કેટલો છે તેની પારાશીશી તો અત્યારે જ ખબર પડે. વલૂર વલૂર કર્યા કરતાં તો આ **'કર્મઉપાસના'** ઉપર લખવા માંડને !

તેમાંથી આ **'કર્મઉપાસના'**ની શરૂઆત થઈ. ઍલર્જીની એ ખંજવાળ એટલી બધી ભારે કે ન પૂછો વાત. ભાઈ હરિએ મારા શરીરની તે વખતની સ્થિતિ વિશે પણ Exposition (સંપાદકીય) લખ્યું છે. એનું અંગ્રેજી ઘણું સારું છે. એણે જે અંગ્રેજીમાં લખ્યું છે તેનું ગુજરાતી ભાઈ શ્રી ઈંદુકુમાર દેસાઈએ કર્યું છે. તે ઉપરથી વાચકને ખ્યાલ આવશે કે આ **'કર્મઉપાસના'** મોટાની કેવી કઢંગી સ્થિતિમાં લખાઈ છે. લગભગ ચારેક દિવસમાં તો તે લખાઈ ગઈ હશે.

જે મિત્રોને મેં કર્મની ભાવના, કર્મનું રહસ્ય અને કર્મનું મહત્ત્વ સમજાવવાને માટે કેટલાક કાગળો લખેલા હતા, તે બધાય કાગળોમાંની કવિતા **'કર્મગાથા'** પુસ્તકમાં સંગ્રહાઈ ગયેલી છે અને **'સસ્તા સાહિત્યે'** તે બહાર પણ પાડી છે. પૂજ્યશ્રી રવિશંકર મહારાજે તેની પ્રસ્તાવના લખી છે અને સદ્‌ગત શ્રી ઠક્કરબાપાએ તેના ઉપર બે બોલ પણ લખ્યા છે.

તે છપાઈ ગયેલી ચોપડી **'કર્મગાથા'**માંથી લગભગ ત્રીજો ભાગ આ **'કર્મઉપાસના'**માં લેવામાં આવ્યો છે.

જીવન તેના ઉત્તમ પ્રકારના વિકાસમાં પ્રગટે એના કાજે કર્મ એ તેના ઘડતર કાજે ઘણું મહત્ત્વનું અંગ છે. કર્મ વડે જ માનવીનું જીવન ઘડાતું હોય છે. કર્મ વડે જ અનેક જીવોની સાથે સંબંધમાં અવાય છે. કર્મને લીધે જ જે તે બધાંની સમજણ પડે છે. કર્મને લીધે જ આપણા પોતામાં કેટલી કુનેહ, આવડત, ગુણ અને ભાવ વગેરે કેટલાં અને કેટલા પ્રમાણમાં છે અને કયા પ્રકારનાં છે, તે બધું કર્મથી જ સમજણ પડે છે. કર્મમાંથી કર્મ કરતાં કરતાં ઘણી જાતનું શીખવાનું મળે છે. જે કોઈ જીવને પોતાના જીવનનું ધ્યેય મક્કમપણે નક્કી થઈ ચૂકેલું છે, એવા જીવને મળતા જતા પ્રત્યેક કર્મમાં પોતાના જીવનના ધ્યેયનો હેતુ-જ્ઞાનભક્તિપૂર્વક સભાનતાથી-દઢાવતા રહેવાનું કર્યા જ કરવું પડે છે. જે જીવને જો કર્મમાં હેતુની સભાનતા નથી તો તેવો જીવ શ્રેયાર્થી પણ નથી જ, તે હકીકત પણ એટલી જ સાચી છે. જીવનમાં યોગ્ય પ્રકારનો વિકાસ થવાને માટે કર્મમાં તેવા પ્રકારના જ્ઞાનભક્તિપૂર્વકના હેતુની સભાનતા એટલી જ

અત્યંત મહત્ત્વની અને જરૂરની છે. આવી બધી હકીકત આ **'કર્મઉપાસના'**માં આવરાઈ લેવાયેલી છે.

શ્રીહરિકૃપાથી જીવનમાં જે રીતે સાધના થયા જવાનું બન્યું છે, તે તે રીત અને તેની સમજણ મારા જીવનમાં શ્રીહરિકૃપાથી જીવતીજાગતી ચેતનાત્મકપણે આજ પણ એટલી જ તાદૃશ્ય અને જીવંત પણ છે. તેનું બયાન પણ આ **'કર્મઉપાસના'**માં આલેખાયેલું છે. શ્રીહરિકૃપાથી જ્યારથી આ જીવનો અભિગમ શ્રીહરિનાં ચરણકમળ પરત્વેનો પ્રગટ્યો ત્યારથી કર્મ પરત્વેની સમૂળગી સભાનતા બદલાઈ ગઈ હતી. ત્યારે મારા દિલમાં કર્મના કરતાં, કર્મને કરતાં કરતાં, કર્મમાં જ્ઞાનભક્તિપૂર્વકનો હેતુ કેટકેટલો જીવતોજાગતો અને ચેતનાત્મક રહે છે, અને તે હેતુની સભાનતા ત્યારે કેટલા પ્રમાણમાં અને કેવી કેવી રીતે પ્રેરણાસ્પદ બનતી, તેનું જ માત્ર હું ખૂબ ખૂબ ધ્યાન રાખતો. જેમાં ને તેમાં જીવનના ધ્યેય પરત્વેના હેતુની સભાનતા પળેપળ જીવતીજાગતી હોવી, ટકવી અને તેમાં (સભાનતામાં) પાછા ચેતનાપ્રાણ ખરેખરા પ્રગટેલા હોય તેવી જીવનમાંની પ્રત્યેક પળની સાવધાની અને સાવચેતીભરી યથાયોગ્ય પ્રમાણેની સભાનતાને જ ત્યારે મેં તો શ્રીહરિકૃપાથી સાધના ગણી હતી. જો હેતુની જીવતીજાગતી સભાનતા નથી તો સાધના પણ નથી. તેવા જીવથી શ્રીપ્રભુમય જીવનમાં કોઈ કાળે પણ આગળ ડગ ભરી શકાવાનાં નથી, એ હકીકત પણ એટલી જ સાચી છે. જો સાધના છે તો સભાનતા પણ છે જ. જ્યારે કંઈ કશા પરત્વે ખરેખરાં ગરજ, સ્વાર્થ, રસ, લગની, તાલાવેલી, તત્પરતા વગેરે વગેરે જો પ્રગટ્યાં હોય છે, તો તે પ્રકારની સભાનતા ત્યારે માનવીના મનમાં રહેતી હોય છે. એ તો સર્વ સાધારણ માનવીને પણ બુદ્ધિથી સમજાય તેવી હકીકત છે. તો જે જીવને જીવનવિકાસના હેતુ અર્થે સાધના કરવાની છે અને જો પ્રત્યેક કર્મમાં તે જીવને જીવનના ધ્યેય પરત્વેની સભાનતા જો હોય જ નહિ અને ટકતી ના હોય તો તેવા મંદમાં મંદ પ્રકારની ભાવનાવાળી સાધના જીવનને વિકાસના ક્ષેત્રમાં ઉઠાવ નહિ આપી શકે.

કંઈ પણ કશું કર્યા કરતાં હોઈએ છીએ તો તેની પણ આપણને

સમજણ પડે છે ખરી. કર્મથી જ ગુણ, ભાવ, શક્તિ, સમજણ, આવડત, કૌશલ્ય વગેરે વગેરે ખીલે છે, પરંતુ તે કર્મ ઊડઝૂડિયા રીતે કરવાથી નહિ. આવા બધા પ્રકારની સમજણ આ **'કર્મઉપાસના'**માં શ્રીપ્રભુકૃપાથી ઉપસાવેલી છે.

કર્મ ગમે તેવા પ્રકારનું ભલેને ક્ષુલ્લકમાં ક્ષુલ્લક હોય, પરંતુ તેનો હેતુ અને ભાવ કેટલા જીવતાજાગતા છે, તેના ઉપર જ પરિણામનો આધાર છે. કોઈક છરીથી શાક પણ સમારે, કોઈક નિષ્ણાત દાક્તર છરીથી નસ્તર મૂકે, કોઈક અણઘડ છરીથી આંગળી પણ કાપી નાખે. સાધન તો એક જ, પરંતુ તે દરેકમાં પ્રત્યેકની સમજણ, રીત, હેતુ અને ભાવ જુદાં જુદાં જ હોય છે. માત્ર, કર્મના ઉપરછલ્લાં ચોકઠાં ઉપરથી કશું પૂરેપૂરું નહિ સમજી શકાય. એક નાનકડું બાળક પોતાના મળની સાથે રમતું હોય છે, મળમાં રગદોળાતું પણ હોય છે અને કોઈક વાર તો મળ ખાઈ પણ લે છે. એ જ મળને કોઈક મા સાફ કરે છે અને એ જ મળ કોઈક હરિજન ભાઈ સંડાસમાંથી સાફ કરે છે. ત્રણેયમાં મળ જ મુખ્ય સાધન, પરંતુ પ્રત્યેકના માનસમાં તે તે પળે તે પરત્વેની માનસિક પ્રક્રિયા જુદી જુદી. બાળકને મળમાં સંપૂર્ણ નિર્દોષતા છે. મળને મળની રીતે તે સ્વીકારતું જ નથી. જ્યારે મા, મળને મળ તરીકે સ્વીકારે છે અને તે પોતાના જ બાળકનું હોવાથી તેનો એટલો બધો કંટાળો આવતો નથી કે અણગમો જાગતો નથી. (જોકે હાલની ભણેલીગણેલી બહેનોમાં તે પરત્વેનો કંટાળો અને અણગમો પ્રવર્તતો જાય છે. તે પ્રકારનો જો મારી સમજણમાં દોષ હોય તો વાચકો માફ કરે.) એ જ મળ સંડાસમાંથી હરિજન ભાઈ સાફ કરે છે, ત્યારે તેને કંટાળો અને અણગમો પ્રવર્તતો હોય છે. એટલે પ્રત્યેક કર્મમાં આપણું માનસ કેવું હોય છે અને તેનું ધોરણ કયા પ્રકારનું છે, તેની ઉપર જ બધો આધાર છે. આ જીવે હરિજન આશ્રમમાં દિવસોના દિવસ સુધી મળની ડોલો ઊંચકીને મળ સાફ કરેલો છે. એટલે આ બધી હકીકતની ઝીણવટનો મને ખ્યાલ છે.

કર્મને તો સૌ કોઈ જોઈ શકે છે, પરંતુ કર્મમાં જે જીવતોજાગતો હેતુ હોય છે, તેને તો કોણ જોઈ શકે અને પારખી શકે ? આ હકીકત

સાચી છે. આપણે કર્મ કરવાનું છે આપણા પોતાને માટે. જો જીવનના ધ્યેયમાં મરણિયા નિર્ધારની ભાવના જે જીવમાં ખરેખરી જીવતીજાગતી પ્રગટી ગયેલી છે, તેવા જીવને તો થતા જતા પ્રત્યેક કર્મમાં જીવનના ધ્યેય પરત્વેના હેતુ અને ભાવ, ગુણ અને શક્તિ પ્રગટેલાં રહ્યાં કરેલાં જ હશે. એવું જ એને પ્રત્યક્ષ પ્રત્યેક કર્મમાં, પોતાની સમજણમાં અને અનુભવમાં ખરેખરું એકધારું દિલમાં દિલથી લાગ્યા જ કરતું હોય તેવો જ જીવ વિકાસમાં આગેકૂચ કરી શકવાનો છે. બાકી નહિ. આવા પ્રકારનો જીવ વિકાસવાંછું. સાધનામાં પ્રગટેલો જે જીવ છે, તેની વાણીમાં પણ કોઈ ન્યારા પ્રકારનો ટંકાર અને રણકાર પ્રગટેલો હોય છે. તેનાં 'નેણાં અને વેણાં' બદલાતાં જતાં હોય છે.

આ **'કર્મઉપાસના'** માત્ર શ્રેયાર્થી માટે જ છે એવું નથી. આ **'કર્મઉપાસના'**માંથી જો તે ઇચ્છે તો ઘણું જાણવાનું, શીખવાનું મળી શકે તેમ છે.

આ લખેલી **'કર્મઉપાસના'**ની કડીઓ ભાઈશ્રી રમેશભાઈ ભટ્ટે ભાવ પ્રમાણે ગોઠવી પ્રેસમાં મોકલવાની હસ્તપ્રત તૈયાર કરી આપી, તે માટે તેમનો આભાર માનું છું.

ભાઈશ્રી હર્ષદભાઈ શાહે આ પુસ્તક છપાવવાનું ખર્ચ પણ આપ્યું અને તે વેચી આપવાનું પ્રેમથી સ્વીકાર્યું, તે બદલ તેમનો પણ આભાર.

વળી, આ **'કર્મઉપાસના'**ના મૂળ લખાણને અમદાવાદમાં શ્રી રમેશભાઈ ભટ્ટને ત્યાં છસાત કલાક સુધી બેસી પ્રો.શ્રી એ. જી. ભટ્ટ સાહેબે કેટલાક સ્નેહીઓને વાંચી સંભળાવ્યું, તે બધું સાંભળવામાં તે તે ભાઈઓએ જે રસ, ઉમંગ વગેરે દાખવ્યો તે સૌનો પણ આભાર માનું છું.

જેને માટે આ લખવામાં આવ્યું છે, તે ભાઈ, આને વાંચીને આમાંથી સાર ગ્રહણ કરી પોતાના જીવનને વધારે ઉપયોગી બનાવશે એવી પ્રાર્થના કરી વિરમું છું.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૨૯-૯-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ કુંભકોણમ્‌ના હરિઃૐ આશ્રમમાં એમના શરીરની વિપરીત સ્થિતિમાં **'કર્મઉપાસના'** વિશે શ્લોકો લખ્યા. એ શ્લોકોની ગોઠવણી શ્રી રમેશભાઈ ભટ્ટે કરી. આ **'કર્મઉપાસના'** પૂજ્ય શ્રીમોટાના બાલમિત્ર ભાઈશ્રી હરિને નિમિત્તે લખાઈ છે. ભાઈ હરિને ગુજરાતી ભાષામાં લખવાનો મહાવરો ઓછો હોવાથી **Exposition** એ મથાળે અંગ્રેજીમાં સંપાદકીય લખાણ લખ્યું છે. વળી, ભાઈ હરિ, અંગ્રેજી માધ્યમથી વિજ્ઞાન વિદ્યાશાખામાં ગ્રેજ્યુએટ થયેલા, એથી પણ ગુજરાતીમાં લખાવું મુશ્કેલ. આમ છતાં એ લખાણનું ગુજરાતી ભાષાંતર પણ મૂક્યું છે. એ ભાષાંતર પ્રા.ઈંદુકુમાર દેસાઈએ કરી આપ્યું છે, તે બદલ એમના આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટા રચિત **'કૃપા'** તેમ જ **'કર્મઉપાસના'**માં પૂજ્ય શ્રીમોટાના પ્રગટ થયેલા ફોટોગ્રાફોના સર્જક **લેફ. કર્નલ બલવંત ભટ્ટ** છે અને તેમના તરફથી અમને એ છાપવા માટે મળ્યા છે. એમના આવા સૌજન્યપૂર્ણ સહકાર બદલ હૃદયથી એમનો ઘણો જ આભાર માનીએ છીએ.

**'કર્મઉપાસના'**ની પ્રેસનકલ જોડણીની દૃષ્ટિએ સુધારી આપવા બદલ પ્રા. રતિલાલ સાં. નાયકના અમે આભારી છીએ.

આ પુસ્તકની છપામણીનું ખર્ચ સ્નેહી ભાઈશ્રી હર્ષદભાઈ શામળદાસ શાહે પ્રેમ અને ઉમળકાથી સ્વીકાર્યું, તેમ જ એ પુસ્તકની નકલો વેચી આપવાનું કામ પણ સ્વીકાર્યું. એવા એમના દિલના ભાવ અને ભાવના બદલ અમને ઘણો જ આનંદ થાય છે અને અમે એમનો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણની સંપૂર્ણ આવક લોકકલ્યાણનાં કાર્યો પાછળ જ ખર્ચાતી હોવાથી, એ પુસ્તકની નકલો ખરીદવામાં તેમ જ વેચી આપવામાં સૌનો સહકાર મળશે એવી આશા છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **નંદુભાઈ**
માર્ચ, ૧૯૭૩ મૅનેજિંગ ટ્રસ્ટી,

॥ હરિઃૐ ॥

# નિવેદન

(બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ સન ૧૯૭૩માં કુંભકોણમ્‌ના હરિઃૐ આશ્રમમાં એમના શરીરની વિપરીત સ્થિતિમાં **'કર્મઉપાસના'** વિશે શ્લોકો લખ્યા. એ શ્લોકોની ગોઠવણી શ્રી રમેશ ભટ્ટે કરી. આ **'કર્મઉપાસના'** પૂજ્ય શ્રીમોટાના કુંભકોણમ્‌ના યુવાન મિત્ર ભાઈશ્રી હરિ ઉર્ફે દિલીપના નિમિત્તે લખાઈ હતી. તેની બીજી આવૃત્તિ પ્રકાશિત કરતાં હર્ષ થાય છે.

બીજી આવૃત્તિના આ પુસ્તકને તૈયાર કરવાનું તમામ ખર્ચ મુરબ્બી શ્રી રમણભાઈ અમીને આપ્યું છે. એટલું જ નહિ, પણ એની બીજી આવૃત્તિ છપાવવાની પ્રેરણા તેઓશ્રીની જ છે. આ અંગે તેઓશ્રીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

(બરોડા) લાઈટ પબ્લિકેશન્સ લિમિટેડે ત્વરાથી, ઉત્સાહથી આ પુસ્તક છાપીને તૈયાર કરી આપવા માટે તેના અધિકારીઓનો અને કાર્યકરોનો ઘણો ઘણો આભાર.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણની સંપૂર્ણ આવક લોકકલ્યાણનાં કાર્યો પાછળ ખર્ચાય છે, તે તો સુવિદિત હકીકત છે. આ પુસ્તકની પ્રતો ખરીદવામાં તેમ જ વેચી આપવામાં સહકાર મળશે તેવી આશા છે.

તા. ૧૨-૫-૧૯૮૫<br>(સંવત ૨૦૪૧)

ટ્રસ્ટી મંડળ,<br>હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની **'કર્મઉપાસના'**ની આ ત્રીજી આવૃત્તિ પ્રગટ કરતાં અમે આનંદ અનુભવી રહ્યા છીએ. પૂજ્ય શ્રીમોટાનાં મોટા ભાગનાં લખાણો કોઈ ને કોઈ નિમિત્તથી સર્જાયાં છે. અને તેની કેવી અસર થઈ તેના સ્વાનુભવો પણ અનુભવકારોએ વર્ણવ્યા છે.

આ નાનકડી ચોપડી કર્મનો મહિમા સમજાવવા કર્મનાં જેટલાં પાસાં છે, તે બધાં ઉપર પ્રકાશ નાખે છે.

કર્મ કર્યા વિના એક ક્ષણેય કોઈ રહી શકતું નથી. એનું ઉત્તમ ઉદાહરણ ભગવાન સૂર્યનારાયણનું પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ.

પૂજ્ય શ્રીમોટા કહે છે :-

**'જીવમાત્ર સર્વેનું નભે, જિવાય કર્મથી,**
**પોષણ સર્વનું થાય, જીવનું કેવું કર્મથી !**

કર્મમાં જ્યારે જ્ઞાન ભળે છે, એટલે કે સમજપૂર્વકનું કર્મ થાય છે, ત્યારે તે ભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે. તેથી, અહીં કર્મની આરાધના કરવાનો મહિમા ગાયો છે. કર્મના વિવિધ બાર ખંડો પાડી આ પુસ્તક સમજવું સહેલું થઈ પડે તેવો ભાઈશ્રી રમેશભાઈએ સ્તુત્ય પ્રયાસ કર્યો છે, તે બદલ વાચકો તેમનો જરૂર આભાર માનશે.

કર્મફળનો આધ્યાત્મિક સિદ્ધાંત-કર્મનો સિદ્ધાંત-જાણવા ઉત્સુક સૌ શ્રેયાર્થીઓને પૂજ્ય શ્રીમોટા જુદી જ રીતે સંતોષ આપે છે.

આ પુસ્તકમાં આર્થિક સહયોગ આપનાર ભાઈ શ્રી મૂકેશભાઈ અને તેમના પરિવારના અમે આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય અત્યંત ચીવટથી અને ભાવપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. તેમના સદ્‌ભાવભર્યા સહકારની અમો કદર કરીએ છીએ અને હૃદયપૂર્વક તેમનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકની ટાઇટલ ડિઝાઇન આકર્ષક રીતે કરી આપવા બદલ શ્રી મયૂરભાઈ જાનીનો પણ અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આ પુસ્તકના ટાઇટલને ચાર કલરમાં છાપી આપવા બદલ સાહિત્ય મુદ્રણાલયના નિયામકો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનો અમે ખૂબ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ગુજરાતી અધ્યાત્મરસિક પ્રજા આ પુસ્તકને આવકારશે એવી શ્રદ્ધા છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ. **સી. ડી. શાહ**

તા. ૧૩-૯-૧૯૯૭ મૅનેજિંગ ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પાંચમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા દ્વારા વ્યક્ત થયેલ અક્ષરદેહનું સર્જન તેઓશ્રીએ સ્વયં કરેલું નથી, પરંતુ તે માટેનું કોઈ નિમિત્ત મળતાં, જે તે સાહિત્યનું સર્જન થયું છે.

**'કર્મઉપાસના'**નું સર્જન પણ એવા કોઈક નિમિત્તસર થયું છે, જેનો ઉલ્લેખ પૂજ્ય શ્રીમોટાએ 'લેખકના બે બોલ'માં સ્પષ્ટ કર્યો છે.

સને ૧૯૭૩માં **'કર્મઉપાસના'**નું પ્રથમ પ્રકાશન થયા બાદ સને ૧૯૮૫માં તેની બીજી આવૃત્તિનું અને સને ૧૯૯૭માં ત્રીજી આવૃત્તિનું પ્રકાશન અને ૨૦૦૭ માં ચોથી આવૃત્તિનું પ્રકાશન થયેલું છે. હાલમાં **'કર્મઉપાસના'** પુસ્તકની પ્રતો અપ્રાપ્ય હોવાથી, તેની આ પાંચમી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું

મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અમોને આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

| | |
|---|---|
| તા. ૯-૭-૨૦૧૭ | **ટ્રસ્ટીમંડળ,** |
| ગુરુપૂર્ણિમા | હરિઃૐ આશ્રમ, સુરત |
| સં. ૨૦૭૩ | |

# અનુક્રમણિકા


| ખંડ વિષય | | | પૃ. |
|---|---|---|---|
| **કર્મમાહાત્મ્ય** | | | |
| (૧) કર્મની ધૂન | ... | ... | ૧ |
| (૨) કર્મમહિમા | ... | ... | ૨ |
| ખંડ ૧ : કર્મશ્રી | ... | ... | ૬ |
| ખંડ ૨ : કર્મની ગતિ | ... | ... | ૮ |
| ખંડ ૩ : કર્મહેતુ | ... | ... | ૧૯ |
| ખંડ ૪ : કર્મરૂપ | ... | ... | ૨૮ |
| ખંડ ૫ : કર્મભાવ | ... | ... | ૩૮ |
| ખંડ ૬ : કર્મપ્રભાવ | ... | ... | ૪૯ |
| ખંડ ૭ : કર્મકળા | ... | ... | ૬૦ |
| ખંડ ૮ : કર્મસાધના | ... | ... | ૭૦ |
| ખંડ ૯ : કર્મવ્યવહાર | ... | ... | ૯૨ |
| ખંડ ૧૦ : લોકોત્તર કર્મ | ... | ... | ૧૦૩ |
| ખંડ ૧૧ : ભાવકર્મ | ... | ... | ૧૦૭ |
| ખંડ ૧૨ : કૃપાકર્મ | ... | ... | ૧૧૬ |


❑

# કર્મઉપાસના

❑

-પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

# કર્મમાહાત્મ્ય

## (૧) કર્મની ધૂન

(શિખરિણી)

ગમે તેવાં મોટાં પણ થઈ શકો ચાહ દિલ જો,
ગમે તેવાં મોટાં પણ થઈ શકો હોંશ મન જો,
ગમે તેવાં મોટાં થઈ જ શકશો હામ દિલ જ્યાં,
ગમે તેવાં મોટાં જરૂર બનશો, કર્મ કરતાં.

(ઝૂલણા)

કર્મની લઢણ ના લાગશે જ્યાં સુધી,
ત્યાં સુધી કર્મમાં કૈં ન ફાવે,
કર્મમાં ચિત્તને પ્રોઈને બેસતાં,
કર્મમાં અવનવો રંગ જામે.
હાથ બે જોડીને કો ન બેસી રહે,
કર્મ કરતાં જગે સર્વ દીસે,
કર્મનો રંગ બેસી જતાં ચિત્તમાં,
લહેર હૈયે ચઢે પ્રેમરંગે.
કર્મમાં લીન થૈ તાન એનું ચઢ્યે,
કર્મ ને કર્મ બસ કર્મ સૂઝે,
એ જ લગની હૃદે લાગજો સર્વને,
પ્રેમસંદેશ છે પ્રેમી સહુને.
કર્મની સાધનાની તમન્ના ઊંડી,
હૃદયમાં લાગતાં પ્રેમ જાગે,

પ્રેમ જ્યાં લાગશે ભક્તિ ત્યાં જન્મશે,
ધૂન ત્યાં એકની એક રે'શે.

## (૨) કર્મમહિમા

(વસંતતિલકા)

તું તો દયા તુજ ધરીશ ન કૈં લગાર,
થા તું પ્રતિ જરૂર કાળની જેમ ક્રૂર,
લીધા વિના સખત કર્મ ન છૂટકો છે,
ઊંઘ્યા વિના ઝટપટે તુજ લાગ કર્મે.

જે કૈં કહ્યા કરું તને નથી એ લવારો,
એ છે જરૂર તણખા ઉર આગના જો,
એ ઠારવાનું તુજ હાથ સખે ! રહ્યું છે,
રાખી કૃપાનજર, ખૂબ તું મસ્ત રે'જે.

આનંદમાં દિન બધા વીતવ્યા કરીને,
જે કૈં થતું તુજ કર્યા કરજે ઉમંગે,
જ્યાં કૈં થવાય મન તંગ, સવેળ ચેતી,
પાછું પ્રફુલ્લ બની કર્મ તું હાથ લેજે.

ના કર્મ મુખ્ય, પણ કર્મની ભાવના છે,
એ સૂરને સતત જાળવી રાખ હૈયે,
એ ભાવના દિલ જતાં સમજાઈ પૂરી,
મેળે જ એની બનશે તુજ કર્મ રંગી.

શું 'કર્મ' 'કર્મ' જગલોક બકે નકામાં,
એ તો કર્યા વગર કોઈ શું બેસી રે'તાં ?
છે ભાવની બઢતી કાજ જ કર્મ સર્વ,
એ લક્ષ ચિત્ત ધરી કર્મ કરો બધાંય.
        ના હોત કર્મ, જગ થાત પ્રવેશ કેમ ?
        ના કર્મ હોત, ઠરતે મન કેવી રીત ?
        ના હોત કર્મ, મળતે કહીંથી જ વેગ ?
        ના કર્મ હોત, સ્ફુરતે ઉર ક્યાંથી પ્રાણ ?
ના કર્મ હોત, ઉર વેઠ ન કાંઈ હોત,
ના હોત કર્મ, પરિવાર ન પત્ની હોત,
ના કર્મ હોત, જગ હોત ન પંડ પોતે,
ના હોત કર્મ, સહુ ઊંઘત અંધકારે.
        એ કર્મ એક કણથી કંઈ લાખ આપે,
        એ કર્મ પથ્થર થકી પ્રભુમૂર્તિ આપે,
        છે કર્મ ઊર્મિ, રસ, રંગ જમાવનારું,
        છે કર્મ શક્તિપ્રદ ચેતન પ્રેરનારું.
જો કર્મ છે, બધુંય છે, નવ કર્મ, કૈં ના,
આધાર કર્મ હૃદયમાં સહુ રીત પ્રોવા,
છે કર્મ સાધન જ પ્રકૃતિ જાણવાને,
છે કર્મ ભાવ પ્રભુનો જગ રેલવાને.
        જે કર્મ ચિત્ત, મન, બુદ્ધિ શમાવવાને,
        તે કર્મ અંગ સહુ ચેતન ધારવાને,
        છે કર્મ દિવ્ય પ્રભુ આહુતિ યજ્ઞની જે,
        તે કર્મ જ્ઞાન પ્રભુભક્તિ કરાવવાને.

સૌ કર્મ છો પણ કરો, નવ રાગ રાખો,
તે તે થતાં હૃદયમાંહી તટસ્થ વર્તો,
થાતાં, થયા પછી, કશું કંઈ લેવુંદેવું,
જાણે ન હોય મન એમ પૂરું દઢાવો.

જે કર્મથી મન ડરે, કરી તે શકે શું ?
જે કર્મથી મન ડરે, મન ઠારશે શું ?
જે કર્મ અંતરતણા, રસથી પ્રવેશી,
જો તે કર્યા જ કરશે, મળશે જ શાંતિ.

'પૂરેપૂરું હૃદ સમર્પણ પદ્મપાદે,
મારે તને કરવું છે બનતા પ્રયાસે,
રાખ્યા કરીશ મન તારી પ્રતિ હું ખુલ્લું,
ને સૌ કહ્યા કરીશ, કર્મ કરીશ જે હું.'

તારું નિરીક્ષણ કર્યા કરતો રહેજે,
તેથી તું દોષ ભૂલ ખોળી શકીશ સે'જે.
ને તે મથ્યા જ કર નિત્ય સુધારવાને,
માગી કૃપા હૃદય જાગૃત એમ રે'જે.

પે'લાં કરી જ મન ત્રેવડ 'ક્યાં જવાનું',
લીધો જ માર્ગ, પછીથી હઠવાનું કેવું !
શ્રદ્ધા ધરી હૃદતરંગ જમાવતા રૈ',
આગે બઢ્યા નિત કરો, નિજ કર્મ સાથે.

'સર્વસ્વ શક્તિ મુજ નિશ્ચય વાપરીશ,
ધાર્યું ગમે ત્યમ કરી પણ મેળવીશ,'
વિશ્વાસ એમ હૃદયે દઢ કેળવીને,
બેસીશ ના જરી ન જંપી ઠરીશ ક્યાંયે.

એકાગ્રતા જગત કર્મ કરાવતી જે,
તે શક્તિ ધ્યાન, જપ, ત્રાટક કર્મ આવે,
એકાગ્રતા જ્યમ વધે ઝટ ઊકલે સૌ,
ને એ બધી દૃઢ થતાં, ઉર પ્રાપ્તિ પામો.

સંતાપ લેશ ન કશાયતણો થવા દો,
ના આમ તેમ કશું ઇચ્છવું કૈં વિશે હો,
જેવું થયા જ્યમ કરે ત્યમ તે થવા દો,
એકાગ્ર રે'વું પણ સાધન રંગમાં તો.

❇

# ખંડ-૧ : કર્મશ્રી

હરિઃૐ

(અનુષ્ટુપ)

કર્મની બલિહારીની ગાથા આજ કથું તને,
રહસ્ય કર્મનું તેથી સાચું જણાય જીવને. ૧

કર્મથી જન્મતું સર્વ, પોષણ કર્મથી થતું,
રક્ષાતું કર્મથી સૌ કો, લય સૌ કર્મથી થતું. ૨

સર્જવું, પોષવું, નાશ કર્મે ત્રણે પ્રકાર છે,
કર્મ તેથી જ પ્રત્યક્ષ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે. ૩

જીવનમાત્ર સર્વેનું નભે, જિવાય કર્મથી,
પોષણ સર્વનું થાય જીવને કેવું કર્મથી ! ૪

કર્મથી નીપજે છે સૌ, સૌ પરિવાર કર્મનું,
આરપાર લઈ જાય જીવને સાચું કર્મ શું ! ૫

કર્મ માતા, પિતા, પુત્ર, સર્વ સંસાર કર્મ છે,
શું સગપણ બંધાતું કર્મથી જગ સર્વને ! ૬

કર્મ ના હોત સંબંધો તો ક્યાંથી હોત વિશ્વમાં ?
સંબંધો કેળવાયે છે જ્યાં ત્યાં કર્મથી આપણા.
'કર્મ જેણે કર્યું તેણે કર્યું કામણ' ઉક્તિ છે,
સાચું તથ્યાંશ એમાં છે, વળી સાચું હકીકતે.૭-૮

કર્મ જો બોદલું થાય લીલા સંસારની બધી
-તે પળવાર તો ક્યાંથી કેવી રીત શકે ટકી ? ૯

કર્મ ના બાવરું ક્યાંયે, બાવરાં આપણે ખરાં,
સ્વરૂપે આપણે જેવાં તેવું કર્મ સ્વરૂપ ત્યાં. ૧૦

કર્યા વિના કશું કર્મ આરો ના કોઈનો જ છે,
તો પછી કર્મમાં યોગ્ય લોક કાં ના પ્રવીણ છે ? ૧૧

ખાલી ખાલી પડી રૈ'ને મિથ્યા જીવન ગાળવું,
એશઆરામમાં પૂરું જીવવું, તે ન જીવવું,
સ્વાર્થ ને કામક્રોધાદિ લોભમોહાદિને વિશે
-જીવન ગાળવું, એને નર્કાગાર પ્રમાણજે. ૧૨-૧૩

જીવદશાનું જે રીતે જીવન સૌ જિવાય ત્યાં,
વહ્યા જવાતું છે સૌથી, ઘસડાયા જતાં બધાં. ૧૪

કર્મનું કેવું પ્રાધાન્ય બધાંનાં જીવને ઊંડું !
કર્મ વિનાનું તે કોઈ બેસી રહેતું ખાલી શું ? ૧૫

રોટલો શો કમાવાય સાચો જીવનકર્મથી !
લક્ષ્મી શી કર્મને લીધે ! શક્તિ તે પણ કર્મથી. ૧૬

શા પ્રત્યાઘાત આઘાત કર્મના જીવને બધા !
એને પારખવા કોણ બુદ્ધિશાળી જ કેટલા ? ૧૭

મહત્ત્વ કર્મમાં જેને ખરેખરું ઊગેલ છે,
કર્મની યોગ્યતાની શી કળા સાંપડવાની છે ! ૧૮

એમાં જો યોગ્યતા પૂર્ણ વ્યવસ્થા સર્વ કર્મની
-સભાનતાથી સંપૂર્ણ ધરાતાં, પામતાં જ શ્રી. ૧૯

કર્મની શી કળા ગૂઢ ! કર્મવિજ્ઞાન ઓર છે !
કર્મનું હાર્દ સંપૂર્ણ જાણવું તે અશક્ય છે ! ૨૦

❋

# ખંડ-૨ : કર્મની ગતિ

હરિ:ૐ

અધ્યાય : ૧

**'ગતિ ગહન છે ગૂઢ !'**

(અનુષ્ટુપ)

એની મેળે ન ઊગે છે જીવને કર્મ કો રીતે,
કર્મ પાછળ ધક્કેલો કોઈ ને કોઈ રીત છે. ૧

આપણા ચિત્તસંસ્કારો બુદ્ધિ કર્માનુસારિણી,
ભજવે ભાગ હેતુને ફંટાવવા ઘડી ઘડી. ૨

પૂર્વગ્રહો રહેલા છે સંસ્કાર બુદ્ધિમાં ઘણા,
એનાથી જે જણાયેલું હોવા ના સત્ય સંભવે. ૩

એવું જે સત્ય મિશ્રિત જણાયે એથી તોય તે,
ભુલાવે નાખનારું છે જાણજો કદી થૈ પડે. ૪

સંસ્કાર બુદ્ધિનું જોશ હેતુની શુદ્ધતા વિશે,
ઘટે વાપરવું તેથી ત્યાં ઘડી ઘડી ચેતજે. ૫

સત્યનું અંગ એકાદું બુદ્ધિથી જાણી કો શકે,
સમગ્ર સત્ય બુદ્ધિથી શકે જાણી ન કોઈએ. ૬

ગતિ ગહન છે ગૂઢ સમજવી શી કર્મની !
છતાં જેમાં અને તેમાં ધ્યેયનો હેતુ લક્ષથી. ૭

ચૈતન્ય અંતરેથી સૌ કર્મ તે ઊગવાં ઘટે,
કર્મનું મૂળ ચૈતન્યે ર્‌હેવું અંતરમાં ઘટે. ૮

સદ્‌ગુણો કર્મથી જન્મે દુર્ગુણો કર્મથી મળે,
લેવાદેવા છતાં ના છે તે સાથે કર્મને કશે. ૯

અનેક એવી મર્યાદા વાડા જુદા જુદા બધા
-સમર્થ તોડવા કેવી કર્મને મસ્તી દિલમાં ! ૧૦

કોઈ પ્રકારનાયે તે સંકોચ કર્મને ન છે,
કર્મ શરમ ના રાખે શે' એને કોઈની ન છે.
ધારેલું નિજનું સર્વ કર્મ પૂરેપૂરું કરે,
ક્યાંયે અટકવાનું તો કર્મ ના જાણતું જ છે. ૧૧-૧૨

કર્મની ગતિનો કેવો પ્રચંડ જ પ્રવાહ છે,
કિંતુ કર્મની તે કોઈ ગતિ પારખી ના શકે. ૧૩

કર્મ ના બાવરું થાય કર્મ એકાગ્ર કેંદ્રિત
-લીધેલામાં ઠરી પૂર્ણ લક્ષનું ભાન શું દિલ ! ૧૪

કર્મનો તોળવા ન્યાય કોઈ બેસી જ ના જશો,
સ્વભાવ-પ્રકૃતિ જેવી થશે તે રીત કર્મ સૌ. ૧૫

કર્મમાં કામયાબી છે સર્વને કર્મને વિશે,
સંકળાયેલ જે જે છે સ્પર્શવા ન્યારી રીતિયે ! ૧૬

ઊંડું ઊતરતાં કર્મે કર્મ-વિજ્ઞાન-શાસ્ત્રની
-બધા ભેદ પમાતાં ત્યાં, શો કર્મયોગ ગૂઢ હા ! ૧૭

કર્મને ભય શેનો છે ? શું ભયમુક્ત કર્મ છે !
કર્મ તો સોંસરું કેવું પેસી તે જાય છે ઊંડે ! ૧૮

કર્મનાયે પ્રકારો છે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ,
ત્રણેયે ભૂમિકાનાં તે જુદાં જુદાં જ કર્મ છે.

કારણનુંય છે મૂળ મહાકારણ અંતરે,
સર્વ જે-તેનું તો મૂળ હરિ પ્રત્યક્ષ મૂળ છે. ૧૯-૨૦

શૂન્યવત્ સમું કેવું બી નાનકડું, મૂળ જે
-તેમાંથી નીપજે, વૃક્ષ મૂળમાંથી જ થાય છે.
કેટલું મોટું તો વૃક્ષ ને છતાં બીજ અંતરે,
તેવી રીતે ગમે તેવું મોટું કર્મ હરિ વિશે. ૨૧-૨૨

જે તે છે શૂન્યને વિશે શૂન્ય છે શૂન્યને વિશે,
ઘોષ થવાથી ત્યાં શૂન્યે શૂન્યથી શૂન્યનો ખરે !
જે તે તેમાંથી ઊગીને નીકળી નીકળી, ઊગી
-પાછું અવતરી તે જ નીચે ઊતરતું નકી. ૨૩-૨૪

એમ જે તે જ જન્મ્યું છે જેનો ક્યાંય ન આદિ છે,
કર્મ આદરવું તેથી હરિની ભાવના વડે,
હરિને મોખરે ભાવે ઊંડામાં ઊંડું અંતરે
-ધારીને, ધારીને કર્મે આચરાતાં જ કર્મને,
અખંડાકાર સંપૂર્ણ હરિ જ્યાં કર્મને વિશે,
અલોપ કર્મનો ત્યારે શો આપોઆપ થાય છે ! ૨૫-૨૬-૨૭

અનંત શક્તિવાળું છે, અનંત ગુણયુક્ત છે,
ઐશ્વર્ય કર્મનું ઓર શો તે વિસ્તાર કર્મનો !
વૈભવ કર્મનો કેવો વર્ણવ્યો જાય ના કદી,
કર્મને કરતાં ભાવે ભાવ જ્યાં બઢતો જતો,
કર્મમાં હેતુના તેવા ભાવે, વર્તાય ભાવ તે,
દઢાતાં તે જતાં ભાવ છતો સંપૂર્ણ થાય છે,
દ્વંદ્વાતીત, ગુણાતીત, ભાવ પોતે સ્વતંત્ર છે,
કિંતુ અજ્ઞાનને લીધે અજાણે તે રહેલ છે. ૨૮થી૩૧

સંસ્કાર, વૃત્તિ, વિચાર, ભાવ, તે કર્મ જ્યાં થતાં
-બધાં પોતે છતા થાય તોયે કર્મનું મૂળ ત્યાં.
મૂળે સંસ્કાર છો નિમ્ન, કિંતુ હેતુ જ તે વિશે
-ઉત્કટ બળનો જો હો, સંસ્કાર બદલાવશે.
જેવા પ્રકારનું ધ્યેય તેવો શો હેતુ તેમ છે,
મહત્ત્વાકાંક્ષી તે ધ્યેય ઊર્ધ્વમાં ઊર્ધ્વ હોય છે.
એવો ત્યાં હેતુ પ્રત્યક્ષ વર્તાય આપમેળ તે ! ૩૨-૩૩-૩૪

કર્મ ને હેતુ તો પાછો શો પરસ્પર જીવને !
કર્મ પ્હેલું, પછી હેતુ કર્મે વર્તાય છે ખરે ! ૩૫

કર્મ નહોતુંયે ત્યારે હેતુ હતો જ અંતરે,
ભળ્યો કર્મની સંગાથે તેજસ્વી તે થવા ખરે. ૩૬

❋

હરિઃૐ

અધ્યાય : ૨

## 'ભાવથી કર્મનું માપ'

યોગ્ય કેવી રીતે, પૂર્ણ જીવન વિકસાવવા
-કર્મને કરવા, સાચી જાણવી રહી તે કળા. ૧

દૃઢ, મક્કમ નિર્ધાર હો હિમાલયના સમો,
તેવાને પૂછવા ક્યાંયે જવું ના પડતું કશું. ૨

ચાલવા માંડ્યું છે જેણે, ચાલતાં, ચાલતાં બધું,
જાણવા મળતું મેળે ઊઘડે દિલ સૂઝ શું ! ૩

ગમે તેવાં મળે કર્મ 'ઇચ્છા ત્યાં કેવી રાખવી,
આપણે હાથ તે વાત' ભૂલવું તે કદી નહિ. ૪

કર્મ મિથ્યા નથી કોઈ મિથ્યા તે કરીએ છીએ,
-આપણે આપણી જાતે, કર્મ દોષિત ત્યાં ન છે. ૫

કર્મમાં કામના ઊંડી આપણે રાખીએ છીએ,
કર્મમાં દોષ જન્માવ્યા કરીએ તેથી આપણે. ૬

તેથી જે કર્મને દે છે દોષ તે મૂર્ખ માનવી,
પોતાનો દોષ ના દેખે, કર્મ તો શું કરે પછી ? ૭

છરીથી હાથ કો કાપે અજાણતાંથી માનવી,
છરીથી કામ લે કાંઈ જેવું જોઈતું માનવી. ૮

કર્મ તો જન્મની સાથે બંધાઈને રહ્યું ખરે,
ને છોડી ના શકે એને કેમેયે કરી કોઈયે. ૯

તો પછી 'કર્મને કેવી રીતે ફેરવવું રહ્યું
-આપણા લાભમાં પૂરું ?' એટલું ત્યાં વિચારવું. ૧૦

ભાવના ઉગ્રમાં ઉગ્ર ઊંડી ઊંડી ઉતારવી,
કર્મને કરતાં તે જો વધે ના થોભવું તહીં. ૧૧

વેપારે નાખતાં પાસાં ફાવતાં જ્યાં નથી કશું,
રખાયે ખંચકાવાનું કર્મમાં તેમ વર્તવું. ૧૨

હેતુના ખ્યાલની સાથે વર્તાતા જ્ઞાન કર્મમાં,
ઉમેરાતું જશે જાણો, વણાયાં જતું આપમાં. ૧૩

થવું જેવું તમારે હો એનું લક્ષ ન જો રહે,
જીવતુંજાગતું હૈયે તો તે તેવાં ન થૈ શકે. ૧૪

જે જે કર્મ થતાં હોયે ઊંડો તે હેતુ કર્મનો,
ભાવના તેવી ત્યાં રાખી ત્રણેનો મેળ સાધવો. ૧૫

કર્મ ને જ્ઞાન ભક્તિનો ત્યાં સુમેળ જમાવીને,
ત્રણેનો ખ્યાલ તો હૈયે રહેવો સાધકને ઘટે. ૧૬

ખોટું કર્મ નથી રહેતું જો હેતુ સમજાય ત્યાં,
હેતુ રહે સાથ જો ઊંડો હૈયે જીવંત ભાવમાં. ૧૭

ભાવથી કર્મનું માપ જણાશે આપમેળ તે,
પોતે સુધારી પોતાને, શકે એ રીત નિશ્ચયે. ૧૮

હેતુની શુદ્ધતા કર્મે વધ્યા જેમ વધુ કરે,
સ્વયંભૂ ભાવનું જોશ વધ્યા તે કરશે હૃદે. ૧૯

કર્મના હેતુનું ધ્યાન જીવને તેથી રાખજો,
દોરાયેલાં ગમે ત્યાં હો કિંતુ હેતુ ન ચૂકશો. ૨૦

કર્મ તો કામધેનુ છે કર્મ કલ્પતરુ ખરે,
કર્મમાં હેતુનું જ્ઞાન જે રાખે, શ્રેય મેળવે. ૨૧

કર્મથી કર્મ પામે છે આકાર સર્વ જાતના,
જેવો આકાર પોતાનો ધરે તે રૂપ કર્મ ત્યાં. ૨૨

કર્મનો અધિષ્ઠાતા તો કોઈક દેવતા શું છે !
એવી જે દેવતા શક્તિ પોતાનામાં વસેલ છે. ૨૩

કર્મના ભાગ્યદાતા તો વિધાતા કોઈ જીવને,
તેવા તો માત્ર શા પાત્ર યોગ્ય છો એકલા તમે. ૨૪

નિર્માતા કર્મનો કોઈ જીવને હોય, આપ છો,
પ્રારબ્ધનેય સંપૂર્ણ શા પલટાવવા જ છો

-સમર્થ સર્વ વાતે જો આકાશે ઊડવાતણો
-પુરુષાર્થતણો અગ્નિ તીવ્ર જો ભભૂકેલ હો. ૨૫-૨૬

તમારા જીવને જેવી ખાંખત, ખંત, ઉદ્યમ,
ઉત્સાહ, બુદ્ધિ, ચાતુર્ય, કુનેહ, દિલ, હિંમત,
દક્ષતા, યોગ્યતા પૂર્ણ ચકોરતા, નિપુણતા
એવા આદિગુણો કર્મે વરે વિજયશ્રી તદા. ૨૭-૨૮

કર્મમાં ચેતના જેની ઓતપ્રોત જીવ્યા કરે,
કર્મની સર્વ મર્યાદા એવાને નિત્ય ઊગશે. ૨૯

❋

હરિઃૐ

અધ્યાય : ૩

## '-આ બધું જાણી ના શકે'

એકનું એક હો કર્મ પ્રકાર એક છો ભલે,
વ્યક્તિ વ્યક્તિતણી વચ્ચે ભેદ સ્વભાવનો જ છે. ૧

એક પ્રકૃતિવાળાનું કર્મ, એવું જ કર્મ જ્યાં
બીજી પ્રકૃતિનું તે હો બન્નેમાં ફેર છે છતાં. ૨

પ્રકૃતિના સ્વભાવોમાં શી ભિન્નભિન્નતા જ છે !
એને લીધે પરિણામ વિશે વર્તાય ફેર તે. ૩

કર્મમાં ભાવ જેવો હો તેવું જ પરિણામ છે,
ભાવમાં ભિન્નતાને લૈ પરિણામે શું ફેર છે ! ૪

એકનું એક હો કર્મ છતાં કર્મ થતી પળે,
વૃત્તિ કેવી રમે છે ત્યાં ઓછાવત્તાપણે જ જે,

ઓછાવત્તાપણાથી તે કર્મના પરિણામમાં
-ફેરફાર પડે કેવા દોહ્યલા સૂક્ષ્મ જાણવા. ૫-૬

કોઈક કર્મમાં ક્રોધ ભારે ભભૂકતો હશે,
એવી જ કર્મમાં મૃદુ પાછી કોમળતા હશે. ૭

એના એ જ છતાં કર્મે જુદી લાગણી જે હશે
-એ પ્રમાણેનું પ્રત્યક્ષ જીવને નિપજાવશે.
કર્મ હો એકનું એક છતાં વ્યક્તિથી જુદી તે
-થતું હો કર્મ, તેનું તે ફેર છે પરિણામમાં ! ૮-૯

પ્રત્યેક વ્યક્તિનાં કર્મ તેની તેની રીતે સદા,
તપાસવાં ઘટે, પામો સમજવાની તે કળા. ૧૦

એકની એક વ્યક્તિનાં હો તેનાં તે જ કર્મ ત્યાં,
જુદી જુદી પળે ત્યારે, તેનો તે જ સ્વભાવ ના.
જુદા જુદા પ્રકારે જે ઓછાવત્તાપણાથી શી !
વૃત્તિ કર્મે રમંતી જે શો ભેદ પરિણામથી ! ૧૧-૧૨

કર્મનું જે પરિણામ પ્રકૃતિનો સ્વભાવ જે,
ઓછાવત્તાપણાની જે વૃત્તિ, તે કાળ કેવી છે,
એવાં શાં કારણો સાથે સંકળાયેલ કર્મનું
-પરિણામ, જુદી જુદી રીતે તે વ્યક્ત થાય શું ! ૧૩-૧૪
કર્મના તે પરિણામતણો તે ન્યાય તોળવો
-મુશ્કેલ જાણવો કેવો, કેટલો અઘરો જ શો ! ૧૫
ડાહ્યા માનવીએ તેથી તોળવાનું જ છોડવું,
તોળવું યોગ્યતાથી તો શક્ય ના કોઈ રીતનું. ૧૬

જીવને વ્યવહારો સૌ કર્મના કેવી રીતથી
-બને છે, જાણવું તેવું બની શકે ન કોઈથી. ૧૭

કર્મો સ્વભાવથી સર્વ જીવને જે થતાં દીસે,
જેવો સ્વભાવનો રંગ, તેવાં કર્મ થયે જશે. ૧૮

પટ જેવો નદીનો છે તેમાં પાણી વહ્યું જતું,
આપણું તેવું સૌનુંયે વે'વાનું કર્મમાં થતું. ૧૯

એથી સ્વતંત્ર કો રીતે કોઈ વર્તી જ ના શકે,
પ્રકૃતિનું જ પ્રેરાયું જ્યાં ત્યાં દોરાય વિશ્વ તે. ૨૦

જીવને એ રીતે કર્મે દોરાવાનું ન રાખવું,
કર્મમાં ધ્યેયનો ભાવ દૃઢાવી એમ વર્તવું. ૨૧

દોરાયા પ્રકૃતિથી જો કર્મ પ્રવૃત્તિમાં કદી,
દ્વંદ્વાદિ વૃત્તિનું જોશ મોળું તો પડશે નહિ. ૨૨

ગુણોની જે બનેલી છે પ્રકૃતિ આપણામહીં,
ખેલ કેવા કરે છે તે જાણવું 'લક્ષ્ય દૃષ્ટિ'થી. ૨૩

'જ્ઞાન તેવું થયા વિના આપણે કેમ જાણશું
-શાથી ત્યાં દોરવાયેલાં ? ને હશે એનું મૂળ શું ?' ૨૪

માત્ર બુદ્ધિ ચલાવ્યેથી આ બધું જાણી ના શકો,
જન્મ્યું તાટસ્થ્ય જો ના હો તેમ ત્યાં વર્તી ના શકો. ૨૫

❊

હરિ:ૐ

## અધ્યાય : ૪

## 'ગૂઢતાની મહત્તા શી !'

'આજ' શું તે રહેવાની આજ ને આજ વિશ્વમાં ?
'આજ' 'કાલ' થવાની છે, એ તો નિશ્ચિત વાત ત્યાં. ૧

'કાલ'નું 'આજ' થી જોવા શાને કાજે વિચારીએ ?
'આજ'થી 'કાલ' તો જુદી 'આજ'માં વળી 'કાલ' છે. ૨

વર્તમાને રહ્યું ભૂત, ભવિષ્ય વર્તમાનમાં,
ત્રણે એવાં ભળેલાં કાં શકે જાણી જ કોણ એ ? ૩

ભૂતથી વર્તમાનેયે, વર્તમાને ભવિષ્ય તે,
કોક તો ઓળખી લેતાં, એમાં સંશય ના ખરે. ૪

એને ના માનવાનું છે, 'આ' કે 'પેલું' કશુંય તે,
'આ' અને 'પેલું'ના જુદું, પરિવર્તન માત્ર તે. ૫

વસ્તુતત્ત્વ તો એનું એ સદાકાળ રહ્યા કરે,
રૂપ ને સ્થાનમાં ફેર જ્યાં ત્યાંથી શાં થયા કરે ! ૬

ફેર જ્યાં ત્યાં થતો એવો વિશ્વમાં નીરખાય છે,
સૌમાં ફેર થવાનો છે વિશ્વ એકરૂપે ન ર્હે. ૭

શક્તિના રૂપમાં ફેર, ફેર તો પ્રભુના રૂપે,
માનવીના રૂપે ફેર વિશ્વમાં ફેર સૌ સ્થળે. ૮

માનવીરૂપ છે ગૂઢ, ગૂઢ છે મન માનવી,
તેથીયે માનવી શક્તિ ગૂઢમાં ગૂઢ શી ખરે ! ૯

ગૂઢતાની મહત્તા શી ! ગૂઢ તે મન ખેંચતું,
જેનામાં ગૂઢતા જાણી ત્યાં મેળે મન પ્રેરતું. ૧૦

ગૂઢતાને શકે જાણી કેવી રીતે જગે જન ?
ગૂઢને જાણવા જાતાં બને ગૂઢ વધુ ગૂઢ ! ૧૧

જાણવા ગૂઢને એવી રીત શી ગ્રહવી રહી ?
આદિકાળ થકી એને ઉકેલી કો શક્યું નહિ. ૧૨

માનવી દિલનું ગૂઢ એનાં સર્વ સ્વરૂપમાં
-વિચારે, ભાવના, કર્મે એથી તો ફેરવાય શાં ! ૧૩

'આજ' ને 'કાલ'માં માટે ભેદ જોવો નહિ કશો,
'આજ'માં જોઈશું જે, તે સાચું નિત્યે ન રૂપ તો. ૧૪

❃

# ખંડ-૩ : કર્મહેતુ

હરિ:ૐ

અધ્યાય : ૧

## 'કર્મમાં ધ્યેયનો હેતુ-'

(અનુષ્ટુપ)

ખાલી ખાલી વિના હેતુ કરાય ના કશું પથે,
'નહિતર અજ્ઞાનીમાં જવાનાં ખપી' જાણજે. ૧

હેતુ વિના જીવે જેઓ જન્મ્યાં મિથ્યા પ્રમાણવાં,
જીવનનો કશો સાર પ્રીછવા ત્યાં ન શક્યતા. ૨

ગાડરિયા પ્રવાહેથી કર્મમાં જે વહ્યે જતાં,
રહેવાનાં જ એવાં ને એવાં કોરાં જ તે સદા. ૩

હેતુ વિનાનું કૈં ના છે હેતુપૂર્વક સર્વ છે,
જેમાં તેમાં બધાંનાંમાં શો છુપાયેલ હેતુ છે ! ૪

હેતુ વિનાનું જે કર્મ તે કર્મ ના ફળાવશે,
હેતુમાં જ્ઞાન ને ભક્તિ શાં સમાયેલ બેઉં છે ! ૫

હેતુ જે જીવને રાખ્યો જવાતું હો વિરુદ્ધ જ્યાં,
અયોગ્ય જાણી લેવું તે, રાખવું સીધું માપ ત્યાં. ૬

પ્રત્યક્ષે હેતુને જોવો નિશ્ચયાત્મક તે રીતે
-થતાં એવું કશી શંકા રહેશે કર્મમાં ન તે. ૭

કર્મ નોધારું ના ક્યાંય આધાર શો કશાતણો !
-જીવને કર્મને તો છે હેતુ શો રળવાતણો ! ૮

હેતુપૂર્વક તો તેથી સાધવા કર્મ જીવને,
તો તો વિકાસ સંપૂર્ણ, વાસ્તવિકતા શી જીવને, ૯

કર્મને જે કરે નિશ્ચે હેતુને દિલ ધારીને
-હેતુ જિવાડતો રાખી કરે કર્મ, ખરું જીવે. ૧૦

કર્મને હેતુના ભાવે ધ્યેયની સમજે થતાં,
ગુણ ને ભાવ ને શક્તિ કેવાં તે ખીલતાં જતાં ! ૧૧

ગુણ ને ભાવ ને શક્તિ મૂળે તો છે જ અંતરે,
ભભૂકેલાં ન કિંતુ તે ધ્યેયની ધગશે બઢે. ૧૨

જેવો જીવન આદર્શ ઇચ્છ્યું તે ઘડવું હૃદે,
તેવા આદર્શમાં અગ્નિ જો ભભૂકેલ હોય છે,
તો ત્યારે તે ગુણો, ભાવ, શક્તિ છતા થતાં જતાં,
ધ્યેય, ઉત્સાહ, ઉછાળો જેવો, વર્તાય તેમ ત્યાં. ૧૩-૧૪

કર્મમાં ધ્યેયનો હેતુ, ધ્યેયની ધગશે ઊંડા
-ઉત્સાહે, ખંત ને હામે ઉદ્યમથી, જતો વધ્યા,
હેતુ સિદ્ધ થવા કાજે કર્મ કેવું અગત્યનું,
કર્મ એરણના જેવું જેથી ઘાટ ઘડાય સૌ,
કર્મના અગ્નિમાં જેઓ પૂર્ણ રીતે તવાય છે,
હથોડા પડતાં માથે ઘાટ યોગ્ય ઘડાય છે. ૧૫-૧૬-૧૭

કર્મમાં હેતુ જેવો છે, ઘડાતો ઘાટ તે રીતે,
જેવાં ધગશ, ઉત્સાહ તેમ વર્તાય જીવને. ૧૮

જેવી ઉત્કટતા તીવ્ર ધ્યેયમાં અગ્નિની રીતે
-પ્રજ્વળેલી રહેલી છે ભભૂકે કર્મમાં જ તે. ૧૯

ધ્યેય ફળાવવા કર્મ, કર્મ એકાગ્ર તે થવા,
કસોટી ને પરીક્ષાયે કર્મમાં શી થતાં સદા ! ૨૦

કર્મમાં જે પ્રવર્તે છે જીવનધ્યેય ધારીને,
અખંડિત હ્રદે હેતુ ચેતનાત્મક રાખીને,
ધ્યેય ફળાવવા કર્મ મળેલું, સમજે હ્રદે
-કરી કર્મ, સમર્પે જે ભાવે ચરણ, તે રળે. ૨૧-૨૨

વિશ્વ ઉત્ક્રાંતિનો યજ્ઞ કેવો ચાલે સનાતન !
હોમાય આદિથી એમાં કેવાં ઉત્કૃષ્ટ જીવન !
છતાં શું માનવી જાત એવી ને એવી પામર ?
ચઢે, પાછી પડે હેઠી, એનો શો ગૂઢ એ ક્રમ ! ૨૩-૨૪

જીવને કર્મમાં વ્યક્તિ ગમે તેવી અયોગ્ય હો,
નિસ્બત, કલ્પના, ખ્યાલ તે સાથે જીવને ન કો.
કર્મ ઉકેલવા સાથે કર્મને પ્રભુહેતુથી,
પૂરી નિસ્બત તો એક તે સાથે માત્ર ધારવી. ૨૫-૨૬

સત્ત્વથી, રજસે યુક્ત, તામસે યુક્ત કર્મ છે,
પ્રેરાયેલાં જ જે કર્મ સત્ત્વે, તે કર્મ શ્રેષ્ઠ છે. ૨૭

જ્ઞાનપૂર્વક હેતુ છે જેનો કર્મ વિશે ઊંડો,
તેવાંને જીવને કર્મ ઘડે અનોખી રીત શું ! ૨૮

શાં વળી ધર્મ્ય કર્તવ્ય જીવને તો અનેક છે,
દૃષ્ટિ, વલણ શાં જુદાં પ્રત્યેકનાં જ જીવને,
છતાં ધારણ હૈયામાં શ્રીહરિ હેતુનું જ છે. ૨૯

સંસારે વ્યવહારે તો 'અતિ'ને વર્જવું રહ્યું,
કિંતુ તે ભાવના ક્ષેત્રે 'અતિ' મહત્ત્વનું ઘણું.
'અતિ' એ એકલું માત્ર ભાવના ક્ષેત્રને વિશે
-પૂરતું ના પૂરેપૂરું સાતત્ય અતિ જોઈશે.
જીવતુંજાગતું પાછું યોગ્યતા પૂર્ણતા વિશે,
હેતુ સચોટતાયુક્ત એવું તે 'અતિ' યોગ છે. ૩૦-૩૧-૩૨

નઠારું સારું ના કર્મ, કર્મમાં ગુણ કૈં ન છે,
કર્મમાં ગુણ પ્રેરાયે, પ્રેરાવેલાં જ આપણે. ૩૩

કર્મના હેતુને સ્પષ્ટ પૂરો પાર ઉતારવા,
પ્રેરાઈ તે રીતે કર્મે, કર્યે કર્મ, તરે સદા.
કર્મને લોક કાં નિંદે ? મુલાયમ, શું પોચું તે !
વાળે તેમ વળે પોતે, કર્મ કેવું કહ્યાગરું ! ૩૪-૩૫

કર્મને સાધનારૂપે ગણી, જે કર્મને કરે,
અવતાર નવો એનો જન્માવે કર્મ નિશ્ચયે. ૩૬

કર્મમાં હેતુ પ્રત્યક્ષ રાખતાં રાખતાં હૃદે,
ફળે હેતુથી તો ધ્યેય, કર્મ સાધનરૂપ થૈ,
'કર્મ આધાર ભૂમિકા જીવન પામવાતણી',
ભાવના હેતુની એવી કર્મમાં તે પરોવવી. ૩૭-૩૮

આરંભે મધ્યમાં અંતે કર્મની, પ્રભુને હૃદે
-રાખીને જે કરે કર્મ, તે સત્કર્તવ્ય યોગ છે. ૩૯

કર્મ તો જીવને કેવું દિવ્ય સાધન જાણવું !
રખે ઉવેખતાં કર્મ, ભાવથી કર્મ સાધવું. ૪૦

❋

હરિઃૐ

## અધ્યાય : ૨

## 'વ્યવસ્થિતિ બધી કર્મે-'

વફાદાર પૂરેપૂરાં એકનિષ્ઠ ખરેખરાં
-કર્મમાં, કર્મથી પૂર્ણ, કર્મથી તે રળે ખરાં,
બેઠાડુ, આળસુ જેઓ યદ્વાતદ્વાપણે કરે
-કર્મ, તેવા કમાણી ના કોઈ રીતે કરી શકે. ૧-૨

જેવું તેવું કર્યે કર્મ તે ઊડઝૂડિયું થયે,
કર્મમાં ના ભલીવાર કોઈ રીતે જ સાંપડે. ૩

બોથડ રીતથી કર્મ માનવી શાં કર્યા કરે !
કમાવી ના કશું આપે તેમને કર્મ જીવને. ૪

જેનામાંહી અનાસ્થા છે જીવન પરતત્ત્વની,
પોતામાં પણ જેને કૈં દૈવત લાગતું નથી,
હોશકોશ કશાનામાં જેને કૈં જાગતા ન છે,
એવાં તો શાં મરેલાં છે ભલે તે જીવતાં જ છે ! ૫-૬

હોંશ, તત્પરતા કર્મે પૂરાં જેને ન દિલ છે,
ઝાઝો વાળી શકે ના દી કર્મમાં કર્મથી જગે. ૭

કર્મને હાથમાં લેતાં ફફડે છે અપાર જે,
તેવાંને કર્મ કો રીતે રળી ના આપનાર છે.
તેવાંનાં કર્મમાં કોઈ ના ભલીવાર જીવને,
એવાં જીવનમાં જીવે તોય ના જીવતાં જ તે. ૮-૯

કર્મનો ભાર લાગે છે જેને માથા પરે ઘણો,
ગાળિયું કાઢવા માગે કર્મનું, શું શીખે કશું ? ૧૦

વૈતરા પેઠ તો કર્મ કદી ના કરવું કશું,
એવું કર્મ ફળાવે શું ? ગધ્ધાવૈતરું જાણવું. ૧૧

ગતિ અળશિયા જેવી લીધેલી કર્મને વિશે,
એવાં તે કોઈ દી ભાગ્યે ફતેહ મેળવી શકે. ૧૨

સ્વેચ્છાએ જે લીધેલું છે કર્મને ચહી પ્રેમથી,
પ્રમાદ તે વિશે રાખે યોગ્ય તે મુદ્દલે નથી. ૧૩

યદ્વાતદ્વા રીતે કર્મ થાતાં, શો દોષ નીપજે !
નુકસાન થવાનું છે, પૂરેપૂરું જ તેથી તો. ૧૪

વ્યવસ્થિતિ બધી કર્મે તેથી લગાડવાની છે,
કાબેલિયત સંપૂર્ણ કર્મમાં શી જરૂરી છે !
કુનેહ, બુદ્ધિ, ચાતુર્ય સંપૂર્ણ સાવચેતી ને
સાવધાની થતા કર્મે જીવને ધારવાની છે. ૧૫-૧૬

આબેહૂબ પ્રતિકૃતિ ચેતનાતણી જે નથી,
એવાં કર્મતણું મૂલ્ય લગારે જીવને નથી. ૧૭

દ્વંદ્વાદિ અસરોથી કૈં જે જે કર્મ થયા કરે,
ચેતનાશક્તિ તેવી તે ભૂમિકામાં ન પાંગરે. ૧૮

સર્વ કોઈ કરે કર્મ, કિંતુ તે સ્વાર્થ અર્થ છે,
યજ્ઞની ભાવના વિના કર્યું કર્મ નિરર્થક ! ૧૯

કર્મમાં ભાવ જીવંતો જેને અંતર કૈં ન છે,
તેમનું કર્મ, તો કર્મ કહેવા યોગ્ય કંઈ ન છે. ૨૦

❋

હરિઃૐ

## અધ્યાય : ૩

## ‘ધરાવ્યે કર્મમાં હેતુ-’

કર્મ જેવું બીજું કોઈ શીખવનાર છે જ ના,
કર્મથી શીખવા ભાન જેને, તેવાં શીખ્યાં જતાં. ૧

જેને એકાગ્રતા કર્મે, તેને કર્મ સુઝાડશે
-કર્મનું જ્ઞાન, તેવાં તો રળે કર્મથી જીવને. ૨

કોઈના બાપનું ના છે કર્મ આગવું કોઈનું,
કર્મ તો સંકળાવે છે કળાથી કર્મ સર્વ શું ! ૩

કર્મ જેવું બીજું કોઈ હિતેશ્રી નથી આપણું,
ઉછેરીને, ઉછેરીને શિખવાડે નવું નવું. ૪

સંપૂર્ણ નીકળે કેવું પાર સોંસરવું જવા,
કર્મ શી શિખવાડે છે કેવી જાદુભરી કળા ! ૫

કર્મથી શીખવા જેને તમન્ના દિલ અગ્નિ શી !
વિદ્યા શી કર્મથી તેને આપમેળે મળ્યે જતી ! ૬

મહત્ત્વ કર્મથી કેવું ઘડાવા સારું જીવન,
ઉત્તમ કર્મના જેવો બીજો કોઈ ન શિક્ષક. ૭

યોગ્ય રીતે કરાતાં હો કર્મ જ્યાં યોગ્ય હેતુએ,
નૌતમ જાણવાનું તો કર્મમાંથી મળ્યા કરે. ૮

કર્મથી શી કસોટી તો જીવનની થયા કરે !
કર્મનાથી પરીક્ષા તો જીવનની થયા જશે. ૯

કેટલું પાણી પોતામાં કર્મથી તે મપાય છે,
'કાબેલિયત કેવી છે', કર્મથી પરખાય તે. ૧૦

આવડત તમારીનું કર્મથી ભાન થાય છે,
'કાચી કે પાકી બુદ્ધિ છે.' કર્મથી તે જણાય છે. ૧૧

તમારી શક્તિનું માપ કાઢી શકાય કર્મથી,
મનની યોગ્યતા કેવી કર્મમાં ઓળખાય શી ! ૧૨

શો માપદંડ તો કર્મ જીવનનો બધાતણા !
તોળનારો ખરો કાંટો કર્મને જાણજો સદા. ૧૩

કેવો જીવનનો સાચો કર્મ પોતે પરીક્ષક !
યોગ્યાયોગ્યતણું જ્ઞાન કર્મથી થાય જીવને. ૧૪

કેટલાં કેળવાયાં છે ગુણો ને શક્તિ ભાવ તે,
કરંતાં કર્મ તો તે સૌ સે'જે શાં ઓળખાય છે ! ૧૫

કર્મ જે શીખવે તેવું કો ના શીખવનાર છે,
કર્મ પ્રત્યક્ષ શા બોધ પ્રેરાવે નિત્ય જીવને ! ૧૬

સોનાને કસવા કાજે કસોટી પથરો જ છે,
ગુણને પરખાવાને કસોટી કર્મ જીવને. ૧૭

ભલભલાની કર્મે શી પરીક્ષા તો થઈ જતી !
કસોટી 'કર્મ' તો કેવી સર્વ માટે ખરેખરી ! ૧૮

કેવા ને કેટલા ગુણ કેળવાયેલ જીવને,
કર્મના અંતરે તેની મેળે સમજ ઊગશે. ૧૯

શું પરીક્ષક છે કર્મ ! શું અંતઃચક્ષુ કર્મ છે !
ધરાવ્યે કર્મમાં હેતુ પારસમણિ કર્મ છે. ૨૦

જીવને કર્મ આવેલું નકામું ના ગણો કદી,
કેટલા કેટલા ગુણ કેળવાયે જ કર્મથી. ૨૧

કર્મ તો શીખવે વિદ્યા મોંઘા પાઠ ભણાવતું,
ભણે છે કર્મથી જેઓ તેવાંનું જીવ્યું કામનું. ૨૨

કર્મથી સૌ થતું મોટું, કર્મ, કારીગરી બધી
-અનેક જાતની કેવી શિખવાડે નવી નવી ! ૨૩

ભોક્તા, દાતા, શું છે કર્મ ! શિક્ષાદાતા જ કર્મ છે,
નિશ્ચે જીવનમાં કેવું કર્મનું પરિણામ છે ! ૨૪

કેળવણી શી પ્રેરાવે કર્મ જીવન અંતરે !
સંસાર કર્મથી ચાલે કર્મ જ્યાં ત્યાં બધે જ છે. ૨૫

મળે જગાડવા કર્મ, કર્મ સુઝાડવા નવું,
નવું પ્રેરાવવા કર્મ કૃપાથી મળ્યું લાગતું. ૨૬

ભાગ્ય ફળાવવા કેવું કર્મ જે શિખવાડતું,
વિદ્યા તે કર્મમાં યોગ્ય વાપરે, સર્વ પામતું. ૨૭

❈

# ખંડ-૪ : કર્મરૂપ

હરિ:ૐ

અધ્યાય : ૧

## ‘કર્મ સ્વરૂપ ઈશનું’

(અનુષ્ટુપ)

કર્મ નોધારું ના ક્યાંયે, આધાર કર્મને જ છે
-કર્મનો, કર્મમાંથી શો મળેલો લાગતો ખરે ! ૧

કર્મ ના બોલી જાણે છે પ્રત્યક્ષ તે થવા ચહે,
પોતાથી ઊપજે જે તે આપમેળે જણાય છે. ૨

કર્મમાં ભાન સંપૂર્ણ ઓતપ્રોત થયેલ છે,
દર્શન કર્મનું તેવા અલૌકિક બધી રીતે. ૩

કર્મથી ભાગ્ય ખીલે છે ઘડાતું કર્મ તે જ તે,
આપણો કોઈ નિર્માતા હોય તો કર્મ ખાસ છે. ૪

કર્મ ના બબડે કાંઈ કરવું હોય જે બધું
-કરી પ્રત્યક્ષ સાક્ષાત બતાવ્યા જ કરે નર્યું. ૫

હાથ ને પગ જોડીને માથે હાથ જ રાખીને,
નિરાશાથી શું ઘેરાઈ કર્મ ના બેસી ર્‌હેતું છે ! ૬

કરે ધમપછાડા શા પુરુષાર્થ થતો બધો
-કર્યા કરે જ સંપૂર્ણ એવો કર્મસ્વભાવ શો ! ૭

ફના ભલે થવાનું છે ખુવાર જો થવાતુંયે,
મૃત્યુને ભેટવાનેયે કર્મને છો ભલે થશે,

કિંતુ તે મરણાંતેયે પાછું તો પડશે ન કૈં,
ઊલટું ભેટવા મૃત્યુ કર્મનો હર્ષ ઓર છે ! ૮-૯

કર્મનો શો અધિકાર જમાવવા પ્રભાવ તે
-જુદો શો સર્વની પ્રત્યે ! છતાં પાછો સ્વતંત્ર જે.
'કર્મના જે પરિણામ થકી છટકી ના શકે,
કોઈએ કો પ્રકારેથી,' તે અબાધિત સત્ય છે. ૧૦-૧૧

ભીડભંજન શું કર્મ ! સરે સૌ સાર કર્મથી,
વિશ્વમાં ચાલતો ર્‌હે તો સૌ વ્યવહાર કર્મથી. ૧૨

આસપાસનું પોતાનું કર્મ તે જાણી લેતું છે,
અણજાણ કશા વિશે કદી કર્મ ન રે'તું છે. ૧૩

કર્મના અવતારો છે જન્મે છે તે વળી વળી,
કદીક લૂલું, ઢીલું શું વજ્રની સમું તો કદી. ૧૪

ગુરુ જીવનનો કર્મ કર્મ જીવનની કળા,
ઉકેલ કર્મથી સૂઝ સર્વ શી જન્મતી તદા ! ૧૫

કર્મને કર્મથી દામ નામના કર્મથી મળે,
મળે કર્મથી શા રામ જગે શા રામ કર્મથી !
છે જેના કર્મમાં રામ પાંસરું કર્મ તે થશે,
કર્મ તો કામધેનુ છે કર્મ તો કલ્પવૃક્ષ છે. ૧૬-૧૭

કર્મ તો વિશ્વનું રૂપ, કર્મસ્વરૂપ ઈશનું,
કર્મ વિના કશો ખેલ, શકે ઉદ્‌ભવી કેમ શું ? ૧૮

કર્મથી વિશ્વ જન્મે છે કર્મે પોષાય વિશ્વ આ,
કર્મથી મૃત્યુ પામે તે કર્મમાં તે ત્રણે ક્રિયા. ૧૯

મળતાં જીવને જે તે કર્મ કેવાં પરીક્ષક !
કર્મયે પરખાતાં, જો અંતરે હો નિરીક્ષક. ૨૦

શો પરાત્પરનો ઊંડો સંબંધ કર્મ સાથ છે,
કર્મસંબંધ સંપૂર્ણ છૂટે ના કોઈનાથી તે. ૨૧

કર્મથી જ બધાં કેવાં સંકળાયેલ જીવને !
-પરસ્પરથી સંબંધે ભળેલ કર્મમાં જ તે. ૨૨

કર્મ જાણવું જુદું છે જુદું કર્મને માનવું,
પ્રીછવું કર્મ તો જુદું શું કર્મમાં તરવું જુદું ! ૨૩

મા'લવું કર્મ જુદું શું કર્મમાં તરવું જુદું,
કરંતાં હો બધાં કર્મ છતાં તે કરતાં નથી,
તે કર્મયોગ સંપૂર્ણ તેણે જાણ્યો જ શો જીવી ! ૨૪

❋

હરિ:ૐ

અધ્યાય : ૨

## 'ચેતનાશક્તિ પ્રેરાવે'

કર્મ જે જે લીધું, તેને પાર તે પાડવા વિશે,
જેને લગની છે એવા કોઈક શૂરવીર છે. ૧

કર્મનાં સર્વ પાસાંને તોળી તોળી વિચારીને
-ચારેબાજુથી તે ઊંડું સંજોગ, કાળ ન્યાળીને
-પાર ઉતારવા કર્મ, કર્મે એકાગ્ર જે થતાં,
પ્રગટાવી શકે એવાં કર્મે કૌશલ્ય સૌ સદા. ૨-૩

કર્મ ઉત્તમ રીતે સૌ ઊંડું ઊંડું જ કર્મને
-શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ શી રીતે થાય, તેમ વિચારીને
-ચાતુર્ય વાપરી સર્વ, નૈપુણ્ય બુદ્ધિનું બધું
-શીખવા કર્મથી, કર્મ કરે, તેવાં રળે નર્યું. ૪-૫

જેને ના રસ સંપૂર્ણ પોતાનાં કર્મમાં જરા,
એળે સમય જે ગાળે, મિથ્યાચારી જ તે બધાં,
કર્મથી જીવતાં સર્વ, કર્મથી રળતાં બધાં,
કર્મથી બળ સૌ પામે શ્રેષ્ઠ સદ્‌ગુરુ કર્મમાં. ૬-૭

ઉત્સાહ કર્મમાં જેને પૂર ઊછળતા સમો,
એને તો કર્મમાં થાક લાગે ના દિલમાં કશો,
લગાતાર કરે મંડ્યા ધસમસ્યો ધપે જ તે,
કર્મને પાડવા પાર, કર્મમાં હેતુ ધારીને. ૮-૯

કર્મમાં ધ્યાન જેનું છે, કર્મમાં લક્ષ જેનું છે,
જે ઓતપ્રોત કર્મે છે, કર્મમાં ચોંટ્યું ચિત્ત છે,
કર્મમાં ભાવ જેનો છે, કર્મમાં દિલ પૂર્ણ છે,
કર્મમાં પ્રાણ પ્રેરાયા જેના સંપૂર્ણ જીવને,
કર્મમાં હેતુ સંપૂર્ણ જેનો છે ચેતનાત્મક,
તેના જીવનનો કેવો વળાંક રચનાત્મક ! ૧૦-૧૧-૧૨

સંપૂર્ણ શક્તિ પોતાની કર્મમાં પ્રગટાવવા,
કર્મમાં બુદ્ધિ તે અર્થે પ્રેરાવે, તે રળે તદા. ૧૩

કર્મમાં જાગતો ર્‌હે જે કર્મમાં ચેતનાત્મક,
કર્મ તેનું બનાવે છે જીવન રચનાત્મક. ૧૪

કર્મમાં શૌર્ય જેનું છે, સંપૂર્ણ છે પરાક્રમ
-શું ઓતપ્રોત કર્મે જ્યાં સ્વરૂપ કર્મ ઉત્તમ ! ૧૫

કર્મમાં ધ્યાન સંપૂર્ણ ઊંડું ચોંટી ગયેલ છે,
યોગ્ય સર્વ ભલીવાર તેના કર્મે શું સાંપડે !
કર્મ સંપૂર્ણ એકાગ્ર ને જે કેંદ્રિત છે હૃદે,
તેને તો પૂછવા વારો કર્મમાં આવતો ન છે. ૧૬-૧૭

કર્મથી કર્મ પોતાનું ઊંડું આવેલ કર્મમાં
-ચિંતવ્યા જે કરે હૈયે, એને કર્મ રળાવતાં.
કર્મ પ્રત્યક્ષ શાળા શી પોતાને ઘડવાતણી !
કર્મમાં દૃષ્ટિ, વૃત્તિ હો જેવી, શિખાય કર્મથી. ૧૮-૧૯

ઉત્તમોત્તમ જે રીતે કરાતાં કર્મ યોગ્ય જે,
તે કર્મથી ફળે વિદ્યા કળા નૌતમ જીવને. ૨૦

સંપૂર્ણ યોગ્તાથી જે મળ્યું કર્મ કર્યે જતે,
બુદ્ધિમાં ઓર કૌશલ્ય જન્માવે કર્મ અંતરે. ૨૧

કર્મમાં લક્ષ પ્રોઈને એકનિષ્ઠાથી જે કરે,
કર્મ તેને ચઢાવે છે હોય એનાથી આગળે. ૨૨

શીખવાકેરું છે ધ્યાન જેને કર્મ થકી ઊંડું,
કર્મ શ્રીસદ્‌ગુરુ તેને બને જીવનમાં રૂડો. ૨૩

કર્મ પ્રત્યક્ષ પોતે શું પ્રેરક પ્રેરણાત્મક !
કર્મથી અભિલાષાઓ પોષાય રચનાત્મક ! ૨૪

જકડાયેલી સંપૂર્ણ પરિસ્થિતિ ભલે જ હો,
સંજોગો કારમા છોને છતાં કાયર તે ન છે.

પરાક્રમથી તે કેવો સામનો કરવા પૂરો
-કર્મની તત્પરતા શી ! કર્મ નિત્ય શું સાબદું ! ૨૫-૨૬

કશાથી ભાગવું કર્મ કશું તે નથી જાણતું,
લીધેલું તે થવા પૂર્ણ, કર્મ તેમાં મથ્યે જતું. ૨૭

કર્મમાં લક્ષ સંપૂર્ણ કર્મ તેને રળાવશે,
કર્મને વળગી ખંતે રહે નિશ્ચય તે રળે. ૨૮

ચેતનાશક્તિ પ્રેરાવે ઊંડી જીવનમાં સદા,
સંધાવે ચેતના તાર કર્મ શા એકમેકમાં ! ૨૯

જતું સૌ કરવા વેળા કર્મને પ્રગટેલ છે,
ઉદાર મસ્ત ભાવેથી જતું સર્વસ્વ તે કરી. ૩૦

કમાવા કર્મથી દેવાં પડે શાં બલિદાન તે !
ફના થવા શી તૈયારી જેની તેને વરે જ તે. ૩૧

કર્મમાં શીખવા જેની શી અંતર્મુખ દૃષ્ટિ છે !
કર્મ શ્રીસદ્ગુરુ તેનો બને શો આપમેળ તે ! ૩૨

કર્મમાં સાધવાને જે કર્મથી સૌ મળેલ છે,
તેમાં મસ્તાન સંપૂર્ણ કર્મ શ્રેષ્ઠ પરાત્પરે. ૩૩

બાહોશીથી જ જે કર્મ યોગ્ય સંપૂર્ણ જે બને
-કરે પૂરેપૂરી રીતે પછી આરામ પૂર્ણ લે.
એવા મહારથી કેવા તે પરાયણ કર્મમાં,
કર્મમાં ભક્ત જ્ઞાની શા, શા ચક્રવર્તી સર્વમાં ! ૩૪-૩૫

કર્મમાં, કર્મથી જેનો શો પુરુષાર્થ ભવ્ય છે !
પરાત્પરે ચઢે તેવો કર્મનો ભક્ત ધન્ય છે. ૩૬

ક્યાંથી નીકળવાનું છે ને ક્યાંથી પેસવાનું છે,
કર્મને કરવું કેવી રીતે યોગ્યપણાથી તે.
કર્મમાં પાંસરો યોગ્ય એકધારો જીવંત છે,
શા કર્મભક્તને એવા ક્યાંયે ના પૂછવું પડે. ૩૭-૩૮

કર્મની તે કળામાં જે રંગાયેલ પૂરેપૂરો,
યોગ્ય આચરવું કર્મ કેમ, ના પૂછવું પડે.
એવાને સુતરું સર્વ કર્મની સોંસરો જશે,
કર્મની ભક્તિ એવામાં ફૂટી શી નીકળી હશે ! ૩૯-૪૦

❃

હરિ:ૐ

અધ્યાય : ૩

## '-તે કર્મ ફળદાયી છે.'

મહત્ત્વ કર્મમાં જેને જીવતુંજાગતું જ છે,
કર્મમાં હેતુનું ભાન જેને જીવતું દિલ છે,
યોગ્યમાં યોગ્ય રીતેથી ઉત્તમોત્તમ સૌ રીતે
-કર્મને કરવાનું જે, તે કર્મ ફળદાયી છે. ૧-૨

કર્મનાં સર્વ પાસાંને યોગ્ય સંપૂર્ણ રીતથી
-વિચારીને ઊંડું ઊંડું કર્યે કર્મ, રળે નર્યું. ૩

વ્યવસ્થા, ધૈર્ય ને શક્તિ, કર્મથી કેળવાય છે,
ઉત્તમોત્તમ તો કર્મ કર્યાથી, સાન શી મળે ! ૪

કર્મની સાથ જે બીજાં સંકળાયેલ જીવને,
કર્યે ઉત્તમ તો કર્મ વળે સંતોષ તેમને. ૫

આકર્ષાયે જ તે તે શા વપરાયાથી જ કર્મમાં
-કળા, તે ઉપયોગેથી ખીલતી બુદ્ધિ યોગ્ય શી ! ૬

કર્મમાં બુદ્ધિ તે યોગ્ય વપરાતાં ઊંડી સૂઝે,
કૌશલ્ય બુદ્ધિમાં કેવું યોગ્યતામાં બઢ્યા કરે. ૭

ગુણ ને ભાવ ને શક્તિ કર્મ વર્તનથી બઢે,
કર્મ સદ્‌ગુરુ તેથી તો જીવને કર્મ યોગ્ય તે. ૮

કર્મ ના ઓશિયાળું છે, ટટારી ને ખુમારીયે
-કરાતાં યોગ્ય તે કર્મ, કેવાં જીવન સાંપડે ! ૯

કર્મમાં ભાન સંપૂર્ણ જેનું જીવન દિલ છે,
પ્રેરાવે કર્મ તેનામાં કર્મની સૂઝ જીવને. ૧૦

ઉત્સાહ કર્મમાં જેને અપરંપાર હોય છે,
કર્મનું હાર્દ તેવાંને આપોઆપ મળે જ છે. ૧૧

શહૂર કર્મથી ખીલે, ખંત ઉદ્યમ શાં બઢે !
કર્મમાં પ્રાણ સંપૂર્ણ પ્રેરાતાં, શક્તિ પાંગરે. ૧૨

ગમે તેવું ભલેને હો નાનું કે મોટું કર્મ તે,
કર્મે દૈ દિલ સંપૂર્ણ કર્યે કર્મ રળાવશે,
શો અવતાર જૂનો જે નૂતન ફેરવાવશે,
શું અલૌકિક, મૌલિક જીવન પ્રગટાવશે. ૧૩-૧૪

નવી નવી બધી સૂઝ કરંતાં કર્મ નીપજે,
કેવા કેવા ગુણો સર્વ કર્મ સૌ કરતાં મળે ! ૧૫

મન, બુદ્ધિ, અહં, પ્રાણ, ચિત્ત તે કર્મને વિશે,
કરતાં કરતાં કેવાં જણાયે આપમેળ તે. ૧૬

વફાદારીથી સંપૂર્ણ કર્મ જે તે થયે જતાં,
ખુમારી કર્મમાં જન્મે ફૂટે મર્દાનગી તદા. ૧૭

કર્મથી ઓશિયાળું કૈં કોઈ રહી જતું નથી,
મર્દાનગીભર્યું શૌર્ય ને પરાક્રમ કર્મથી. ૧૮

મુશ્કેલી, ગૂંચ ને પ્રશ્નો કર્મ ઉકેલી આપશે,
કર્મથી સર્વ સંગાથે શો સહકાર ઊગશે ! ૧૯

આવડત બધી કર્મે યોગ્ય તે કરતાં જતાં
-ખીલતી કેવી તે ર્‌હે છે આવે અનુભવે તદા ! ૨૦

વિપત્તિ, દુઃખ, મુશ્કેલી વિઘ્નો છો કર્મ તે પથે,
સંગ્રામ, સામનો કેવો આપે મર્દાનગીથી તે. ૨૧

યોગ્યતાથી જ સંપૂર્ણ કર્મને કરવા જતાં,
દક્ષતા, બુદ્ધિ, ચાતુર્ય કેવાં તે ખીલતાં જતાં ! ૨૨

યોગ્ય તો કરતાં કર્મ, વિદ્યા પાંગરતી જતી,
કર્મને કરવાનીયે કળાનું શાસ્ત્ર છે વળી,
એનો અભ્યાસ જેને છે વાસ્તવિકપણે સદા,
એવાં નિપુણ તે શાસ્ત્ર એમાં સંશય ના જરા. ૨૩-૨૪

થવા ખુવાર સંપૂર્ણ કર્મ કાજે શું તત્પર !
આપે છે રળી તેવાને પરાત્પર શું કર્મ જ ! ૨૫
સૂક્ષ્મતા બુદ્ધિમાં આવે કર્મ યોગ્ય કર્યા કરે,
મૌલિકતા શું અદ્‌ભુત કર્મ સદ્‌ભાવથી કર્યે. ૨૬

કર્મથી ભાગ્ય ખીલે છે નસીબ આડું પાંદડું
-કર્મથી ખસી જાયે તે રળી તે કેવું આપતું ! ૨૭

કર્મની સાથ જેની છે બિરાદરી ખરેખરી,
ફળાવા કર્મને જેની તૈયારી શી બરાબરી ! ૨૮

પ્રદેશ એકથી એક જુદા કર્મ બતાવતું,
'મનોદશા શી પોતાની !' કર્મથી સૂઝી આવતું. ૨૯

કર્મમાં જેની સંપૂર્ણ એકનિષ્ઠા અપાર છે,
કર્મ શું ફળદાતા છે તેને જીવનમાં ખરે ! ૩૦

કર્મના સર્વ આઘાત પ્રત્યાઘાત થતા હૃદે,
સમતા, શાંતિ, તાટસ્થ્ય રાખે જે જાળવી, રળે. ૩૧

કર્મ પ્રયોગશાળા છે જ્ઞાન ઉદ્‌ભવવા હૃદે,
કર્મને આચરે જે કો એ રીતે, જ્ઞાન મેળવે. ૩૨

કર્મથી ખ્યાલ જન્મે છે કર્મથી બોધ તો મળે,
કર્મથી સર્વ સંબંધો જીવને ઓળખાય છે. ૩૭

❋

# ખંડ-૫ : કર્મભાવ

હરિઃૐ

અધ્યાય : ૧

## 'ભાવના-જ્ઞાન ધારવાં'

(અનુષ્ટુપ)

કર્મ જ્યાં કરતાં હો ત્યાં ઉત્તમોત્તમ ભાવના
-જીવતીજાગતી જો હો, તેવા સંસ્કાર કર્મના. ૧

એકમાંથી બીજામાં શું પ્રવેશે કર્મ શું તહીં !
પોતાનો કર્મઆધાર, ધારે સંસ્કારની મહીં. ૨

ઉત્તમોત્તમ છો કર્મ કિંતુ તે કરતી પળે
-નકારાત્મક વિચાર, સંસ્કાર કર્મના જ તે. ૩

ઊંધા, ખોટા, નઠારા જે સંસ્કાર વળી ઉત્તમે,
અનેક જાતના એમ તેનો ભંડોળ ચિત્ત જે,
એમાં સમગ્રતા જે છે તેમાંથી પ્રાણવૃત્તિઓ
-વિચાર, ભાવના આદિ સ્ફુર્યા તે કરતું બધું. ૪-૫

તેના વહેણમાંથી તો કર્મ પોતે થયા કરે,
કર્મ ઉદ્‌ભવ તેથી તો સંસ્કારેથી થયો ખરે. ૬

પ્રકૃતિ જ્યાં અનાદિ છે જીવ તો ત્યાં અનાદિ છે,
જીવ જ્યાં તે અનાદિ છે કર્મ તે શાં અનાદિ છે !
કર્મ જ્યારે અનાદિ છે સંસ્કાર ત્યાં અનાદિ છે,
તેથી કર્મનું તો મૂળ અનાદિ શ્રીહરિ વિશે. ૭-૮

અનંત પ્રકૃતિ જ્યાં છે, જીવ અનંત જાણી લે,
કર્મની સાથ સંસ્કાર પાછા કેવા અનંત છે !
અંત ના એમનો આવે અનંતાનંત જીવને ! ૯

કિંતુ ત્યાં શિવમાં જીવ ત્યારે છે અંત કર્મને,
કર્મ જ્યાં નથી, સંસ્કાર કેવી રીતે પછી ઊગે ? ૧૦

કર્મનું સર્વ તાત્પર્ય કર્મને કરવા જતાં,
કરતાં કરતાં ર્‌હેતાં થતાંમાં, પરખાય ત્યાં. ૧૧

કર્મ ઉત્તમ દેખીતું છતાં સારો ન હેતુ જો,
ઉત્તમ કર્મનું કેવું પરિણામ ઊંધું જ તો. ૧૨

કર્મ ના માત્ર દેખાવ ઉપરનાથી, કર્મને
-ઓળખવા જતાં કેવી ભૂલથાપ ખવાય છે ! ૧૩

હેતુને જાણવો, કેવો મુશ્કેલ, અઘરું જ છે,
શરીર કર્મનું માત્ર, જાણી માત્ર શકાય તે. ૧૪

જેવું કર્મ કરાતું હો, હેતુ ત્યાં પરખાય છે,
ભાવના કેટલી કેવી કર્મે ત્યાં ઓળખાય છે. ૧૫

જન્મે સંસ્કાર કર્મોથી કર્મ સંસ્કારથી ઊગે,
શો પરસ્પરનો એવો સંબંધ એકમેક જે !
કોણ પે'લું, પછી કોણ બન્ને તે સાથ સાથ છે,
પરસ્પરે જ જોડાણ પરસ્પરથી અંતરે. ૧૬-૧૭

કેટલાં કર્મમાં કેવા સૌ ઉત્સાહાદિ ગુણ છે !
કર્મમાં પરખાતાં તે આવે છે આપમેળ તે. ૧૮

વિવેક, શક્તિ, તાટસ્થ્ય, જાગ્રતિ, શાંતિ, ભાવના,
કેવાં કેવાં રહે કર્મે ઘટે સર્વ તપાસવાં. ૧૯

જ્ઞાતા, જ્ઞાન, અને જ્ઞેય કર્મની એ પરિસ્થિતિ,
કર્તાભોક્તાપણું તેમાં એકલા જ્ઞાનને નથી. ૨૦

કર્મને કરતી વેળા ભાવના જ્ઞાન ધારવાં,
ત્રણેનો યોગ સાધંતાં યોગની પરિપૂર્ણતા. ૨૧

કર્મ પોતે જ કોઈને આપતું, લઈ લેતું છે,
ભાવના, વૃત્તિ, જેવાં છે કર્મે, સ્વરૂપ કર્મ તે.
દેખીતું નરસું કર્મ, ભાવના હેતુ શ્રેષ્ઠ છે,
ઉચ્ચ પ્રકારનું યોગ્ય તો પરિણામ નીપજે. ૨૨-૨૩

સંપૂર્ણ સર્વ આધાર જેનો તેનો બધાંયનો,
ભાવના કેટલી કેવી તેજસ્વી જ પટેય શો !
ભાવનાને યથાયોગ્ય તેજસ્વી શી જલાવતી
-એ દશામાં રહેવાને શાં પ્રાર્થનાદિ કર્મ છે ! ૨૪-૨૫

પ્રત્યેક કર્મમાં ઊંડી ભાવનાને દૃઢાવવા,
અભ્યાસ કરવો હૈયે ધારણા ધારી ધારી ત્યાં. ૨૬

કર્મમાં ભાવના જેની સંપૂર્ણ ચેતતી જ છે,
એવાંને કર્મ તો કેવું કર્મ પાર લઈ જશે ! ૨૭

❊

હરિ:ૐ

## અધ્યાય : ૨

## 'યજ્ઞના ભાવની રીતે'

કર્મ સાથે પડેલાં છે પાનાં તો આપણાં જગે,
યજ્ઞના ભાવની રીતે કર્મોને કરવાં ઘટે. ૧

યજ્ઞ એ તો પ્રભુ પોતે યજ્ઞ ને કર્મ એક છે,
કર્મ એથી બધાં જાણો પ્રસાદી પ્રભુની જ તે. ૨

જાણીને કર્મ એ રીતે જે જે કોઈ કર્યે જશે,
ના કાંઈ નડશે એને, કર્મ મુક્તિરૂપે થશે. ૩

જે રીતે પ્રભુને રુચે સૌ કરો કર્મ એ રીતે,
સાધના કર્મની એવી ભાવાર્થે તે થવી ઘટે. ૪

કોઈનેયે જગે વા'લું જો થવું હોય આપણે,
જે તેયે કરીએ છીએ તેની રીતે જ સર્વ તે. ૫

કર્મમાં યજ્ઞનો ભાવ તેથી સંપૂર્ણ જીવતો
-રાખી રાખી કરે કર્મ, કર્મ એને ફળાવતું. ૬

કર્મથી ભક્તિ ને જ્ઞાન સાકાર જીવને થતા,
તેથી તો કર્મનો યજ્ઞ, અનુભવી પ્રમાણતા. ૭

કર્મના સર્વ સંજોગો એમ ને એમ કેમ તે
-ફીટી કૈં જાય ? એને તો રહ્યા ભોગવવા ખરે. ૮

'કર્મમાં યજ્ઞ, ને યજ્ઞે વસેલા પ્રભુ' તો રહ્યું
-કર્મનું હાર્દ તેથી તો પ્રભુનું તત્ત્વ જાણવું. ૯

એ રીતે કર્મને જે કો વિશ્વે આચરશે હૃદે,
અગમ્ય કર્મની પાર એ રીતે માનવી થશે. ૧૦

તે વિના રીત કો બીજી એની પાર જવા નથી,
યજ્ઞભાવે બધાં કર્મો જીવને કરવાં ચહી. ૧૧

કર્મને પાર પાડવા તણો યજ્ઞ મળેલ છે,
શો પ્રેરાયેલ તેમાં તે એકધારો રહેલ છે ! ૧૨

જે રીતે સાધના હેતુ વધુ સારો ફળ્યા કરે,
રાખ્યા કરી તહીં લક્ષ આચરો કર્મ તે રીતે. ૧૩

થયેલું એ રીતે કર્મ પોતે યજ્ઞરૂપે બને,
થયેલું યજ્ઞરૂપે જે પ્રભુનું મુખ થાય છે. ૧૪

ચેતનાત્મક તે હેતુ જીવતોજાગતો હૃદે
-જલાવી, જે કરે કર્મ સાચો તે કર્મયજ્ઞ છે. ૧૫

❋

હરિઃૐ

અધ્યાય : ૩

## ‘ભાવમાં હેતુનું જ્ઞાન’

કર્મમાં ભાવ જો ના હો, મિથ્યા કર્મ પ્રમાણવું,
ભાવ વિના કશું કર્મ કરવાનું ન રાખવું. ૧

પ્રકૃતિ સાથ તો કર્મ સંકળાયેલ જીવને,
કર્મ તો મુક્તિને અર્થે મળેલું હેતુપૂર્વક. ૨

જ્ઞાનપૂર્વક હેતુથી થતાં જતાં જ કર્મ તે,
સ્વભાવ મૂળનો જે છે સુધર્યા વિણ રહે ન તે. ૩

કર્મમાં ભાવ પ્રેરાતાં કર્મ જે કરણો વડે
-થતું હો, કિંતુ તે રીતે પછી કર્મ થશે ન તે. ૪

ભાવમાં હેતુનું જ્ઞાન આપમેળે રહે જ છે,
જે કર્મે ભાવ સંપૂર્ણ કર્મ તે રીત તો થશે. ૫

કર્મને તેથી હેતુના ભાવેથી કરતાં જતાં,
યોગ્ય વળાંક લેવાતો હોય છે જીવને તદા,
ભાવ સાકાર સંપૂર્ણ થાય ના કર્મના વિના. ૬

જીવન ઊર્ધ્વમાં ઊર્ધ્વે ઉત્કૃષ્ટ પ્રગટાવવા,
શો નિરંતરનો હોવો ઘટે ભાવ ઊંડો સદા ! ૭

કર્મ ભલે જ દ્વંદ્વાદિ ભૂમિકાનું રહ્યું જગે,
કિંતુ ભાવથી એને તો પાર કરી જવાય છે. ૮

કર્મ જડ ભલે પોતે, કર્મ સ્થૂળ ભલે જ તે,
કિંતુ જે કર્મમાં ભાવ, તે દ્વંદ્વાતીત છે મૂળે. ૯

જ્યાં નિરંતરનો ભાવ જીવને પ્રગટેલ છે,
ત્યારે તેનાં બધાં કર્મ દ્વંદ્વાતીત, ગુણાતીતે. ૧૦

જેમ જેમ દૃઢે ભાવ કર્મે તેમ હૃદે થશે,
શાંત, કેંદ્રિત, એકાગ્ર મજા તેની શી ચાખશો ! ૧૧

કર્મમાં ભાવ સંપૂર્ણ દૃઢાતાં ચેતનાત્મક,
પ્રકૃતિનું પૂરેપૂરું થાય ત્યાં શું રૂપાંતર ! ૧૨

ઊભરાતો જહીં ભાવ, કર્મે તે વપરાય જો,
કર્મમાંથી નવા પ્રાણ, નવો વેગ, ઊગ્યે જતો. ૧૩

ભરપૂર ભર્યો ભાવ કર્મમાં, ઉપયોગમાં
-હેતુપૂર્વક લેવાતાં, ગુણશક્તિ જીવંત શાં ! ૧૪

સ્થિરતા, શાંતિ, તાટસ્થ્ય, આનંદ, સમતા, બધાં
-કેવાં ને કેટલાં તે છે યોગ્યતાના પ્રમાણમાં,
કર્મને આચરાતાંમાં સાચી સમજ ત્યાં પડે,
કર્મ જીવનમાં તેથી કેટલું ઉપયોગી છે ! ૧૫-૧૬

પ્રાર્થનાભાવ હૈયામાં દૃઢાવી કર્મ સૌ કરો,
વિના ભાવ થતાં કર્મો નકામાં સર્વ તે ગણો. ૧૭

પોતે શાંત થયા વિના, પોતે મુક્ત થયા વિના,
શાંત મુક્ત બીજાઓને શેં કરાવી શકો તમે ? ૧૮

કૃપાથી જે પરિપૂર્ણ ચેતનામાં થયેલ છે,
જાગેલો તે જ સાચો છે, ખીલ્યાની ત્યાં સુવાસ છે. ૧૯

ભૂમિકા યોગ્ય તેવી જો ત્યાં માત્ર છે શી શક્યતા !
બાકી બીજે પડે માત્ર સંસ્કારો એવી રીતના. ૨૦

કર્મના વ્યવહારોમાં જે જે જીવન સાંપડે,
પ્રાર્થનાભાવ તે તેમાં સાતત્યે પૂરવો ઘટે. ૨૧

પ્રાર્થના તે વિનાનું કૈં થવા દેવું ન જીવને,
સમગ્રે હો હૃદે ભાવ તેટલો સૌ પરોવી દો. ૨૨

વિધિ કે માન્યતાઓમાં ના ર્‌હેવું જકડાઈને,
ભાવ પ્રાગટ્ય અર્થે સૌ, તે તે છે ખપનું ભલા ! ૨૩

કરતાં કરતાં કર્મ, કર્મ તે કરતી પળે,
અખંડાકાર જ્યાં ભાવ મેળે, શાં કર્મ ગૌણ છે ! ૨૪

જે ભાવે કર્મમાં પ્રોઈ એને આદરીશું જગે,
મોડોવ્હેલો પડે એનો નિશ્ચયે પડઘો હૃદે. ૨૫

કર્મયોગ સધાવાને ભક્તિજ્ઞાન મહત્ત્વનાં,
ત્રિવેણી સંગમે મેળો અદ્ભુત થાય કર્મમાં. ૨૬

ઉત્તમોત્તમ તે કર્મ થવા સંપૂર્ણ સૌ રીતે
-હૈયાનો ભાવ સંપૂર્ણ તેમાં હોવો ખરો ઘટે. ૨૭

ઓતપ્રોત હરિમાં જે તેનામાં માત્ર જીવવું,
એવો તે ભાવ હોવાની વાસ્તવિકતા શી યોગ્ય છે ! ૨૮

ભાવ ને શક્તિ કર્મે જો પ્રભુપ્રીત્યર્થ થાય છે,
આપમેળે ખીલ્યાં કેવાં જતાં તે સર્વ જીવને ! ૨૯

❋

હરિઃૐ

અધ્યાય : ૪

## ‘સાફલ્ય કરવા કર્મ’

ગૂંચવાયેલ ભારે જ્યાં નર્યા જીવન કોકડા,
કર્મ શી દક્ષતાથી તે સૌ ઉકેલે જ કોયડા ! ૧

કર્મ પાવરધું કેવું ! મળેલાં કર્મમાં સદા,
કદી આવડતું ના હો, એને શરમ ના કદા
-પૂછવા ગાછવામાં છે, સંકોચ કર્મને ન કૈં,
સાર સૌ કાઢી લેવામાં યોગ્ય કાબેલ કર્મ છે. ૨-૩

સાફલ્ય કરવા કર્મ કેવા કેવા જ પેંતરા
-વ્યવહારે શું કૌશલ્યે ભરવાના જ જે બધા ! ૪

કળાના જ્ઞાનને ત્યારે કર્મ લે ઉપયોગમાં,
કર્મ શા ઉપયોગોથી ખીલ્યા કરતું કર્મમાં. ૫

કદીક અટકી જાય ગંભીર શું વિચારવા,
ધ્યાનસ્થ દિલ એકાગ્ર કર્મ પોતે શું થાય ત્યાં ! ૬

ઊતરી શું ઊંડે ઊંડે કાઢવા ખોળી કર્મને,
ઊછળે હાર્દ તે વેળા કર્મનું કર્મમાં હૃદે. ૭

યદ્વાતદ્વા કરે કર્મ ઘડો ના ઊપજે કશો,
કર્મ તો સર્વ પાસાંથી તોળી તોળી જ તે થજો. ૮

કર્મ ના આંખ મીંચીને દોડાદોડી કશી કરે,
આંધળી દોટ ના ક્યાંયે કર્મની જીવને ખરે. ૯

સંકોરવું પડે કેવું ! કદી સંકેલવું પડે,
પડે વિસ્તારવું પાછું, ઘડી ઘડીની ચાલ જે. ૧૦

મુશ્કેલી, આપદા, વિઘ્નો, કોયડા, ગૂંચ જીવને,
ગૂંચવાડો નવો એકએકથી પ્રગટેલ જે,
એને નિવારવા બુદ્ધિ, ચાતુર્ય ને તટસ્થતા
-હોવાં યોગ્ય ઘટે પૂરાં, સૌ કૌશલ્ય તરાવવા. ૧૧-૧૨

જ્યાં રણશિંગું સંગ્રામે બજેલું એકધારું છે,
સફાળું ઓચિંતું ત્યારે ચેતાઈ ત્યાં જવાય છે. ૧૩

જાગીને, ઊઠીને, બેઠાં થઈ, તત્પર સાબદા
-થવાતાં વાર ના લાગે, કર્મમાં રત તે સદા,
કાળ એળે જવા ના દે, પ્રત્યેક પળ જીવતી
-કર્મના વ્યવહારુને, લે ઉપયોગ કર્મથી. ૧૪-૧૫

આચરાતાં જ સંપૂર્ણ કર્મ તટસ્થતાથી જે,
કર્મ કૌશલથી પાછો થતાં જ્યાં નિત્ય જીવને.
યોગ્યાયોગ્યતણો ઊંડો જાગે કેવો વિવેક જે,
કર્મમાં તે પછી જોવાપણું ક્યાંય ન ર્‌હેતું છે. ૧૬-૧૭

❊

હરિઃૐ

અધ્યાય : ૫

## 'કર્મ સાક્ષાત શક્તિ છે.'

કેટકેટલી રીતે તો કર્મ જીવન તારવા,
કેવું તારવવા યોગ્ય ! ઘડાય કર્મથી બધાં. ૧

પોતાનું સાધવા પૂર્ણ જેનું દિલ ખીલેલ છે,
ક્યાંયે ના ખટકો એને વચ્ચે ના અટકે કશે.
આરપાર થવા જેની ઉત્કંઠા શી અપાર છે,
એવાંને કર્મ ઉત્સાહે પ્રેરાઈ બધું અર્પી દે. ૨-૩

કર્મ શું એકલે હાથે જે તે નીપેટવા બધું,
હોશિયારીથી પોતાની કાબેલિયત સર્વ શું
-વાપરી, વાપરી પૂરી કર્મ ત્રેવડ જાળવી,
કેવું કેવું રળે કર્મ કર્મની ઓર શક્તિ શી ! ૪-૫

કૈં આડુંતેડું તો કર્મ જોવા તે બેસતું નથી,
સારવા નિજનો હેતુ શી તાલાવેલી દિલથી
-હંમેશાં કર્મને તો છે, જીવતીજાગતી બધી,
કર્મ નિશાન પોતાનું તત્પર વીંધવા વળી. ૬-૭

કર્મ ખાલી ન બેસે છે, આરપાર થવા મથે,
પુરુષાર્થી સદા કર્મ સદા ઉદ્યત કર્મ છે. ૮

કર્મ આકાશપાતાળ તે કરી શકવા જગે
-સમર્થ કેવું પ્રત્યક્ષ પ્રચંડ શક્તિવાળું તે ! ૯

પોતાના એકલા માત્ર પરે આધાર કર્મને,
કર્મ સ્વતંત્ર રહી પોતે આધાર કોઈનો શું લે ! ૧૦

કર્મ ના આંધળું તે છે, કર્મ શું જ્ઞાનવાળું છે !
કર્મ જે કૈં રળાવે છે, કર્મ સાક્ષાત શક્તિ છે. ૧૧

બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, ત્રણે શક્તિ શી કર્મ છે !
કર્મ તો છે મહાશક્તિ જગદંબા શી જીવને ! ૧૨

❋

# ખંડ-૬ : કર્મપ્રભાવ

હરિઃૐ

અધ્યાય : ૧

**'કર્મ તો પ્રેરવા બોધ-'**

(અનુષ્ટુપ)

સમજ્યે કર્મને જેવું તેવું તે ફળ આપશે,
કિંતુ સંસારી તો કર્મ અગડંબગડં કરે.
કર્મમાં યજ્ઞનો ભાવ હરિભક્ત વિના બીજા
-સમર્થ રાખવા કોઈ જીવને બળવાન ના. ૧-૨

સંસારી માનવી કેવાં કર્મને સમજ્યા વિના
-ગાડરિયા પ્રવાહે તે, જે તે સર્વ કર્યા કરે.
સ્વાર્થ, મોહ અને લોભ, કામક્રોધાદિ જે વિશે
-તેવાં કર્મ, કહેવાને કર્મ, કોઈ રીતે ન તે. ૩-૪

રળાતી હો ભલે લક્ષ્મી, કર્મ વડે કરી જગે,
કિંતુ જો વપરાતી હો સ્વાર્થે લક્ષ્મી ન લક્ષ્મી તે. ૫

નર્યા જ સ્વાર્થમાં લક્ષ્મી જે વપરાતી હોય છે,
જીવન હણનારી તે જેથી ભાવ ન ઊગશે. ૬

જીવન ભાવ વિનાનું એની કિંમત કોડીની,
ભાવ વિના કશું યોગ્ય અંતરે ઊગતું નથી. ૭

ભાવ જીવનમાં યોગ્ય કર્મથી કેળવાય છે,
કર્મનો હેતુ જીવંતો અંતરે પ્રગટેલ છે. ૮

જ્ઞાન તો કેળવવાને કર્મનો મુખ્ય હેતુ છે,
પરંતુ કોણ એ રીતે પ્રીછતું દિલ કર્મને. ૯

જીવને કર્મ તો સૌને કોઈ ને કોઈ રીતનું
-કર્યા વિના ન ચાલે છે, સર્વની પરિપાટી તે. ૧૦

કર્મમાં લક્ષ હેતુનું કર્મમાં ભાવ ભક્તિનું
-ભાન જીવનનું જેને કર્મમાં નથી ઊગતું,
તેવાંને કર્મ તો કેવું નર્યું બોજારૂપે ઘણું,
તેવાંઓનો ભલીવાર કોઈ કાળે નથી થતો. ૧૧-૧૨

કર્મને કેવી રીતિથી આચરવાનું જીવને
-જેથી ભાવ બઢે ઊંડો જીવનનું મહત્ત્વયે,
અડબંગ રીતે યદ્વાતદ્વા કર્મ કર્યા કર્યે,
તેવાં કર્મે ભલીવાર કોઈ રીતે ન ઊગશે. ૧૩-૧૪

કર્મ સુઝાડવા હૈયે જીવનતત્ત્વ, પ્રાપ્ત છે,
કર્મને એ રીતે ભાવે આચરે તે રળ્યા કરે. ૧૫

જીવનમાં વિના કર્મ કોઈને ચાલતું ન છે,
કર્મ તેથી અનિવાર્ય જીવને સર્વને જ છે. ૧૬

કર્મ જો છે અનિવાર્ય, પછી માનવીએ જગે
-જ્ઞાનપૂર્વક હેતુથી કેમ ના કરવાં ઘટે ? ૧૭

કિંતુ માનવી સંસારી સ્વાર્થ વિના બીજું કશું
-વિચારતાં નથી સે'જે નકામું કેવું જીવવું. ૧૮

કર્મ શ્રીસદ્‌ગુરુ પોતે, કર્મથી શીખવા ચહે,
કર્મ તો પ્રેરવા બોધ સદા તત્પર તેમને. ૧૯

સંસારે કિંતુ કોઈને શીખવાની પડી ન છે,
સંસારી, સ્વાર્થ જે રીતે સધાયે, તેમ વર્તશે. ૨૦

કિંતુ શ્રેયાર્થી જે સાચો ઊંડો જીવનનો હશે,
તેવાંને કર્મ પ્રત્યક્ષ જીવને શિખવાડશે. ૨૧

કર્મથી કેટલું કેવું જાણવું, શીખવું, મળે !
કર્મથી સર્વ સંબંધ સૌ વ્યવહારમાં જ છે. ૨૨

પશુપંખી બધી યોનિ વિના કર્મ જીવે ન તે,
શું શ્વાસોશ્વાસની જેમ કર્મ લાગ્યાં બધાંયને ! ૨૩

તેથી તો કર્મમાં ભાન સંપૂર્ણ રાખતાં હૃદે
શક્ય અશક્યનું થાય કરતાં તે રીત કર્મને. ૨૪

❋

હરિઃૐ

અધ્યાય : ૨

## 'આધાર વિશ્વનો સર્વ -'

કર્મથી જ સધાતું છે જે તે જીવનનું બધું,
કર્મનું કેટલું મોટું મહત્ત્વ જીવને રહ્યું,
છતાંયે કર્મમાં તેવો હેતુ તો કોઈનો ન છે,
પછી તે બાપડું કર્મ કોઈનું સાધી શું શકે ? ૧-૨

કર્મના ક્ષેત્રની સાથે નથી નિસ્બત જીવને,
કરીએ કર્મ શી રીતે બધી નિસ્બત ત્યાં શી છે ! ૩

કર્મમાં હેતુનો ભાવ જીવતોજાગતો હૃદે,
જે કો રાખી શકે પૂરો, ઓળંગી કર્મ તે જશે. ૪

આત્માને પ્રીછવા કાજે જરૂરી જેવું ખોળિયું,
જીવન સાધવા કાજે કર્મ તેવું મહત્ત્વનું. ૫

આપણે ઈચ્છીએ તેવાં કર્મ સૌ મળતાં નથી,
મળેલાં કર્મમાં તેથી શ્રેયવૃત્તિ દૃઢાવવી. ૬

ભોગવવાર્થ ના કર્મ, સધાવા હેતુ કર્મ છે,
જીવન ફળવા માટે, કર્મ સાધનરૂપ છે.
સંસારે તો વિના કર્મ, કશું ઉદ્‌ભવતું નથી,
શાં કેટકેટલાં કર્મ અગત્યનાં જરૂરનાં !
આ સંસારે વિના કર્મ જીવી શકે જ કોઈ ના. ૭-૮

આહુતિ ભાવનાનીથી ત્યાગ, સમર્પણાદિથી
-ચાલતો સર્વ સંસાર કેવો અનાદિ કાળથી ! ૯

સંસારે સર્વને ત્યાગ કર્યા જ કરવો પડે,
ત્યાગ કર્યા વિના કો'ને સંસારે ચાલતું ન છે. ૧૦

કિંતુ સભાનતા તેની કોઈને દિલ છે નહિ,
જ્ઞાન વિનાનાં સૌ કર્મ ભારરૂપ ઘણું સહી. ૧૧

કેવાં ઘસાય છે લોક એકબીજાંની માટ તો,
છતાં માનસમાં ભાવ ના પરસ્પરમાં કશો. ૧૨

ત્યાગ કર્યા વિના ચાલે સંસારમાં ન કોઈને,
તો પછી જ્ઞાનભક્તિથી કોઈ કર્મ ન કાં કરે ? ૧૩

સૌ કર્મથી વ્યવસ્થા શી ! કર્મે ઊથલપાથલ,
કર્મથી અવ્યવસ્થા ને જ્વાળામુખી ભયંકર,
અનાદિ કાળથી કર્મયજ્ઞ પરંપરા જ છે,
કર્મથી તૂટતી ર્‌હેતી કેવી સમતુલા જગે ! ૧૪-૧૫

અંધાધૂંધી બધે જ્યાં ત્યાં છે પ્રસરેલી જે બધી,
તે પ્રકારનું સંસારે સૌ પરિણામ કર્મથી.
ઉત્તમોત્તમ સંસારે તે નીપજતું કર્મથી,
સંસારે વ્યવહારે સૌ ત્યાગ, સુમેળ ભાવથી
-સદ્ભાવ સહકારેથી વર્તતાં સુખ દિલથી. ૧૬-૧૭

પમાય કર્મથી સર્વ શાંતિ, અશાંતિ કર્મથી,
ક્લેશ, કંકાસ, આનંદ ને સંઘર્ષણ કર્મથી,
જે તે સૌ થતું જે તે તે તે સર્વ જ કર્મથી,
કર્મથી ઘસડાયાં સૌ જતાં કેવા પ્રવાહથી ! ૧૮-૧૯

કર્મ બચાવનારું છે, કર્મથી નાશ થાય છે,
આધાર વિશ્વનો સર્વ, કર્મ કેવું પરાત્પરે,
સંસારે કર્મ તેથી તો સર્વોત્કૃષ્ટ ખરેખરે. ૨૦

સંસારે લોક તો કર્મ યદ્વાતદ્વાપણે કરે,
કિંતુ ના ભાન સંપૂર્ણ પરિણામનું લોકને. ૨૧

શાં આડાંઅવળાં લોક સંસારે કર્મ તો કરે !
પરિણામતણી ચિંતા છતાં છે નવ કોઈને. ૨૨

શાં ભયંકર સંસારે કર્મનાં પરિણામ છે,
કિંતુ છતાંય ઝાઝી તે પડી કાંઈ ન કોઈને ! ૨૩

કર્મથી મળતું સૌ છે, કર્મથી જતું સર્વ છે,
કર્મથી જન્મતું સૌ કૈં, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કર્મ છે. ૨૪

'સંસારે કર્મની કેવી સૌથી અગત્ય જીવને !
કર્મથી લોક જીવે છે.' કબૂલે બુદ્ધિ સર્વ તે,

છતાં કિંતુ બધાં લોક મહત્ત્વ કર્મને ન દે,
તેથી જ આપદા જ્યાં ત્યાં સંસારે જન્મતી જ છે. ૨૫-૨૬

કર્મથી જ જિવાયે છે, સંસારે વ્યવહાર સૌ
-કર્મથી ચાલતો કેવો ! છતાંયે લોક કર્મને
-જ્ઞાનપૂર્વક ભાવે તે જીવને કાં ન આચરે ? ૨૭

કર્મ જીવનમાં મોટું ઓજાર-હથિયાર છે,
જીવન ઘડવા કર્મ જરૂરિયાતનું જ છે. ૨૮

જે કૈં અંતરમાં ગુહ્ય બહાર વ્યક્ત તે થતાં,
નવાં નવાં ધરે રૂપો કર્મની ત્યાં વિશિષ્ટતા,
કર્મમાં મન જેનું છે, કર્મમાં બુદ્ધિ જેની છે,
કર્મમાં લગ્ન જે પૂર્ણ, કર્મ તેને શી શક્તિ છે ! ૨૯-૩૦

કર્મમાં ઈષ્ટ હેતુનો જેને ખ્યાલ જીવંત છે,
કર્મને પ્રભુપ્રીત્યર્થ જ્ઞાનપૂર્વક જે કરે,
થવા સાકાર તો ભાવ કર્મ મહત્ત્વનું જ છે,
સૌ વ્યવહાર તો માત્ર કર્મથી જગમાં થતા. ૩૧-૩૨

ખંત, ઉત્સાહ વિનાનું કર્મ તે કર્મ ના કશું,
પ્રાણ વિનાનું એવું સૌ કર્મ શા ઉપયોગનું !
આવી શકે ખરી વેળા કામ તે 'કર્મ' તો ગણો,
વ્યક્તિત્વ કર્મથી ખીલે કર્મને યોગ્ય તો ગણો. ૩૩-૩૪

કર્મનિષ્ઠ બને જેઓ ચેતનાભાવ શક્તિથી,
કર્મ તેનાં ઉકેલાયે જતાં સૌ આપમેળથી. ૩૫

કર્મ તે કર્મ ના ખાલી જીવન પ્રેરનારું તે,
કર્મ ના હોત તો ક્યાંથી હોત આ ઘટમાળ તો ? ૩૬

કર્મ તો આદ્યશક્તિ શી ! ચેતનાશક્તિ કર્મ છે,
કર્મ તો પ્રાણદાતા છે, કર્મથી કામ સૌ મળે,
કર્મ દાક્ષિણ્ય પ્રેરે છે, જીવને શું રસાત્મક !
કર્મ ઔચિત્યનું ભાન પ્રેરાવે ભાવપ્રેરક. ૩૭-૩૮

સાંગોપાંગ બધી રીતે કર્મને જે ઉતારશે,
કર્મ જીવનના એને સૌ પોબાર પડાવશે. ૩૯

કર્મને જે ગણે વ્હાલું એને કર્મ ન ત્રાસ દે,
વ્યવસ્થા કર્મથી આવે સર્વના જીવને જગે. ૪૦

નજીવું હો ભલે કર્મ ઊંડા તે કર્મમાં છતાં
-પૂરી જે ઊતરે પ્રાણ એને દે કર્મ ચેતના. ૪૧

મુશ્કેલીઓ પડે કર્મે છતાં મૂકે ન કર્મ જે,
એવાંને વિઘ્ન, ના વિઘ્નો, જીવને શક્તિ પ્રેરશે. ૪૨

જ્યાં સુધી જીવવાનું છે ત્યાં સુધી કર્મ તો ભલા,
કર્મ છોડી શકે ના કો, જીવી કર્મથી સૌ રહ્યાં. ૪૩

કર્મથી કોઈ કંટાળે પામે જે ત્રાસ કર્મથી,
કર્મને જે ઉવેખે છે, શીખશે તે શું કર્મથી ? ૪૪

કૈં જે તેનું અધિષ્ઠાન કર્મ વડે થતું જગે,
કર્મ વિના ન ચાલે છે કોઈનું કાંઈયે ન તે. ૪૫

જેથી અસ્તિત્વ તે માત્ર ટકે કર્મ પ્રભાવમાં,
ડગલું એકયે માત્ર કર્મ વિના ભરાતું ના. ૪૬

મહત્ત્વ, મહિમા યોગ્ય કર્મનાં સમજ્યા વિના
-કર્મમાંથી કશું જ્ઞાન, કદી પણ પમાય ના. ૪૭

સર્વ વિશ્વનું અસ્તિત્વ કર્મ પ્રભાવથી ટકે,
છતાં માનવીયે કેવાં કર્મને ગણતાં ન છે. ૪૮

કર્મ વડે રળે પોતે ચાલે સંસાર કર્મથી,
સંસારે કર્મથી ચાલે વ્યવહાર બધો વળી. ૪૯

સર્વ સંબંધ સંસારે કર્મથી નીપજે નભે,
કેવો તેનો બધાંનોયે આધાર કર્મથી જગે. ૫૦

કર્મ વિના જ અંધારું, અવ્યવસ્થા શી પાંગરે !
કર્મ વિના કશું ક્યાંયે વિશ્વમાં ચાલતું ન છે. ૫૧

કર્મથી સૂઝ ઊગે છે, કર્મથી સૂઝ તો ખીલે,
કર્મથી સૂઝ પ્રેરાયે કર્મ તો તેથી શક્તિ છે. ૫૨

જે તે કર્મથી જન્મે છે, જે તે કર્મથી જીવતું,
જે તે કર્મથી પોષાય, કર્મ તેથી જ તત્ત્વ શું ! ૫૩

❈

હરિઃૐ

અધ્યાયઃ ૩

## 'ઉજ્જ્વળ તપી સંપૂર્ણ'

સગાઈ કર્મની સાચી જેને મંડાઈ જીવને,
કર્મથી રળવાનું તે સાચી કમાણી અંતરે. ૧

ચિંતા, ઉદ્વેગ, કંટાળો, શોક, મત્સર, ક્રોધ ને,
રાગદ્વેષાદિને કામ સાધવા કર્મયોગ છે. ૨

જ્ઞાન ને ભક્તિ સંપૂર્ણ વિના તે કર્મયોગ જે
-સધાવો જીવને પૂર્ણ સધાવો યોગ્ય તે ન છે. ૩

જીવનહાર્દ સંપૂર્ણ તે અનુભવવા હૃદે,
પૂરું ઝુકાવ્યું છે જેણે વારી, વારી જઈ પથે,
થવા ખુવાર સંપૂર્ણ બેઠાં જે સમજે હૃદે,
શાં શૂરવીર તે માત્ર પામશે હાર્દ અંતરે ! ૪-૫

ગમે તેવું ભલે થાય જીવન સૌ હણાતું છો,
કિંતુ લીધેલું તે કર્મ છોડાય ના કદીય તો. ૬

મરી મથી, મથી ભારે સંપૂર્ણ કરવા જ તે,
મૃત્યુને વરવા જેનો હર્ષ અથાગ, શાં ફળે ! ૭

જુવાની જેની સંપૂર્ણ થનગનતી જીવને,
થવા જૌહર તૈયારી ધગધગતી જેની છે,
આત્મસમર્પણે જેનો ઉત્સાહ મસ્ત ઊછળે !
તે કર્મયોગને માત્ર પાત્ર શાં જીવને જ છે ! ૮-૯

આપમતલબી કર્મ સંપૂર્ણ સ્વાર્થ કર્મને,
કર્મ તેથી પરોવાયે સંપૂર્ણ નિજમાં હૃદે. ૧૦

આરપાર થવા કર્મ જવા સોંસરવું પથે,
ત્યાં જ્ઞાનયોગ શો કર્મતણો તે ખપમાં, સ્ફુરે ! ૧૧

શો નિરુત્સાહ ઉત્સાહે બદલી નાખવાતણો
-જેનામાં એવું તેજસ્વી ખમીર પ્રગટેલ હો,
તેના જીવનમાં યજ્ઞ કેવો પ્રજ્વલતો રહે !
ઉજ્જ્વળ તપી સંપૂર્ણ શું ઉજમાળું તે કરે ! ૧૨-૧૩

કેવો પરંપરારૂપી વારસો અણમોલ છે !
કર્મને સાધ્યું સંપૂર્ણ કેટલા દાખલા જ છે. ૧૪

કેવી અખંડ સંસ્કૃતિ ! શી અલૌકિક દૃષ્ટિ છે !
કર્મ પરંપરાકેરી કર્મયોગ શું ભવ્ય તે ! ૧૫

જીવનતત્ત્વ સંપૂર્ણ તે અનુભવવા હૃદે,
કર્મયોગ વિના બીજો કો ના સુલભ માર્ગ છે. ૧૬

ભક્તિ ને જ્ઞાનની સાથે કર્મે જે ઓતપ્રોત છે.
સંપૂર્ણ ભાવ હૈયાનો તે કર્મયોગ સત્ય છે. ૧૭

કર્મયોગ વિશે ભક્તિ ને સૌ જ્ઞાન ભરેલ છે,
શો કર્મયોગ તો શૌર્ય ને પરાક્રમ-ભક્ત છે ! ૧૮

શું સ્વાર્પણ સંપૂર્ણ થવા, વારી જવું હૃદે
-કર્મયોગની તે શિક્ષા જીવને સ્તવું અંતરે. ૧૯

શાં જોમ, જોશ ને શક્તિ જેની નસેનસે ઝરે,
તે કર્મયોગને માત્ર પાત્ર યોગ્ય ખરાખરે ! ૨૦

જેનામાં ભાવ સંપૂર્ણ કામના અંતરે ઊઠે
-આરપાર જવા કેવો થનગની રહેલ છે !
તેવાં સદ્‌ભાવી તો માત્ર પાત્ર શાં કર્મયોગને ! ૨૧

શા ફાટફાટ હૈયામાં છે પરાક્રમ શૌર્ય જે,
ને રગરગમાં શક્તિ જેની સમાતી ના કશે !
બન્ને આકાશપાતાળ એક ત્યાં કરવાની છે
-જેનાં અપાર છે ધૈર્ય, હામ ઊછળતાં હૃદે.
તે કર્મયોગને માત્ર ખરેખરાં જ પાત્ર છે ! ૨૨-૨૩

જેના સામર્થ્યનો પાર કદી ગણી શકાય ના,
જેને પ્રચંડ ઉત્સાહ, કૈંક કરી બતાવવા,
જેને સંપૂર્ણ સાકાર સાક્ષાત જીવને અહીં
-કૈંક કરી જવા નેમ તે કર્મયોગ પાત્ર છે. ૨૪-૨૫

પ્રચંડ વીરવૃત્તિ શી છાલકે છાલકે ઊડે !
જીવને છલકાતી ને શી મદમાતી જીવને ! ૨૬

ગાંજ્યાં કશાથી ના જાય કદી પૂંઠ ફરે ન તે,
તે કર્મયોગને માત્ર પાત્ર શાં છે ખરાખરે ! ૨૭

જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય કર્મની એ પરિસ્થિતિ,
કર્તા, ભોક્તાપણું તેમાં એકલા જ્ઞાનને નથી. ૨૮

જ્ઞાતા ને જ્ઞેય ને ભોક્તા કર્મ સ્વરૂપ જીવને
-એવા એવા પ્રકારે એ દર્શન કર્મનું કરે. ૨૯

❋

# ખંડ-૭ : કર્મકળા

હરિઃૐ

અધ્યાય : ૧

## '-તો સ્વભાવે કર્મ ના થતાં.'

(અનુષ્ટુપ)

કર્મ કેવી રીતે યોગ્ય બને તે તો વિચારવું,
શકીશું એટલું સાધી બની ર્‌હે યોગ્ય તો બધું. ૧

કર્મને એક બાજુથી ઘટે ના જોવું આપણે,
લક્ષણો, ક્ષેત્ર ને દિશા હેતુ સાથે વિચારજે. ૨

આપણાં કર્મથી કોને ક્યાંયે ના નુકસાન હો,
એનો આરંભ શોધેલો ઘટે ના આપણો હવો. ૩

જેને ના છે કશી આશા કશા વિશે કદી મને,
એવાંને કર્મને વિશે ક્યાંયે આરંભ ના રહે. ૪

જ્યાં સુધી કૈંક આશા ને ઈચ્છાઓ દિલમાં રમે,
સર્વારંભ પરિત્યાગી થવાયે નવ ત્યાં સુધી. ૫

એટલે કૈં કશા વિશે પ્‌હેલેથી આપણે કશું
-વિચારવાનું ના રે'તું તે તે ઊઠ્યા વિના કશું. ૬

આપણામાં રહેલા જે સંસ્કારો કર્મના સદા,
પ્રેરાવે ને મથાવે છે એની રીતેથી કર્મમાં. ૭

કર્મનું મૂળ તો આશા કામના, તે બહુવિધ,
થશે જો ત્યાગ તેનો તો સ્વભાવે કર્મ ના થતાં. ૮

આશા તૃષ્ણાતણું મૂળ સંસ્કારો ચિત્તમાંહીના,
સંસ્કારો તે બળ્યા વિના મૂળ ક્યાંથી જશે બધાં ? ૯

સંસ્કારોનાં પ્રવર્તાયાં વર્તીશું જો ન આપણે,
થશે તો જોર તેઓનું ઓછું ને ઓછું એમ તે. ૧૦

અને પ્રારબ્ધનું જોશ વર્તમાને ન ચાલશે,
તે વેળા જીવને સાચાં થઈશું શેઠ આપણે. ૧૧

સૌ અભિરુચિ સ્વાધ્યાયે જગાડી મનથી ખરી,
વૃત્તિ સૌ મનની બીજી સમેટી લે તું ચિત્તથી. ૧૨

વિચારો જેટલા ઓછા આપમેળે થયા કરે,
ફૂલ શું હળવું ચિત્ત રહે પ્રસન્ન બધી રીતે. ૧૩

❋

હરિઃૐ

અધ્યાય : ૨

## ‘કર્મના ત્રણ ધર્મ છે.’

જેવા પ્રકારની કર્મે જેવી સભાનતા હૃદે,
સ્વરૂપ કર્મનું તેવું આકાર કર્મનો જ તે. ૧

કર્મે અહં પ્રવર્તે છે તેમાં ભાવ ન સ્ફુરશે,
ઊલટાં કર્મમાં તેથી રાગદ્વેષ વધ્યે જશે. ૨

સાધનાભાવમાં ઊંડું જીવન ગાળવું જ હો,
કર્મમાં ભાવ પ્રેરાવા જાગ્રતિથી મથ્યા કરો,
તિતિક્ષા કર્મથી કેવી માનવી જીવને થતી !
કર્મ જેવી તપશ્ચર્યા ક્યાંય કોઈ કશી નથી. ૩-૪

દ્વિધાભાવ કશા કર્મે વિવેકીએ ન રાખવો,
સર્વ બાજુથી નિશ્ચિંત, પૂરું નિઃશંક વર્તવું. ૫

કર્મને કરતી વેળા વ્યામોહે જાગતાં દ્વિધા,
વૃત્તિ તે, જાગ્રતિ આણી ટાળી જ નાખવી તદા. ૬

ડો'ળાવ્યા કરશે ખૂબ કર્મે કૈં ભલીવાર તે
-દેશે ના જાગવા, એવી દ્વિધાવૃત્તિ જ જો હશે. ૭

શુદ્ધિનો સર્વ આધાર બુદ્ધિની સમતા પરે,
તેથી સૌ કર્મમાં બુદ્ધિ સ્થિર ધીર તું રાખજે. ૮

લોકજીવન તો માત્ર શી ઘરેડ પ્રમાણનું !
લોકજીવન ચીલાથી જવાનું દૂર ત્યાં ઘણું. ૯

જિંદગી ધ્યેય જે માન્યું, પૂરું ત્યાં ઝંપલાવવા,
જે કર્યાથી મળે શક્તિ, કર્મ તે યોગ્ય સૌ સદા. ૧૦

જીવન ધ્યેયથી આડે આડફંટે ચઢાવવા,
એવું મળેલું હો કર્મ છતાં તેને નકારવા
-બુદ્ધિ કદી થવા દેવી તત્પર કોઈ રીતમાં,
છતાં તેવાંય કર્મે ત્યાં 'જબ્બર મસ્ત ભાવના
-કેટલી, કેવી તે ર્‌હે છે', પ્રયોગથી લહો તદા. ૧૧-૧૨

કેવો ખેડૂત તાપે ને વર્ષામાં તે તપી, ભીંજી
-તપશ્ચર્યા કરી અંતે મેળવે રૂડી ધાન્યશ્રી.
પાર જે પાડવા ધાર્યું તે કૈં એમનું એમ જે,
સહેલાઈ થકી પ્રાપ્ત થતું ના કદી કોઈને. ૧૩-૧૪

માર્ગમાં ઠોકરો જે જે મળે, એને સ્વીકારતાં,
ચૂમે જો પ્રેમભાવે, તો જન્મશે ભાવ કર્મમાં,
જેઓ જેઓ કશું પામ્યાં, તેમને સર્વને જગે,
કૈં, કૈં નડ્યા કરેલું છે, હઠતાં ના, મળ્યું જ છે. ૧૫-૧૬

વહેતી શી થઈ ગંગા જ્યારે ફોડ્યા પહાડ કૈં,
વિઘ્નો હઠાવવા પોતે ત્યાં વેગીલી તદા ધસે.
લીધેલું પાડવા પાર, જેને ખંત અપાર છે,
એક દી જીતવાનું તે, નિશ્ચયે જાણજો ખરે.
વિશ્વમાંયે જીવે છે તે યુદ્ધ આપ્યા કરી જીવે,
વિના યુદ્ધ કદી જીવ કશામાંયે ન પાંગરે.
યુદ્ધ તો છે અનિવાર્ય, યુદ્ધ જીવનમાં બધે,
યુદ્ધને જે નકારે છે, નકારે તત્ત્વ જીવને. ૧૭થી૨૦

નિશ્ચય, હામ ને ધૈર્ય, વિશ્વાસ, વ્રત, ટેકથી
-દૃઢ, મક્કમતાથી જે છે લગાતાર કર્મથી
-પોતાથી બનતું યોગ્ય કરવું સૌ કર્યા કરે,
એને નિરાશ ક્યાંયે તે કૈં થવાપણું ના રહે. ૨૧-૨૨

દીસે મધુર જે ખીલી આજે જે તક-પુષ્પ છે,
વીખરશે કદા કાલે કરમાઈ શું તે જશે !
લેવો જ હોય કૈં લાભ લેશો સવેળ ચેતીને,
સમય શો જશે ચાલ્યો ! જોશો નવું જ કાલ જે. ૨૩-૨૪

કર્મ સાત્ત્વિક જો હોય શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હોય છો,
ચેતનાશક્તિનું ભાન જાગેલું જો ન હોય જો,
જ્ઞાનયુક્ત હૃદે ભાવ કર્મ સૌ કરતી પળે,
જેને રહે ન, તેવાં સૌ અવિદ્યામાં રમ્યા કરે. ૨૫-૨૬

દ્વંદ્વ તો આવતાં ર્‌હેશે માનવી જીવને સદા,
દ્વંદ્વનો ભાવ, જ્ઞાને ત્યાં મથો ઓળંગવા તદા. ૨૭

સ્થૂળ, સૂક્ષ્મ અને દિવ્ય, કર્મના ત્રણ ધર્મ છે,
ત્રણે ધર્મતણા હેતુ સુમેળે સાધવા હૃદે. ૨૮

સ્થૂળ જે કર્મ, તેમાં તો પાંચેય પાંચ તત્ત્વ છે,
સૂક્ષ્મ જે કર્મમાં તત્ત્વ આકાશ, તેજ, વા, જ છે,
કારણકર્મમાં એક આકાશતત્ત્વ માત્ર છે,
કર્મના કરતાં મોટો ભજવે ભાગ તત્ત્વ તે. ૨૯-૩૦

કારણ, સૂક્ષ્મ ને સ્થૂળ, કર્મમાં ત્રણ ભૂમિકા,
માનવી ભૂમિકા સ્થૂળ કર્મમાં નીરખે સદા. ૩૧

શ્રેયાર્થી જે હશે તેવાં સ્થૂળ ને સૂક્ષ્મ કર્મમાં,
ઉભયે નીરખે કર્મો જીવદશાથી શાં ઊંચાં ! ૩૨

'કારણ' મસ્ત તો કર્મે એકલો જે અનુભવી
-અનુભવી શકે એને, પ્‌હોંચેલ ગગને જ તે. ૩૩

❋

હરિઃૐ

અધ્યાય : ૩

## 'કર્મને કરતી વેળા-'

પડે આચરવાં કર્મો જે તે પરિસ્થિતિમહીં,
કંટાળ્યે ત્યાં નહિ કામ કોઈને આવશે કદી. ૧

કર્મ તો કરવાં તેણે પડે, ના છૂટકો દીસે,
કર્મકેરા સકંચેથી છૂટી ના કોઈએ શકે. ૨

એટલે કર્મ જે આવી આપણી સન્મુખે ઊભે,
રહ્યું તે કરવું પૂરું ઉમંગે કરી આપણે. ૩

કરે છે કર્મ તો સર્વે છતાં તે કરવાતણી
-રીતમાં ફેર ભારે છે, લક્ષ ત્યાં દેવું સાધકે. ૪

કર્મને કેવી રીતેથી આપણે કરીએ છીએ,
મુખ્ય ચાવી તહીં સાચી સાધનાના વિકાસની. ૫

કર્મ સૌ કરવાં પોતે સાધના દૃષ્ટિ રાખીને,
રસાસક્તિ જરા તેમાં રાખવાની ન આપણે. ૬

કર્મ જે તે થતી વેળા ગૂંચે ઉદ્વિગ્નતા તદા,
ઘટે ના દિલમાં હોવી પ્રકારે કોઈયે કશા. ૭

પ્રભુને રુચશે કેવું ? એને શું ગમતું હશે ?
વિચારી એવું જે સૂઝે, વર્તો નિઃશંક તે રીતે. ૮

પ્રભુપ્રીત્યર્થ કર્મો સૌ જીવને કરવાં સદા,
જે કૈં થયા કરે કર્મો પ્રભુપાદ સમર્પવાં. ૯

બાકી કશુંય ના રાખો દેવામાં પ્રભુને, ભલા !
પ્રભુને જે ગમે તેવું વર્તવું જગમાં સદા. ૧૦

કર્મની રીતમાં જોવો સાધનાયોગ્ય ભાવને,
ઉમંગે તે રીતે કર્મ કરો, જાણે અલિપ્ત રૈ'. ૧૧

સ્પૃહી ર્‌હેવા છતાં પોતે થવા વર્તવું નિઃસ્પૃહી,
કદી આશા, કશી ઈચ્છા, હૈયામાં રાખવી નહિ. ૧૨

થયા હો જતું જે રીતે, થવા દીધા કરો બધું,
વચ્ચે ના આવવું, પોતે સંભાળ્યા કરવું નર્યું. ૧૩

કર્મને કરતી વેળા વિચારોની પરંપરા
-ઊઠવી જોઈએ ત્યાં ના, દ્વિધામાં પડવું ન ત્યાં. ૧૪

પ્રભુને વ્હાલું જે રીતે લાગે તે રીતને ગ્રહી,
કર્યા સૌ કરવું પોતે સમર્પી પ્રભુને ચહી. ૧૫

આપણો ભાવ પોતાનો કશા કર્મે ન ધારવો,
હૈયાની ભાવનામાં તે પ્રેમ એનો દઢાવવો. ૧૬

❋

હરિઃૐ

અધ્યાય : ૪

## 'હેતુથી કર્મ માપજે.'

હોઈએ કરતાં જે કૈં પ્રાણ દૈ કરવું ચહી,
અન્યથા કોઈ ભૂમિકા અંતરે નવ ધારવી. ૧

જે રીતે યોગ્ય જે હોય તે રીતે કરવાનું તે,
ધ્યેયની ધારણા વાળ્યા કરો તે કરતી પળે. ૨

જે રીતે પાળવાનું હો પાળ્યા તે કરી પ્રેમથી,
કર્મનો હેતુ કેવો ત્યાં સધાયે, લક્ષ રાખવું. ૩

હેતુથી જો કદી ઊંધું વેતરાતું કશું દીસે,
ચોંકીને ચેતવું ત્યાં તો પ્રેરીને લક્ષ અંતરે. ૪

સધાતો જાય તે હેતુ જેમ જેમ હૃદે ખરે,
યોગ્ય કર્મ ગણી એને વર્તવું ઊંડું તે વિશે. ૫

રસ ના કર્મમાં લેવો છતાં પ્રાણ પરોવવો,
સ્પૃહા ના કર્મની ધારો સ્પૃહા હેતુની ધારજો. ૬

પુરુષાર્થતણી માત્રા નિત્ય નિત્ય વધારવી
કૃપા પ્રેમ પ્રભુકેરાં માગતાં રે'વું ઉરથી. ૭

કૃપા એની વિના કાંઈ થશે ના માનવી થકી,
કૃપાનો આશરો લેવો જીવને તો બધાંમહીં. ૮

આપણા ખ્યાલને છોડી વર્તવું નિજ કર્મમાં,
પ્રભુને સૌ સમર્પીને થવું નિશ્ચિંત આપમાં. ૯

ભરેલું કૈં પહેલાંનું તે તે સર્વ વિસારવું,
આપણી માન્યતાઓને વિસારીને જ વર્તવું. ૧૦

'આવું કર્યા થકી આમ થશે કે થયું એવું જે',
ઘટે વિચારવું ના તે, હેતુથી કર્મ માપજે. ૧૧

વધે છે જે થકી ભાવ તે કર્મ, કર્મયોગ્ય છે,
એવાં કર્મે પ્રવર્તાવું ચેતનાભાવથી હૃદે. ૧૨

ભૂત-ભવિષ્યના ઝાઝા વિચારો કરવા ન કૈં,
આપમેળે સરે જેમ સરવા દેવું પ્રેમથી. ૧૩

થવાતાં તેમ ત્યાંયે તે હેતુને નવ ભૂલવો,
ત્યાં જો તે ના સધાતો હો, ત્યાં જ તો અટકી જજો. ૧૪

❋

હરિઃૐ

## અધ્યાય : ૫

## ' કૈં વિશે સૂઝ ના પડે. '

જ્યારે શું કરવું એની કૈં વિશે સૂઝ ના પડે,
મૂકી ના દેવું ત્યાં એને એનો ઉકેલ શોધવો. ૧

હેતુને લક્ષમાં રાખી, એ જેથી વધુયે વધે
-તેમ આટોપવાં કાર્યો, ચાવી એને ગણી હ્રદે. ૨

પૂરેપૂરી કદી જો ના તેમાંયે સૂઝ કૈં પડે,
તોયે ના છોડી દેવું તે આવેલું હોય કાર્ય જે. ૩

આપણે આપણી રીતે પરિણામ ન ચિંતવી,
કર્યા તે કરવું ભાવે, ચિંતા એની ન કૈં કરી.
આવ્યું કૈં હોય એને તો પૂરેપૂરું કર્યા પછી
-છોડી દેવાનું રાખીને, વિચારો તે વિશે ન કૈં. ૪-૫

કર્મનું તો પરિણામ આવવાનું જ છે, ભલા !
એના હેતુતણા કાજે ખ્યાલ કેળવવો સદા.
એવા તે ખ્યાલની સાથે ભાવને હ્રદયે ઊંડો
-રાખી એકાગ્રતા પૂરી ચિત્ત ને પ્રાણ ત્યાં ધરો. ૬-૭

ઊંડું પ્રેરાઈ હૈયાથી સર્વ કર્મે પ્રવેશવું,
સંપૂર્ણ તે કરી એને પ્રભુપાદ સમર્પવું. ૮

કર્યાં પ્હેલાં, કર્યાં પૂંઠે વિચારો એ જ કર્મના
-ઊભરાવા ન દેવાને ર્‌હેવું નિશ્ચિંત કર્મમાં. ૯

પોતાનાં કર્મનો ખ્યાલ ગમે તેવી સ્થિતિ થતાં,
છોડી દેવાય ના એને એ તો રાખવું લક્ષમાં. ૧૦

અર્પવું પ્રભુને તે સૌ, આવી જે જે પડે બધું,
કર્યા તે પછીયે આપો પ્રભુને અર્ઘ્યમાં રૂડું. ૧૧

❋

હરિઃૐ

અધ્યાય : ૬

## 'ભરેલો રસ ત્યાં દિવ્ય.'

જ્યારે તાટસ્થ્ય પોતાનું જીવને વર્તતું થશે,
પોતાને જાણશે તેવાં, બીજાંને જાણશેય તે. ૧

બીજાંનું કૈં જણાયેલું જણાવા દે ન એમને,
ગંધ તે સરખી એને આવવા દે ન તે વિશે. ૨

સ્વરૂપે મગ્ન પોતાના વર્તવાનું કર્યા કરે,
'ખાય શા પલટ્યા બીજા' જણાયા કરશે તદા. ૩

જોવાતાં રૂપ એવાં ત્યાં ઘટે ઉદ્‌ભવવા ન તે,
આપણામાં વિચારો કૈં થવા દેવા પસાર તે. ૪

ના ડગી જવું ક્યાંયે તે વૃત્તિ નિશ્ચલ ધારીને,
સાધનાના પુરુષાર્થે ભક્તિથી જીવવું હૃદે. ૫

હૈયાની સાથ સામીપ્ય પૂરું કેંદ્રિત ત્યાં ઊંડું
-લક્ષ, ચિત્ત, ધરી રાખી એકાગ્રે રત સૌ થવું. ૬

ભરેલો રસ ત્યાં દિવ્ય પરમાત્મારૂપે હૃદે,
સ્થાન એ એકલું એનું શોધાશે ધ્યાનથી રસે. ૭

❋

# ખંડ-૮ : કર્મસાધના

હરિઃૐ

અધ્યાય : ૧

**'વર્તવું જુદું જાણશે.'**

(અનુષ્ટુપ)

સૌના સ્વભાવથી જુદું વર્ત્યા જેમ જવું ખરું,
એની ચાવી બતાવે કો ? કેમ તે રીત વર્તવું ? ૧

બુદ્ધિથી સમજાયે આ, ખ્યાલમાં બેસતું બધું,
વર્તને તે છતાં ના'વે, ભારે મુશ્કેલ કોયડો. ૨

પ્રચંડ સાધના ઉગ્ર તે કાજે કરવી પડે,
તે વિના એ નથી શક્ય ઉપાયે કોઈ રીતિએ. ૩

લાખો વાર કંઈ બોધ સાંભળ્યા કરશો ભલે,
જશો કોટિય વારે છો, સંતનાય સમાગમે. ૪

શાસ્ત્રનાં ચિંત્વનો ઊંડાં ને અભ્યાસ કર્યા કરો,
તોયે ના તે પમાવાનું કર્યા કૈં સાધના વિના. ૫

જ્વલંત સાધનામાં જે પોતાનું સર્વ હોમશે,
તેવો સૌના સ્વભાવેથી વર્તવું જુદું જાણશે. ૬

બિરાદરી શી સંપૂર્ણ જ્ઞાનપૂર્વક જેહને
-કર્મની સાથ ઊંડી છે, ત્યાં કર્મ, જ્ઞાનની મૂડી ! ૭

કર્મને જે વરેલો છે જીવન વિકસાવવા,
ભક્તિપૂર્વક જે કર્મે શો ઓતપ્રોત છે સદા !

મનન ચિંત્વને કર્મે જેનું જીવંતું અંતરે,
કર્મ દે જ્ઞાન તેવાંને તળિયું ઊંડું તોડીને. ૮-૯

મુશ્કેલ કોયડા, પ્રશ્નો, ગૂંચો અટપટી જ જે,
કર્મ નિવારવા કેવું સદા તૈયાર હોય છે. ૧૦

જીવને તો મળે કર્મ શાં જુદી જુદી રીતનાં !
ફળવાનો જ આધાર આપણા પર માત્ર ત્યાં.
છતાં સંજોગ ને કાળ એવાં બીજાં શું કારણો
-આપણા કબજામાં ના, આધાર એ પરે જ શો ! ૧૧-૧૨

ઇંદ્રિયો, મન ને ચિત્ત, બુદ્ધિ, પ્રાણ વળી બીજાં
-અહંકારાદિથી નોખું થવાનું રહ્યું ત્યાં સદા. ૧૩

એ બધાંથી થયા વિના પૂરેપૂરું જુદું હૃદે
-આત્માની દિવ્ય શક્તિ ના પમાયે અન્ય કો રીતે. ૧૪

થવું કેવી રીતે જુદું તે તે સૌમાંથી જીવને ?
તે તે સૌના સ્વભાવે ત્યાં વર્ત્યા ના કરવું કશે. ૧૫

દૃઢ ટેવ થતાં એવી થવાતાં જુદું સર્વથી,
આત્માનું તત્ત્વ શું છે તે જાણશો, પામશો હૃદે. ૧૬

❋

હરિઃૐ

અધ્યાય : ૨

## ‘ઝંખના અગ્નિ જો જલે...’

કર્મમાં ભાવના સાથે ચેતના પરમેશ્વરી,
ધારણા જો ન હો હૈયે દિવ્ય વિકાસ લા’ણ શી ! ૧

'થવું છે, થવું છે' એવા પોકારો પાડવા થકી,
થવાશે ના થવું જેવું ઇચ્છા ઊંડી ભલે રહી. ૨

ઝંખના તે થવાકેરી એકલી કામ શું કરે ?
બિચારી વાંઝણી એ તો ઠેરની ઠેર ત્યાં રહે. ૩

ઝંખના જો પુરુષાર્થે ધક્કાઓ મારતી રહે,
એકની એક જગ્યામાં બેસી ર્‌હેવા ન દે પળે. ૪

તોય કેડો ન મૂકી દે આપણો ફરીને ફરી,
ટકોર્યા તે કરે ઊંડું ધ્યેય પ્રાપ્તિ થવા ચહી. ૫

જ્વલંત ઝંખના એવી જેનાં હૈયે જલી રહી,
કૈં ન દુર્લભ એવાંને એવાં પ્રાપ્તિ કરે બધી. ૬

મન, બુદ્ધિ અને ચિત્ત, પ્રાણ, વૃત્તિ, અહં બધાં,
તેજસ્વી ઝંખના થાતાં ફેરવાયા કરે સદા. ૭

અગ્નિથી ભસ્મ સૌ થાયે કૂડું સોગણું હો ભલે,
કૂડાનું ચાલશે ના ત્યાં ઝંખના અગ્નિ જો જલે. ૮

કૂડું સૌ જે, કૂડારૂપે પછી રે'શે ન તે કદી,
દિવ્ય રૂપાંતરે એવું ફેરવાઈ જશે નકી. ૯

ઝંખના એવી તે હૈયે ઉગ્રમાં ઉગ્ર ભાવથી
-વર્ધતાં અગ્નિની જ્વાળા રીતે, અર્થ જતો સરી. ૧૦

સાધના સંકળાયેલી રે'વી જીવનમાં ઘટે,
'જીવન'-'સાધના' બન્ને ઓતપ્રોત થવા ઘટે. ૧૧

સાધનાથી જુદું એવું ક્યાંયે ના જીવવાપણું,
જીવન સાધનાથી ના જુદું છે એમ જાણવું. ૧૨

બુદ્ધિને સમતાયોગે સાત્ત્વિકી તે કરાવશે,
નિરહંકારી તે એવાં બનવા પૂરું જોમ દે. ૧૩

સાધના ખાલી ના તે તો બનાવે છે ક્રિયાત્મક,
કર્મના વ્યવહારે સૌ પ્રેરશે ભાવ નિર્મળ. ૧૪

ભાવના કર્મની સાથે ઊંડી ઊંડી રહ્યે જતાં,
જ્ઞાન ને કર્મ સંગાથે ભેળવાશે જ ભક્તિ ત્યાં. ૧૫

કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રિવેણીનો સુમેળ તે,
જમાવવો રહ્યો પૂરો સાધનામાં જ એ રીતે. ૧૬

સાધના એ ત્રણેકેરો, જીવતોજાગતો રૂડો,
-જન્માવે ખ્યાલ ના તો તે સાધનામાં કમીપણું. ૧૭

સાધના હેતુ એવો તે જન્મવો કર્મમાં ઘટે,
કર્મ ને સાધના જુદાં મનાશે પછી ના કશે. ૧૮

બૅટરીને થતાં ખાલી ફરીથી ભરવી પડે,
ક્રિયા તે ભરવા એવી સાધના જાણવી હૃદે. ૧૯

સાધનાથી નવી દૃષ્ટિ પ્રાણ, ઉત્સાહ, સાહસ,
ચેતના, પ્રેરણા ઊંડાં મળ્યાં સૌ કરતાં દિલ. ૨૦

❋

હરિઃૐ

## અધ્યાય : ૩

## 'પ્રભુને તે સમર્પવું.'

સાધક સાધના અર્થે જે પુરુષાર્થમાં પડ્યો,
એને ના પડશે આઘે જવું, સૌ સમજ્યા જશે. ૧

સાધનામાં જવાનું છે અજ્ઞાત દેશમાં ભલે,
તે અજ્ઞાત ભલે હોય છતાં કલ્યાણકારી તે. ૨

ગેડ એની પહેલાં તો બેસે સાધકને નહિ,
ગૂંચવાયા કરે તેથી પોતાના તે સ્વભાવથી. ૩

સ્વભાવ શત્રુની જેમ નડ્યા સાધકને કરે,
હરી લેશે બધું જોર જો એ લેશ ન ચેતશે. ૪

કાંટો ખૂંચે પગે જેમ વધુ ને વધુ જોરથી,
તેમ તે કાઢવા ઈચ્છા થાય છે મનને નકી.
સ્વભાવ ખૂંચશે તેવો જ્યારે સાધકને હૃદે,
આણી ઉકેલ તે વેળા શકે પોતાની મેળ તે. ૫-૬

સ્વભાવ મિત્ર શત્રુ છે આપણો સાધનાપથે,
તેથી સંભાળવાનું ત્યાં સાધકે રાખવું ઘટે. ૭

વર્તાવાતાં સ્વભાવેથી કર્મમાં દોષ ઊપજે,
ચેતીને ચાલવાનું છે સાધકે તો ક્ષણે ક્ષણે. ૮

અસિધારા પરે જેવું ચાલવું અઘરું ઘણું,
ચાલવાનું દીસે તેવું સાધના પથમાં ખરું. ૯

પ્રકૃતિના સ્વભાવેથી રહી તાબે જ વર્તશે,
થશે એનાથી જે કર્મો યોગ્ય ના તે કદી થશે. ૧૦

માયા તેથી કહી એને શાસ્ત્રકારે બધી રીતે,
દોરવ્યા તે કરે એમ માયા બંધનથી બધે. ૧૧

નિરીક્ષા આપણે પૂરી આપણી કરવી સદા,
છેતરાવું કદી ત્યાં ના માનીને ભળતું કદા. ૧૨

કર્મનો દોષ શી રીતે બન્યો તે જાણવો ખરો,
દોષ ના કર્મમાં, દોષ કિંતુ તો નિજમાં રહ્યો. ૧૩

પોતાને અવલોક્યા જે એવી રીતે કરે સદા,
ઉકેલે આપને આપ એ રીતે, आप પામતા. ૧૪

સાધનામાર્ગમાં ઊંડું રંગાવા દિલ જેહનું,
તડજોડ સમું ના તે પોતા સાથે કરે કશું. ૧૫

જીવને મૂળ સૌ વાતે જોવાનું સર્વદા રહ્યું,
'પ્રેરાયેલા કઈ રીતે રહેવાયે' તપાસવું. ૧૬

સર્વ પ્રવૃત્તિના કર્મે સ્વભાવે વશ ના થવું,
અહંતા છોડતા રે'વું કર્મે થૈ જ્ઞાનયુક્ત શું ! ૧૭

અનાસક્ત રીતે કર્મે પ્રવેશાવાનું રાખવું,
હૈયે સદ્‌ભાવ રાખીને પ્રભુને તે સમર્પવું. ૧૮

અહંતા નીકળી જાતાં થવાતાં મુક્ત એ થકી,
પછી સૌ આપણા કર્મે આસક્તિ ના હશે કશી. ૧૯

❊

હરિ:ૐ

અધ્યાય : ૪

## 'વર્તવું સમ રાખીને.'

થયા જે જે કરે તેમાં તાટસ્થ્યે વર્તવું હૃદે,
જાગૃતિ લક્ષ રાખીને ધ્યેયમાં ખૂંપવું હૃદે. ૧

હૈયે તટસ્થતા એવી આપમેળે ન જાગશે,
વિના તે કેળવ્યા એને કદી ના સાંપડી શકે. ૨

અભ્યાસ એકધારો ત્યાં રાખવો જીવને પડે,
અનુકૂળ સ્થિતિ એવી રાખવી મનની પડે. ૩

તરંગો ને વિચારો સૌ ઉદ્ભવે મનમાં બધા,
સંકળાઈ જ તે સંગે જવું ના આપણે તદા. ૪

એવા પ્રવાહમાં ક્યાંયે તણાવાનું ન રાખવું,
વે'ણ છો તાણવાળું હો, તોય ઊભા રહો પૂરું. ૫

ખેલવી પડશે ભારે એવી યુદ્ધ પરંપરા,
લેવાદેવા છતાં ક્યાંયે તે વિશે આપણે ન ત્યાં. ૬

નિરપેક્ષ રીતે એવું વર્ત્યા જવાનું રાખવું,
કેળવાઈ જતાં એમ દષ્ટિ, સત્ય ઊગે બધું. ૭

કશું કૈં કરવાનું ના પડેલી આપણી રીતે,
જીવને આપણું લક્ષ રહ્યું ફેરવવાનું તે. ૮

પુરુષાર્થ બને જે જે તે પ્રેમે કરતાં રહી,
પ્રવાહો આપણામાંના જાણી લેવા ઘટે તહીં. ૯

જે જે કાંઈ થતું હોય જુદા તે થકી આપણે,
ભાવ કેળવવા કર્મે ધારો તે ધારણા હૃદે. ૧૦

કશાથી ભાગવાનું ના જે જે કૈં મળતું પથે,
તેમાં અર્થ રહેલો છે, ગ્રહો જે ભાવ અર્થ તે. ૧૧

'આત્મનિષ્ઠ થવા કાજે જીવને જે મળ્યા કરે',
રાખીને એહનું લક્ષ જ્ઞાની સૌ કર્મ આચરે. ૧૨

જણાતું હોય ક્યાંયે ના આશાકિરણ એકયે,
છતાંયે ત્યાં પુરુષાર્થ છોડી દેવો ન યોગ્ય તે. ૧૩

કર્મની પાકવા ક્યારે મર્યાદા આવી પ્હોંચતી,
જાણ એની પડે છે ના, યોગ્ય ત્યાં રે'વું ચીટકી. ૧૪

વારાફેરા ઊંધાચત્તા કૈં કૈં ત્યાં આવતા પથે,
છતાં ત્યાં લક્ષને સ્થિર વર્તવું સમ રાખીને. ૧૫

❋

હરિઃૐ

અધ્યાય : ૫

## 'પ્રકૃતિ પલટો ત્યારે...'

કર્મના ફળની આશા રાખવાની નથી ભલે,
છતાં પ્રાપ્તિ નથી તેની માનવાનું ન એવું તે. ૧

ધાર્યા ત્યાં કરવી આશા તેવું ના રાખવાનું તે,
ધારણા-હેતુ જેવો ત્યાં કર્મમાં તેવું ત્યાં ફળે. ૨

આચર્યા કરવાનું તે યોગ્ય જો ફળતું દીસે,
યોગ્ય આચરવાકેરો યજ્ઞ તો ચાલુ રાખજો. ૩

ફળંતું જાય શું એમાં દો મહત્ત્વ ન ઝાઝું કૈં,
આપમેળે જણાતાં તે યોગ્યતામાં પ્રમાણજે. ૪

સાધના સાધવાકેરી જીવને જાણવી ઘટે,
સાધનાભાવનાથી સૌ કર્મને કરવાં પડે. ૫

કર્મમાં સૌ પ્રવેશાવું ભાવના વૃદ્ધિ અર્થ તે,
સાધકે ખ્યાલ તે ઊંડો રાખવો કર્મ અંતરે. ૬

જે કૈં સૂઝેલું હો યોગ્ય સ્વીકાર કરતા જવું,
ચેતના જાગૃતિવાળો એમાંથી પામતો ઘણું. ૭

એનેયે પ્રકૃતિ દક્ષ સૂક્ષ્મ સૂક્ષ્મ રીતે કરી,
પછાડવા જશે તેથી સાધકે જાણવી રહી. ૮

આપણું શુભમાં શુભ વાંછીને વેશ તે લઈ,
આપણી રીતમાં પેસી ભોળવ્યા કરશે પછી. ૯

ચકોર કોઈ ચેતેલો જીતી પ્રકૃતિ પાર તે,
કૃપાથી શક્તિ ચૈતન્યે ઓજશે દીપશે હૃદે. ૧૦

'ધર્મપાલન' 'સ્વીકાર' બન્ને મહત્ત્વનાં ખરાં,
બન્નેની યોગ્યતામાં તો સાધકે વર્તવું સદા. ૧૧

એકને છોડીને બીજું લેવા સાધક જો જશે,
ભ્રમણામાં પડી પોતે તત્ત્વને તે ગુમાવશે. ૧૨

'દૈવી ચૈતન્યનો ભાવ પૃથ્વીની પ્રકૃતિમહીં,
-ઠરે ના તે કદી' એવું જાણવું સાધકે સહી. ૧૩

દૂધ સિંહણકેરું તો સોનાપાત્ર વિશે ઠરે,
ભૂમિકા એવી હૈયાની તે યોગ્ય કરવી ઘટે. ૧૪

સૂર્યની સાબિતી કાજે કોઈ બીજાં પ્રમાણ ના,
મેળે અનુભવાયે તે, તેવું ચૈતન્ય ભાવમાં. ૧૫

પ્રકાશ સૂર્યથી લાગે, સૂર્યથી તાપ લાગશે,
ઘણા લાભ મળે બીજા સૂર્યનાં કિરણો વડે. ૧૬

વરસે મેહ એનાં તો ચિહ્‌ન સ્પષ્ટ જણાય છે,
પ્રભુનું દૈવી ચૈતન્ય સ્પર્શતાં તેવું થાય છે. ૧૭

ચૈતન્યભાવની જેવી જેવી હો ભાવના હૃદે,
હૈયે સ્વીકાર તે થાય તેવું તે ઘડતો પથે. ૧૮

સ્વભાવજન્ય જે શક્તિ તેનાથી કોટિ તો ખરે,
થાય ઉદ્‌ભવ શક્તિનો એવું અનુભવે ઝરે. ૧૯

પ્રકૃતિપલટો ત્યારે પ્રત્યક્ષે જોઈશું ખરે,
ઉદ્‌ભવાયેલી શક્તિનું જ્ઞાનભાન થતું દીસે. ૨૦

ચંચળ પ્રકૃતિરૂપ તે પેઠે થાય કામ ના,
એકધારું, દૃઢ, સ્થિર જ્યાં ત્યાં કામ કરાય શાં ! ૨૧

કશુંયે ના મૂકી દે છે જીત્યા વિના કદીય તે,
સ્વભાવ મૂળમાંનો જે પલટાયેલ જીવને. ૨૨

જીવતીજાગતી ત્યારે સાધના જીવને થશે,
'ભક્તિ, જ્ઞાન અને કર્મ ધ્યાન' સુમેળ જામશે. ૨૩

સર્વ કૈં જાતનાં ત્યારે અશાંતિ કારણો ભલે
-આવતાં, ત્યાં રહે શાંતિ આપોઆપ ખરી હૃદે. ૨૪

ભાગવા પ્રાપ્ત કર્મોથી ત્યારે વૃત્તિ થશે નહીં,
કંટાળો કૈં કશાથીયે આવશે ના હૃદે જરી. ૨૫

❃

હરિ:ૐ

## અધ્યાય : ૬

## 'પ્રયોગભૂમિ કર્મ ત્યાં...'

વર્ષામાં વૃષ્ટિ જ્યાં થાતાં પૃથ્વીની પર શી રૂડી
-સૌંદર્યકેરી બિછાત ફૂટે છે ચેતનાભરી. ૧

પ્રભુથી સૃષ્ટિનો તેવો થવાનો જન્મ, જાણવું
-એને આધાર ભૂમિકા કશા કો કાજ હોય શું ! ૨

ઊપજ્યું કર્મ તો જાણો પ્રભુમાંથી પ્રભુમહીં
-કર્મ તે સૌ સમાવાનાં, જાણજો રૂડી રીતથી. ૩

જીવને કર્મ તેથી તો પ્રભુ કાજે કર્યા કરો,
પ્રભુમાં સૌ સમાવીને કર્મમાં બંધને ન ર્‌હો. ૪

દેખીતા જડમાં ગૂઢ ચેતનાશક્તિ પ્રકૃતિ
-ફેરફારો કરાવીને તે વિકાસ સધાવતી. ૫

પ્રકૃતિ કાયદા જાણ્યે જ્ઞાની કો ના થઈ જતું,
પ્રકૃતિથી થવા પાર જીવે છે, પાર તે થતું. ૬

'પ્રકૃતિ તો પ્રભુની છે, પ્રભુ વિના ન કોઈને
-તાબે એ તો થવાની છે,' જાણજો નિશ્ચયે હૃદે. ૭

વિના પામ્યા પ્રભુને કો પ્રકૃતિ પાર ના થશે,
પ્રભુને પામવાથી તે સમેટાઈ હૃદે જશે. ૮

કર્મમાં ભાવ જો ના હો, કર્મે જો હેતુ ભાવ ના,
કર્મઠના વિકાસે કૈં આવે તે ઉપયોગ ના. ૯

કર્મ એ પાઠશાળા છે ભાવનાને ઉતારવા,
ચેતના જોડવા કાજે પ્રયોગભૂમિ કર્મ ત્યાં. ૧૦

ભાવના ચેતના સાથે હેતુનું જ્ઞાન અંતરે,
દૃઢાવવા બધી રીતે, કર્મ કેવાં જરૂરી છે ! ૧૧

દ્વંદ્વમાં તે પ્રભુભાવ જો રાખી ના શકીશું તો
-દ્વંદ્વથી શી રીતે પાર થવાનાં પછી જીવને ! ૧૨

દ્વંદ્વની વૃત્તિ તે દ્વંદ્વે રાખવાની ન જીવને,
એકધારું ઊંડું એવું ભાન તે રાખજો હૃદે. ૧૩

'ભારે મુશ્કેલ છે આ તો, આવું કેમ બને બધું ?'
એવું વિચારવાનું ના આપણે રાખવું કશું. ૧૪

ડગ એક પછી એક ભરાતાં તે જતાં કરી,
કપાવાનો જ છે પંથ, ખ્યાલ તે રાખજો નકી. ૧૫

કેટલું કેટલું આઘું જવાનું, ત્યાં મહત્ત્વ તે
-આપ્યા ના કરવું, કિંતુ હાથે પ્રત્યક્ષ કર્મ જે
-ઉકેલ્યા તે જવામાં સૌ, વર્તવું લક્ષ રાખીને,
મુશ્કેલી આવતાં પે'લાં મુશ્કેલીનો વિચાર તે
-ઘણાંને મૂંઝવી નાખે મુશ્કેલી કરતાં ઘણો. ૧૬-૧૭

શાતા ને સમતા ધારી મનમાં અકળાઈ ના,
સ્વસ્થતા ધારીને પૂરી ઉતારો કર્મ પાર ત્યાં. ૧૮

કર્મથી આપની કેવી તૈયારી તે થયેલ છે,
કર્મ ઉકેલતાં એ તો આપમેળે જણાય છે. ૧૯

❋

હરિ:ૐ

અધ્યાય : ૭

## 'ચેતજો, જાગજો, વા'લાં !'

ચેતજો, જાગજો, વા'લાં ! પ્રત્યેક ક્ષણ જીવજો !
થવા જીવનનું મૃત્યુ દેશો ના, ભાન રાખજો. ૧

ગપાટા કૈં ન મોઢાના તમો આગળ ઠાલવું,
જીવને જે કરેલું છે, તમો આગળ હું ધરું ! ૨

કર્મમાં હેતુને જેવો જીવતોજાગતો હૃદે
-ધરીને જેમ વર્ત્યો છું, તે પ્રમાણે ધરું પદે. ૩

કર્મથી રળવા ધારી, કર્મથી જીવવા ચહી,
કર્મથી ભૂમિકા પાકી કેવી જણાય આપથી ! ૪

કર્મ ના મુખ્ય, કર્મોથી જેને છે પામવાપણું,
સર્વ તે કર્મમાં એનું ભાન, લક્ષે સ્ફુરાવવું. ૫

જુદી જુદી ભૂમિકામાં મૂલ્યાંકનો જુદાં જ છે,
ત્યાંયે નિરાગ્રહી રે'તાં રહેવું, જાણીબૂઝીને. ૬

કોઈક ભૂમિકામાં તો ગરકાવ પૂરેપૂરું
-થઈ જવાનું છે કેવું ત્યાં જ તાટસ્થ્ય જીવતું
-ચેતનાત્મક સંપૂર્ણ કેટલું સમજાય શું ! ૭

તેથી નિરાગ્રહી પૂર્ણ નિઃસ્પૃહી સર્વ બાબતે
-જ્ઞાનપૂર્વક તાટસ્થ્યે કર્મમાં વર્તવું બધે. ૮

છોડાવવા મડાગાંઠો, આગ્રહો, ટેવ ને મતો,
સૌ સમજણ, તે અર્થ જે જે કર્મ મળેલ સૌ,

તેમાં તેવાય હેતુને તેવા કર્મે છતો ઊંડો
-જ્ઞાનપૂર્વક સંપૂર્ણ સંકોર્યાં કરવો નર્યો. ૯-૧૦

તે નિરાગ્રહી સંપૂર્ણ એમનું એમ કોઈથી
-કદી પણ થવાયે ના, કર્મ માધ્યમ યોગ્ય શું ! ૧૧

કર્મ વિના ઘડાવાનું બીજા કશાથી ના થતું,
અનેક રીતથી કર્મ કેટકેટલું યોગ્ય શું ! ૧૨

સર્વ બાજુથી જોવાની કર્મમાં દૃષ્ટિ, વૃત્તિ તે
-થયેલી પાકી જ્યાં ના હો, ધારવું ઠીક ના થશે.
ખીલેલાં સમતાદિ હો, તટસ્થ ને નિરાગ્રહ,
ત્યારે જોઈ શકો પૂરાં કર્મ સૌ તુલનાત્મક. ૧૩-૧૪

કર્મનો હેતુ કોઈનો જાણ્યો ના હોય જ્યાં સુધી,
ત્યાં સુધી તોળવા કર્મ બેસી ના ત્યાં જવું કદી. ૧૫

સ્વપ્નમાં સ્થળ ને કાળ આપોઆપ સદા ઘટે,
દશા જાગ્રતમાં બન્ને રહે, વિક્ષેપ ત્યાં નડે. ૧૬

તેથી ઊંઘમહીં હૈયે ચેતતું ર્‌હેવું જીવતા,
અલિપ્તપણું સૌ તો જ ચેતતું સ્ફુરતું તદા. ૧૭

આડાંતેડાં મળે કર્મ તેમાં જોવું નહિ કશું,
સ્વભાવ પલટાવવા કર્મ સાધન પ્રીછવું. ૧૮

તેથી ભલે ગમે તેવાં કર્મ હો, કિંતુ ધારણા,
ઈષ્ટની ત્યાં હૃદે ર્‌હેતાં પમાશે ફળ ઈષ્ટ ત્યાં. ૧૯

કર્મની સાધના એવી હૈયે ધ્યાન ધરી કરે,
કર્મને પ્રેરનારી તે ચેતના મેળવી શકે. ૨૦

કૈં ઘૂંટાયા વિના પૂર્ણ ભક્તિભાવ નર્યો હૃદે,
કર્મમાં ધારણા ઊંડી શેં એકધારી રૈ' શકે ? ૨૧

❃

હરિઃૐ

અધ્યાય : ૮

**'જે જે માનો...'**

શ્રદ્ધાવિશ્વાસ જીવંતાં કેળવાયા જતાં હૃદે,
કર્મનું બાહ્ય જે રૂપ મેળે ઉકેલ પામશે. ૧

જ્ઞાન જન્માવવા કર્મ, કર્મ પ્રેરક ભાવ છે,
સંપૂર્ણ ત્રણમાં મેળ હોવા કેંદ્રિતતા જ તે,
ત્રણેમાં એકનું ઊંડું જેને જીવતું લક્ષ છે,
ગ્રંથિઓ તૂટશે મેળે એકતા પામતાં ત્રણે. ૨-૩

ત્રણેને એક ભાવેથી જોડવાની કળા હૃદે
-સાંપડી હોય તેવાંને કોયડો ક્યાંય ના કશે,
અનાદિ આદિકેરા જે ગૂંચવાડા ભર્યા બધા
-પ્રશ્નો સૌ વિશ્વજૂના તે ઉકેલાઈ જશે તદા. ૪-૫

પ્રપંચીરૂપ માયાનું એમાંય ખેલ ઈશના,
પ્રભુ પોતે રચે કેવો ! જણાશે આપમેળ ત્યાં. ૬

તર્કવિતર્ક કે ચર્ચા, શાસ્ત્રની સૌ પરંપરા
-એકલી બુદ્ધિના શુષ્ક સાધને તે મપાય ના. ૭

જિજ્ઞાસુ આર્ત ને આર્દ્ર તાલાવેલી ભર્યું ખરું
-કેળવાયું હશે જેનું હૈયું, તે પામતાં બધું. ૮

વિચારોના સકંચેથી પૂરું મોકળું ત્યાં થવા
-જોડાતાં શૃંખલા એમાં ચેતતા ર્‌હેવું સર્વદા. ૯

માનવું હોય જે હૈયે માનવું ભાવના થકી,
શુષ્કતા રાખવી ત્યાં ના માનવું યોગ્ય જેમહીં. ૧૦

માનવું હોય તો માનો માનવું યોગ્ય લાગતાં,
પ્રામાણિકપણું તેવું રહેવું ત્યાં દઢાવતાં. ૧૧

જે જે માનો, મનાયું તે, જો ત્યાંથી હઠી ના શકો,
મનાયું સાચું તે જાણો, બાકી માનવું વ્યર્થ સૌ. ૧૨

કશુંય એમનું એમ મનાઈ ના જતું ખરે,
ચિત્તની વૃત્તિ તે રીતે થતાં આસક્ત, તે બને. ૧૩

જેને હો માનવાનું ત્યાં પ્રેમ એના પરે હૃદે
જામતાં લાગતાં પૂરો એને આપ પિછાનશો. ૧૪

રહસ્ય, રસ, તાત્પર્ય મહત્ત્વ નિજ પંથનું
-આપોઆપ પડ્યે લક્ષે, ખૂંપેલા પંથ જાણવું. ૧૫

મધ્યસ્થ, અંતરે સૌના, આરપાર બધાંનીયે
-સર્વના પારની પારે પોતે કૂટસ્થ શો રહે !
કર્મ પ્રયોગ તે અર્થે અનિવાર્ય જરૂરી છે,
જ્યાં કર્મયોગ સંપૂર્ણ આચરાતાં, બધું ફળે. ૧૬-૧૭

ભક્તિ કે જ્ઞાનના યોગે કર્મ મહત્ત્વનું નર્યું,
કર્મ વિના કદી ભાવ સાકાર તે નથી થતો. ૧૮

❃

હરિ:ૐ

અધ્યાય : ૯

## 'ફળેચ્છા ત્યાં ન હોય છે.'

શરીર આપણું લૂલું ભલે સાધન પાંગળું,
કિંતુ કેવું જરૂરી તે તત્ત્વને પામવા ઊંડું. ૧

વિશ્વ, બ્રહ્માંડ, તે જાણો ઈશનું તે શરીર છે,
કર્મયોગથી સંપૂર્ણ હરિ અનુભવે જ છે. ૨

'નકામું' 'સારું' એ દ્વંદ્વ દ્વંદ્વમાં દ્વંદ્વની રીતે
કર્મે પ્રવેશવાનું ના અંતરે રાખવું ઘટે. ૩
ઈશની ચેતના શક્તિ પ્રકૃતિમાં શી ગૂઢ છે !
યંત્ર પેઠે ચલાવે છે વિશ્વને મૂઢતાથી તે. ૪

પ્રકૃતિજન્ય પોતામાં પ્રવાહો જે સ્ફુર્યા કરે,
ઘસડાઈ ગયા વિના, કોઈએ બાકી ત્યાં નથી.
કિંતુ ધ્યેયનું સંપૂર્ણ જેને હો દિલ ભાન તે,
તેવાં જ માત્ર શા પાત્ર સંયમે યોગ્ય ધારવે ! ૫-૬

માત્ર કર્મથકી એવા પ્રવાહો જીવને વહે,
તેને સંયમ જ્ઞાનેથી કર્મ માધ્યમથી પથે,
બધા મઠારવા ભાવે શ્રેયાર્થી શો મથે હ્રદે,
કર્મ મહત્ત્વનું તેમાં, શ્રેષ્ઠ શો કર્મયોગ છે ! ૭-૮

વિરોધાભાસી પ્રવૃત્તિ જીવને તો મળ્યા કરે,
તેમાં સુમેળ સંપૂર્ણ સાધવાને મથ્યા જજો.
એવું જે મથવાનું છે, એને જ સાધના ગણો.
તપશ્ચર્યા જ તે કેવી, ઘડાતાં શાં મનાદિ સૌ ! ૯-૧૦

સાધનાભ્યાસમાં જે કો વળેલાંને કંઈ કદી
-કશી યાંત્રિકતા કર્મે હોવાની શક્યતા નથી. ૧૧

વિશ્વમાં જ્ઞાન મૂકેલું વિશ્વેશ્વરે કૃપા કરી,
કિંતુ બુદ્ધિ ખીલેલી ના, તેથી તે પામતા નથી. ૧૨

વાયુ-આકાશને કેવો ગૂઢ સંબંધ હોય છે !
વાયુના ગુણદોષોનો સ્પર્શ આકાશને ન છે, ૧૩

વાયુથી સાવ જુદું હો એમ આકાશ તો જ છે,
વાયુ પોતે નથી ત્યાંયે આકાશ વિદ્યમાન છે.
પ્રભુ એવી રીતે વિશ્વે છતાં તેથી અલિપ્ત છે,
છતાં સંબંધ પાસેનો ગાઢ ને ગૂઢ શો રહે ! ૧૪-૧૫

વિશ્વની સાથ સંબંધ જીવંત કર્મને લીધે,
જીવન સાથ સંબંધ સૌ સાથે કર્મને લીધે. ૧૬

સંકળાયેલ સૌ સાથે કર્મને કારણે જગે,
સંકળાયેલું તેથી તો કર્મ સૌ સાથ જીવને. ૧૭

બધાંએ સંકળાયેલાં જીવન સાથ નિશ્ચયે,
ઓતપ્રોત પ્રભુ કેવો સંકળાયેલ જીવને ! ૧૮

તેથી તો કર્મમાંયે શો સંકળાયેલ ઈશ છે !
કર્મમાં ભાવ હૈયામાં હરિનો ધારવો ઘટે. ૧૯

ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્તવ્ય-કર્મ સૌ થતાં,
જીવતી ધારણા હૈયે એને શ્રીહરિની સદા. ૨૦

મન, વાણી અને કાયા માલિકી હરિની ખરે !
હોતાં વાસ્તવમાં એવું, ફળેચ્છા ત્યાં ન હોય છે. ૨૧

સંકલ્પ ને વિકલ્પો સૌ ઊગે ના મન જેહને,
તેને સંન્યાસી સાચો તો જાણી લેવો ખરો ઘટે. ૨૨

તેવો તો એકલો માત્ર ફળ ત્યાગ કરી શકે,
તે સંન્યાસી ગણવાને બધી રીતે યથાર્થ છે. ૨૩

❋

હરિઃૐ

અધ્યાય : ૧૦

## 'કશું પાસે ન રાખવું.'

ચિત્તશુદ્ધિ થવા કાજે પ્રભુભાવ દૃઢાવવા,
કર્મ એરણરૂપે સૌ ઘડાવાને મળેલ શાં ! ૧

પોતાને વિશ્વની વચ્ચે કો પ્રકારની એકતા,
લાગવા માંડતી જેને એવાની યોગ્ય સાધના. ૨

કર્મ સૌ જ્ઞાની, અજ્ઞાની, કર્યા ગુણાશ્રયે કરે,
બન્નેના હેતુમાં જ્ઞાન ભિન્ન કેવું પરસ્પરે !
નદીના પટની જેમ કર્મનો પટ તો ગુણો,
ગુણોમાં ધારણા તેથી જ્ઞાન ભક્તિની રાખજો. ૩-૪

સોનાની ભસ્મ તો થાતાં ગુણ એનો જુદો બને,
તત્ત્વ તો એકનું એક છતાં ભેદ તહીં પડે. ૫

માનવું એક છે વાત, મનાયેલી બીજી દશા,
અંતર કંઈક ગાઉનું બન્ને વચ્ચે રહ્યું સદા. ૬

ગુણોથી આવવું ઊંચું એમનું એમ ના બને,
જાણવા જોઈશે 'ગુણ', 'સ્વામિત્વ ગુણનું શું' તે,

ગુણનું કર્મ ગુણો તે એમ ને એમ ના કરે,
સ્વભાવે ગુણ વર્તાવ્યા સામાન્ય જનને કરે. ૭-૮

ગુણોની ઉપરે કાબૂ પૂરો મેળવવા હૃદે,
કર્મમાં જ્ઞાનના ભાવે વર્તવું રહ્યું સાધકે. ૯

આદિમાં મધ્યમાં અંતે જ્ઞાનભાવે કર્યા જવું,
પછી સમર્પવું પ્રેમે કશું પાસે ન રાખવું. ૧૦

પ્રભુને દોર સોંપીને જો પ્રવેશાય કર્મમાં,
સારું માઠું જણાશે ના સમર્પ્યાં જાય પાદમાં. ૧૧

સર્વ કર્મમહીં વૃત્તિ માત્ર શ્રીહરિની ઠરે,
'હું' બધું નીકળી જાશે અલોપ હરિના પદે. ૧૨

મૌનની તો દશાઓ છે, એકમેકથી શી જુદી !
આત્માના મૌનના જેવી સર્વોત્કૃષ્ટ દશા ન છે. ૧૩

પ્રભુનો ભાવ જે રીતે જાગે તે રીતને ગ્રહો,
ભૂમિકા યોગ્ય તે કાજે રચાવા સર્વ કૈં કરો,
ભૂમિકા તે રચાવાને યોગ્ય ભાવ ધર્યા કરો,
ભાવ વિના કશું કર્મ કશું કદી ન આચરો. ૧૪-૧૫

જેમાં છે ભાવ સંપૂર્ણ તે કર્મ હરિયોગ્ય છે,
તર્પણ કર્મ જે સાચું હરિને યોગ્ય શ્રેષ્ઠ છે. ૧૬

ભાવ દઢાવવા કર્મ, ભાવ સાકાર તે વિના
-કદાપિ ના થશે, નિશ્ચે જાણી તે રાખવું સદા. ૧૭

ભાવ જે કર્મ વિશે ના, તેમાં પ્રાણ કશા ન છે,
એવાં કર્મે ભલીવાર ક્યાંથી તે હોય જીવને ? ૧૮

ચૈતન્ય શક્તિનો ભાવ ગૂઢ જે સચરાચરે,
સર્વના અંતરે વ્યક્ત કર્મ દ્વારા થતો ખરે. ૧૯

કર્મ તેથી અનિવાર્ય જીવને, માત્ર જીવવા
-તેવો અર્થ બહુ ટૂંકો, હરિને પ્રગટાવવા
-કર્મનો હેતુ સાચો તે તે અર્થે કર્મ હેતુ છે,
કર્મમાં તેથી તો ઊંડો તેવો જ ભાવ ધારજે. ૨૦-૨૧

❋

હરિઃૐ

અધ્યાય : ૧૧

## 'નિમિત્ત કર્મસાધન'

અકલ્પ્ય ને અનિર્દેશ્ય અભાવાત્મક તે ન છે,
ધગધગતી જેની છે તમન્ના, શા અનુભવે ! ૧
તેનેય કર્મની કેવી જરૂરિયાત જીવને !
કર્મ આધાર સર્વેને કેવો મહત્ત્વનો ખરે. ૨

કર્મમાં હેતુનું જ્ઞાન, દૃઢાયા ભાવ તો જતે
-કર્મે, બંધાયેલી સર્વ મડાગાંઠો શી પીગળે ! ૩

કર્મમાં ભાવ સંપૂર્ણ જાગેલો હોય અંતરે,
કર્મથી પ્રકૃતિનું તો થાય કેવું રૂપાંતર ! ૪

ચૈતન્ય શક્તિ હૈયામાં પૂરેપૂરી જગાવવા
-કર્મમાં જ્ઞાન ને ભક્તિ હોતાં, સાધન યોગ્ય ત્યાં. ૫

ભાવને જીવવા કાજે કર્મ આધાર આશ્રય,
ખરો મહત્ત્વનો સાચો શો કેટકેટલો જ તે ! ૬

ભક્તિ ભાવ વિના કર્મ થવા દેવું કદી ન તે,
નહિ તો ભાવ ને કર્મ બધું એળે જશે જ તે. ૭

જે પ્રભુત્વ રહેલું છે ગૂઢમાં ગૂઢ જીવને,
થવા પ્રાગટ્ય તે માટે નિમિત્ત કર્મસાધન. ૮

ચૈતન્યે જે અવસ્થા સૌ મથે પ્રાગટ્ય તે થવા,
તે પરે સર્વ આધાર રહેલો કર્મમાં સદા. ૯

સ્વરૂપ મૂર્ત ચૈતન્ય આપવા કર્મ સૌ ગળે,
કર્મમાં હેતુ ને જ્ઞાન રાખવાં તેથી જીવને. ૧૦

શક્તિને પામવાને શો ઉપાય એકમાત્ર જે
-કર્મની સાધનાનો છે ! ફાંફાં બીજાં બધાં ગણો. ૧૧

જ્વાળામુખી સમો અગ્નિ ધ્યેય અર્થ ભભૂકતો
-જેને અંતર સંપૂર્ણ, તેવાનું માત્ર ત્યાં ગજું. ૧૨

આરપાર થયા વિના જેને જંપ જરા ન છે,
થવાને કર્મ સંપૂર્ણ, ત્યાં આરામ હરામ છે,
પરિણામ પરિપૂર્ણ થયા વિના ન ચેન છે,
તેવાં શાં એકલાં માત્ર કર્મને વરીને જીવે ! ૧૩-૧૪

❋

# ખંડ-૯ : કર્મવ્યવહાર

હરિઃૐ

અધ્યાય : ૧

**'ભેરવાવું ન આપણે.'**

(અનુષ્ટુપ)

માનવી જિંદગાનીનું કર્તવ્ય શ્રેષ્ઠ એ જ તે,
એ કાજે તો મળેલો છે માનવી દેહ સર્વને. ૧

કૃપા એ તો પ્રભુની છે, એની જે અવહેલના
-કરે છે કૈં ન પામે તે, ભારે છો હોય સાધના. ૨

મા'લવી જિંદગાનીને જેને જે રીત તો ગમે,
એવાંને તો વહેવા દો જે ગમે મન એ રીતે. ૩

વિરોધ ઉગ્ર જાગેલો જે વેળા ચિત્ત લાગતો,
માત્રા પ્રેમતણી ત્યારે હૈયે સૂક્ષ્મ વધારજો. ૪

હૈયાના પ્રેમનો ભાવ એમનો એમ રાખીને,
મૃદુતા વર્તને ભાષામાંયે તે રાખવી ઘટે. ૫

તડજોડ બીજાં સાથે રાખતાં આપણે ભલે,
પોતાના અંગની સાથે તેવું તો સંભવે ન તે. ૬

ડો'ળાઈ ના જવું ક્યાંયે પોતે સ્થિર રહ્યા કરી,
રહી અંતર્મુખે જોવાં કર્મનાં મૂળ ચિત્તથી. ૭

કર્મસંજોગથી જેનો સંબંધ જીવને મળ્યો,
તુચ્છકારી હૃદે એને કોઈ કાળે ન નાખવો. ૮

જેવો સંબંધ જ્યાં ગાઢો મર્યાદા સાંકડી રહે,
સંબંધ એકતા જેવો મર્યાદારૂપ આપ તે. ૯

વર્તતો જેમ હો પોતે પોતાની પર તેમ ત્યાં
તેવા સંબંધમાં એણે તે દૃષ્ટિ, વૃત્તિ ધારવાં. ૧૦

પોતાનાથી જવા જુદું તેવું જો માનવી ચહે,
જવા દેવું ઉમંગેથી એની રીતે જ્યહાં ચહે. ૧૧

જીવનાદર્શમાં જો તે સાધી સુમેળ ના શકે,
એવાંના દુઃખનું પોતે ના નિમિત્ત થવું ઘટે. ૧૨

એવાંના અન્યથા ભાવે એવાંના અન્ય વર્તને,
એવાંના અન્ય વિચારે ભેરવાવું ન આપણે. ૧૩

'ભેંસનાં શિંગડાં ભારે ભેંસને' મન ધારી તે,
આપણે આપણા કામે લગાડી ચિત્ત રાખવું. ૧૪

લેવાદેવા કશી ના હો એમ વર્તવું ના છતાં
આપણા ઉરની ઉષ્મા એને દો ઉર સ્પર્શવા. ૧૫

અલિપ્ત એકબાજુથી, બીજીબાજુ સુમેળતા
-જમાવી, તીવ્ર આકાંક્ષા આપણે રાખવી તદા. ૧૬

ત્યાં સમજાવવા પોતે પૂરી તૈયારી રાખવી,
બીજું આવ્યા વિના સામું આપમેળે જવું નહિ. ૧૭

મથે તે જાણવા જેમ તેમ ઉત્સુક જ્યાં થશે,
ઉત્કટ ભાવથી ત્યારે તૈયારી આપણી ઘટે. ૧૮

પ્રેમ, આદર્શના ભાવે આશા ને પરિણામનાં
-સ્વપ્નાં ના સેવવાનાં છે, મિથ્યા તે ધારવું, ભલા ! ૧૯

ધર્મ કર્તવ્ય જે હોય કર્યાં તે કરવું, પછી
-અપેક્ષા કોઈ પાસેથી રાખવાની કશી નથી. ૨૦

પોતાનું અંગ ધારીને એનું કલ્યાણ જે રીતે
-થવાનું લાગતું હોય તહીં વર્તવું તે રીતે. ૨૧

આડું કૈં આપણું એને લાગ્યા જે કરતું દીસે,
કશું તો ના પછી એને ક્હેવું કોઈ રીતે ઘટે. ૨૨

સૌમ્ય ભાવે છતાં પૂરું તે સાથે વર્તવું રહ્યું,
અને ના કોઈ રીતિએ વિચારાદર્શથી ચસો. ૨૩

બીજાંનું વર્તતા તેવું તે જો ઊંચું થતું હૃદે,
વર્તને બેવડા પ્રાણ વધારી શક્તિ વર્તજો. ૨૪

તેનો સાથ હૃદે દેશે સ્ફૂર્તિ ને પ્રાણ ચેતના,
અને સાથે થશે એનું ઊંચું આદર્શમાં દિલ. ૨૫

❋

હરિઃૐ

અધ્યાય : ૨

## 'બાંધી લેવું ન દિલને.'

શસ્ત્રસજ્જ થઈને તું તૈયારી કરજે ખરી,
સંગ્રામે યુદ્ધ કાજે થા તત્પરે હોંશ ત્યાં ધરી. ૧

શા કાજે ત્યાં વલોવાનું હૈયામાં અમથું ધરે,
વલોવાઈ જવાનામાં દુઃખને કાં ઊભું કરે ? ૨

નિજ સ્વભાવને જોઈ જાત ઓળખવી ખરી,
સૌ સફાચટ સંપૂર્ણ ખુલ્લું થવાનું છે ચહી. ૩

તે વિના કૈં થવાનું છે સાધના કામ ના જરી,
પ્રવેશ કરવાનો ત્યાં જીવન ધર્મ પ્રીછીને. ૪

કો રીતે છૂટી કેમેયે જીવનથી જવાય ના,
જીવન ધર્મ જે માન્યો એને આચરવો રહ્યો. ૫

આવી પડેલ જે ના હો માથું ત્યાં નવ મારવું,
ભેળવાઈ જવું ના ત્યાં મમત્વ રાખીને કશું. ૬

લાગે કે વળગે કૈં ના એવી સૌ બાબતોમહીં,
આપણે પડવાનું ના નિરાસક્તપણે રહી. ૭

સંબંધ ભાવનો જ્યાં છે વધુમાં વધુ ઉત્કટ,
સંભાળવું વધુ ત્યાં તો જાગૃતિ રાખી અંતરે. ૮

શુદ્ધ સાત્ત્વિક તો ભાવ કેળવાયેલ આપણો
-થયો હોતો નથી પૂરો, ઘટે ચેતવું તેથી તો. ૯

આપણી જ્યાં સ્થિતિ એવી, સૌ આસક્તિ-મમત્વને
-વેગળાં રાખવા માટે મથવું ઘણું જોઈશે. ૧૦

ચેતીને ચાલવાનું છે એવી પ્રત્યેક બાબતે,
મમતા થકી માર્યા કૈં વેતરાઈ ઊંધું જશે. ૧૧

વેગળું વેગળું તોયે રે'વું એને ન પાલવે,
હૈયે હૈયાં મળે તેવી તૈયારી સેવવી ઘટે. ૧૨

એમ રે'તાં છતાં એણે પોતાના જ ઉકેલમાં,
મથ્યા રે'વાનું છે ઊંડું લક્ષે ચિત્ત પરોવી ત્યાં. ૧૩

સંબંધ કોઈની પ્રત્યે ઓછો એણે ન ધારવો,
માત્રા ભાવતણી હૈયે વધારી, સર્વમાં ઠરો. ૧૪

ખુલ્લું પોતે રહેવાનું બાંધી લેવું ન દિલને,
આજે જે જોયું તે કાલે કૃપાથી ફરશે ખરે. ૧૫

જેવું છે તેવું ને તેવું કોઈ રે'તું ન વિશ્વમાં,
ફેરવાતું બધું જો તો, ફેરવાશે બધું જ તો. ૧૬

વર્તણૂકે રહી આવી સાધકે ચેતી ચાલવું,
'ડ્હોળાવું ના વધારે કે ઓછું' એણે વિચારવું. ૧૭

હોવા છતાં બીજાં પ્રત્યે સહાનુભૂતિ તો ખરી
-બીજાનાં અવળાં, તેને ટેકો દેવો ઘટે નહિ. ૧૮

ભૂલેચૂકે કદી એણે સંપૂર્ણ એક કે બીજે
-ભળી જવાનું ના રાખી, તાટસ્થ્યે વર્તવું ઘટે. ૧૯

પ્રસંગો જે મળેલા છે કેળવાવા તટસ્થતા,
એવા તે હેતુનું ભાન રહ્યું ના, તો નકામું ત્યાં. ૨૦

મળ્યા જે જે કરે તે સૌ કૈં ને કૈં હેતુ કાજ તે
-હાર્દ જે, સમજી પૂરું વધાવી લેવું તે ઘટે. ૨૧

કર્યું ને કારવ્યું સૌ હો હું-પદે જો ભરેલ જે,
આસક્તિ કૈં ભળેલી જો તે સાથે, સૌ નિરર્થકે. ૨૨

'આ થશે કે થશે તેવું આમ છે કરવું હવે',
કલ્પના આપણે તેવી ના ઊંડી ઘડવી ઘટે. ૨૩

આવેલું કર્મ હો માથે ઝાઝા વિચાર તે વિશે
-આપણે કરવાના ના, થતું હો જેમ તે ભલે. ૨૪

હેતુના ભાવનું માપ કર્મમાં માત્ર રાખવું,
જવાતું હો ઊંધું ત્યાં જો, ખંચકાઈ વિચારવું. ૨૫

ગમે તેવી ભલે હોને પ્રવૃત્તિ આપણા શિરે,
જીવનહેતુ વૃદ્ધયર્થે કરવી રહી નિશ્ચયે. ૨૬

'ગુણોથી દોરવાયાં ક્યાં આપણે જઈએ છીએ ?'
ર્‌હેવું તપાસતા તે ને ના જવું કદી એ રીતે. ૨૭

આપણાં દોરવાયેલાં આપણે વળવું હૃદે,
સ્વભાવે દોરવાયેલાં દોરવાવું ન ત્યાં કશે. ૨૮

ગૂંચવાડો ભલે પ્‌હેલાં લાગશે કિંતુ તે છતાં,
-મૂંઝાવાનું ન ત્યાં રાખી સામનો કરવો સદા. ૨૯

આખરે તો થવાનું છે કર્મ ગુણ સ્વભાવથી,
છતાં તે તો કરેલું છે આપણે આપણા થકી. ૩૦

થશે ભૂલો ભલે તોયે એમાંથી શીખવાનું તે
-મળ્યા જ કરશે પંથે હોઈશું દૃઢ જો તહીં. ૩૧

ઉરે ગુણોનું દેખીશું થતું સૌ પરિવર્તન,
ગુણો ગુણો વિશે વર્તે દેખીતું એમ દર્શન. ૩૨

પ્રસાદી પ્રભુની રૂપે મળેલું સર્વ તે ગણી,
પ્રભુનો ભાવ જે રીતે વધે તે રીતને ગ્રહી,
ઉપયોગમહીં લેશો વશ અનુગ્રહે થઈ. ૩૩

❋

હરિ:ૐ

## અધ્યાય : ૩

## 'નકામી ચીડ કો વાતે....'

પોતાનામાં યમુનાની ગતિ ઊંધી વળેલ તે,
નરી આંખે નિહાળીને ધન્ય ત્યારે હૃદે થશે. ૧

આપણે જે રીતે સાચાં તે રીતે હો ન જો બીજાં,
સાચાં તેઓ ન છે એવું આપણે માનવું ન ત્યાં. ૨

નકામી ચીડ કો વાતે આપણે કરવી નહિ,
ઘટી જાશે વળી જોર આપણું કર્મમાંથી તો. ૩

ભૂલેચૂકે કદી રોષ દર્શાવાતાં પડી જશે
-તુલા તે કર્મમાં નીચી, ધ્યાન તે રાખવું ઘટે. ૪

કારણ આપણું સાચું છે તો નિશ્ચિંતતા, પછી
-ત્યાંથી ના ચસવું સે'જે, જીવવું પ્રભુભાવથી. ૫

આપણે કદી અન્યાય કોઈને કરવો નથી,
કોઈ માને છતાં તેમ માનવા દેવું પ્રેમથી. ૬

એક દી આવશે એવો આપણા હેતુને હૃદે
સામુંયે તે પિછાનીને સાથ દેશે રૂડો પથે. ૭

કિંતુ આસક્તિ તે વાતે આપણે રાખવી નહિ,
'રહે સાથે' કશી વૃત્તિ એવી ત્યાં ધારવી નહિ. ૮

પોતાને હારતું જ્યારે આપણામાંનું ભાળશે,
જોર તે વેળ તે ભારે દાખવ્યા કરશે પથે. ૯

બુઝાવાનો દીવો હોય ઝબૂક્યા કરતો ઘણો,
આપણેયે વધુ જોમ તેમાં તે વેળ દાખવો. ૧૦

આગ્રહ સાધના કાજે એકલો રાખી મૂકવો,
એનો દોર સમૂળોયે મૂકી દેવો બીજે છૂટો. ૧૧

આસક્તિ, મમતા, રાગ, મોહ એ સર્વને કશે
-જીવને રાખવાનાં ના, વા'લામાં વા'લું છો હશે. ૧૨

આપણે આપણું જોયા કરવું એક ધ્યેયથી,
જિજ્ઞાસા પ્રેમભાવેથી વધાર્યા કરવી ચહી. ૧૩

સાધનાયે નથી સત્ય જો હેતુ ત્યાં સધાય ના,
એનેયે છોડવાને તો ઘટે તૈયારી હોવી ત્યાં. ૧૪

માની છે સાધના જેને યોગ્ય જો કરતાં હશું,
શ્રદ્ધા, વિશ્વાસ, નિષ્ઠામાં પરિણામ જ પામશું. ૧૫

કરો કે ના કરો તોયે આપમેળે થયા કરે,
સાધના તે પરિપક્વ થઈ છે એમ જાણજે. ૧૬

❋

હરિઃૐ

અધ્યાય : ૪

## 'લેપાશો તો ન જીવને'

(અનુષ્ટુપ)

સ્વભાવ જીવને ત્યારે સાધનાનો બની જશે,
વર્તાશે યોગ્ય સૌ ત્યારે નિશ્ચિતપણું વર્તશે. ૧

કરી યાહોમ યજ્ઞે તો જીવને પડવાનું છે,
મરીશું કે જીવીશું સૌ સોંપીને પ્રભુ હાથ તે. ૨

કશી કોઈ વિશે ચિંતા કશામાં રાખવાની ના,
હશે જેવું થવું જેને ભલે તેવું થયા કરે. ૩
અફળાતાં ભીંતે માથું પોતાને ભાન જાગતાં,
થવાનું જે હશે સીધું પોતે આપ થયે જશે. ૪
ઇચ્છાથી આપણી કોઈ કશું કૈં કરશો નહિ,
સૌ ઇચ્છા આપણી વ્યર્થ જવાની નિશ્ચયે તહીં. ૫
અનિચ્છા તેથી સર્વેમાં જીવને રાખવી સદા,
અનાસક્તિ થકી તો તો કરાશે કર્મ આપ ત્યાં. ૬
હૈયાની યજ્ઞવેદીમાં હોમાયા ત્યાં જવું સદા,
કમીના કોઈ વાતેયે આપણે રાખવી ન ત્યાં. ૭
જાગૃતિ, સાવચેતીથી લક્ષ એવું ધર્યા કરી
-હૈયામાં ધારણા ઊંડી તેવી જન્માવવી રહી. ૮
આવી પડે પથે જે જે આકસ્મિક રીતે નવું,
વિચાર્યા વિણ આવેલું મોકલેલું ઈશે ગણો. ૯
વિવેક રાખવો તોય, યદ્વાતદ્વા ન આપણે
-માની લેવાનું છે તેમાં, એની મેળે કશુંય તે. ૧૦
સાધનાથી થતું સાધ્ય ધ્યેય જો લાગતું હશે,
સાધનામાં ભરાયેલાં યોગ્ય તો પગલાં જ તે. ૧૧
જેમાં તેમાં વધેલી જો ભાવના લાગતી થશે,
સાત્ત્વિકતાતણો પાસ જીવને ઉદ્‌ભવેલ તે. ૧૨
રાગદ્વેષ થતા ઓછા જણાયા કરશે ખરા,
દ્વંદ્વયુક્તથી પ્રેરાયાં દોરાઈશું ન ત્યાં ભલા. ૧૩

સ્વભાવ વૃત્તિના જોશે કર્મ પ્રેરાઈશું નહિ,
'સ્વભાવ' 'આપણે' બેમાં ભેદ જાણી શકો તહીં. ૧૪

'ઈશ છે પ્રેમ' જો તો તો હોય તે કેમ આંધળો ?
અંધતાનો યદિ દોષ તે તો દેખાય આપણો. ૧૫

એવો તે વધતાં પ્રેમ પોતાનું સર્વ ભાળશું
-બીજાંનું નડતું જે હો જણાતું તેમ નિજનું. ૧૬

બધાંને નમતાં રે'વું, માથું ઊંચું ન રાખવું,
ચાલવું નીચું જોઈને, અહંતા ત્યજતાં થવું. ૧૭

આભાર માનવો સૌનો થોડુંયે જે કરે ભલું,
મહત્ત્વ દેવું બીજાંને આપણું થોડું માનવું. ૧૮

નજીવુંયે ભલેને હો આવેલું કર્મ તે વિશે,
પ્રાણ પૂરો પરોવીને ઉમંગે કરવું રહ્યું. ૧૯

કદી અન્યાય બીજાંને આપણાથી થઈ જતાં,
હૈયાથી માફી માગીને તે દ્વારા ભળવું તદા. ૨૦

કર્મનું સૌ પરિણામ નિશ્ચયે મળવાનું તે,
પછી એના વિશે આશા રાખવી તે નિરર્થક. ૨૧

પ્રત્યેક કર્મ સંજોગ કર્મ આવરણે મળે,
એના એ જ જતા ચીલે ત્યાં પ્રારબ્ધ ઊભું થશે,
દૃષ્ટિ જો સાધવાની હો પ્રત્યેક કર્મને વિશે,
ચેતાવ્યા કરશે જ્યાં ત્યાં ભાવને તે સમે હૃદે. ૨૨-૨૩

જિંદગીમાં મળ્યાં જે સૌ તે સાથે કર્મબંધનો
-નવાં ઊભાં કરીશું જો, જઈશું જકડાઈ તો. ૨૪

સર્વ સંબંધ તે કાજે, પ્રસાદી પ્રભુની ગણી,
વર્તીશું તે રીતે ત્યાં જો, ક્ષેમ સૌ થાય છે નકી. ૨૫

‘પોતાની મેળ જે જે કૈં બનતું હો, ભલે થતું,
બનવું આડખીલી ના, ત્યાં ના ડા’પણ ડો’ળવું.’
થતું ર્હે કેટલું એવું જીવને તે તપાસતાં,
ભૂમિકા કેળવાયેલી કેટલી શી ! પમાય ત્યાં. ૨૬-૨૭

કેળવી કેળવી ઊંડું નિર્મમત્વ ખરેખરું,
વર્તતાં સર્વ સંબંધે શી અનાસક્તિથી ભર્યું !
થવાતાં પૂર્ણ નિષ્કામ નિર્લોભી મોહમુક્ત ને
હોવા છતાં જ સંબંધો લેપાશો તો ન જીવને. ૨૮-૨૯

❋

# ખંડ-૧૦ : લોકોત્તર કર્મ

હરિઃૐ

(અનુષ્ટુપ)

કર્મથી ભૂમિકા શી શી જીવને કેળવાઈ છે !
કર્મમાં ભાવ જીવંતો પ્રેરાતાં, કર્મયોગ જે,
'કર્મ સાક્ષાત શક્તિ જે, જીવન ઘડનાર તે.'
એવો છે કર્મમાં ભાવ જેને, તે તરનાર છે. ૧-૨

કર્મમાં કર્મથી કેવું મળેલું શીખવાનું તે,
કર્મમાં ભક્તિ ને જ્ઞાનભાવે પ્રવેશ પૂર્ણ છે,
કર્મ ત્યારે શું તે માત્ર સ્થૂળ ખોખું ન કર્મનું !
કર્મ સાક્ષાત શું મૂર્તિમંત સ્વરૂપ ભાવનું ! ૩-૪

કર્મમાં વિઘ્ન, મુશ્કેલી, ગૂંચ, પ્રશ્નો શું કોયડા !
શી શી અડચણો વચ્ચે અવરોધો જ શા બધા !
છતાં જે કર્મમાં હેતુતણું લક્ષ ચૂકે ન છે,
એવાં જે ભાગ્યશાળી તે જીવન લા'ણ પામશે. ૫-૬

યોગ્ય કલ્યાણને અર્થે એની પ્રવૃત્તિ તો બધી,
લોકનું ના કરે ચીંધ્યું, તે લોકોત્તર સૌ સ્થળે. ૭

લોકબુદ્ધિ પરે રૈ' તે ઉવેખે લોકને ન તે,
સમજે લોકને પૂરું એના જેવું બીજું ન કો. ૮

આજની વાત તે કાલે એવાંની બીજી લાગતાં,
પરિસ્થિતિ પ્રમાણે તે વર્તતાં ખંચકાય ના. ૯

‘લોકો માટે ન તે જીવે પોતાને અર્થ શો જીવે !’
આત્મવિશ્વાસ ચેતંતો એવો એનો ખરેખરો. ૧૦

એવાંના સર્વ સિદ્ધાંતો સ્થિર છે ના બધી પળે,
બદલાયા કરે કેવા એકના એક તે ન ર્‌હે ! ૧૧

પ્રાપ્ત કર્મ સ્વીકારાતાં બુદ્ધિ તેમાં ઊંડી ખૂંપે,
એકાગ્રતા ભર્યો ભાવ રે’તાં વર્યાં જ કર્મ તે. ૧૨

પ્રભુની દિવ્યશક્તિ તે વિશ્વમાં સચરાચરે
-હજારો રીતથી વ્યક્ત પોતે કેવી થયા કરે ! ૧૩

ઝાડમાં ઝાડરૂપે તે, પાણીમાં પાણીરૂપ તે,
ચેતના મર્મની રીતે આવિર્ભાવરૂપે ઠરે. ૧૪

‘સર્વના મૂળમાં જોતાં શક્તિ ચૈતન્યની વસે,’
વૈજ્ઞાનિકો કહે એવું પ્રયોગે સિદ્ધ તે કરે. ૧૫

‘જો તે હો સત્ય તો કેમ એને જોઈ શકાય ના ?’
પ્રશ્ન એ ઊઠતો સૌને વચ્ચે વિક્ષેપ ક્યાંક ત્યાં. ૧૬

ઇંદ્રિયો મન ને ચિત્ત અહંકારતણા રૂપે
-ભેળવાયેલ તે ભેગી જુદી કેમ કરી જુઓ ? ૧૭

સોનામાં કૈંક ધાતુઓ ભળેલી ભેગી જો હશે,
ભઠ્ઠીમાંયે તપાવ્યાથી એકલું સોનું ના મળે. ૧૮

આકરી કસણીમાં તે શી જાતે ઉકળાઈને,
કારીગરતણા હાથે પડે શોધાવું એહને ! ૧૯

બીજી ધાતુ ભળેલી જે આપોઆપ ઊડી જશે,
તેજાબે સંધિ ત્યાં થાતાં તત્ત્વ સોનાનું માત્ર રે’. ૨૦

તેવી રીતે ભળેલી છે ભેગી ચૈતન્યશક્તિ જે,
સર્વથી જુદી પાડી જે શકે, તે નીરખી શકે. ૨૧

કેવા સ્વભાવથી કર્મ, કર્મ કેવા ગુણો વડે
-થતું રે છે, ઘટે જોવું વાળીને દૃષ્ટિ અંતરે. ૨૨

ઓળખી આચરે એમ કર્મને ગુણથી છતાં,
પ્રદેશ કોઈ એવાને રહે અજ્ઞાત ક્યાંય ના. ૨૩

શા સ્વભાવે કરાયેલાં બીજાંનાં કર્મ તે હશે,
જણાયા વિણ ના રે' તે તે જો દે લક્ષ તે વિશે. ૨૪

કર્મની ગૂઢતા એને લાગશે ના છતાં પૂરો,
અજાણ્યો તે રહે એવો તે કશું નથી બોલતો. ૨૫

કર્મ નિર્માણની વેળા કર્મના પરિણામને
-હોય ના જાણતો, એવો વર્તતો જગમાં રહે. ૨૬

જ્ઞાની અજ્ઞાનીમાં ફેર તો પછી કેમ જાણવો ?
તાટસ્થ્યે વર્તતો પહેલો, બીજો આસક્ત માનવો. ૨૭

યદ્વાતદ્વાપણે પેલો અજ્ઞાની વરત્યા જશે,
જ્ઞાનીનાં કર્મની આગે ધારણા પગથી હશે. ૨૮

જ્ઞાની કર્મ પરિણામે જણાશે દિલમાં ખરે,
ફેર બંનેમહીં શો તે તે વેળા દિલ સૂઝશે ! ૨૯

વિષયો ઇંદ્રિયોના સૌ ઇંદ્રિયોની રીતે કદી
-નહિ આચરશે એવો તે, દૃષ્ટિ લુપ્ત ત્યાં થતી. ૩૦

ઐંદ્રિય વિષયોમાં તે પરોવાયેલ લાગશે,
કર્મના કારણે એનો આશરો ગ્રહવો પડે. ૩૧

ઇંદ્રિયોથી બધું કામ લીધા તે કરશે છતાં,
ગુલામ ઇંદ્રિયોનો ના એવો તો બનશે કદા. ૩૨

ઇંદ્રિયો વશ એવાને રહેવાની સદા પૂરી,
જેવું નિમિત્ત ત્યાં તેમ દોરવાયે જ યોગ્ય સૌ. ૩૩

માયા ને પ્રકૃતિ નોખી દેખાશે નવ એહને,
બન્નેનું રૂપ પોતામાં રહેલું સ્પષ્ટ લાગશે. ૩૪

અખંડાકાર છે ભાવ જે કર્મે, કર્મયજ્ઞ ને
જીવને યજ્ઞની જેના એવી પરંપરા જ છે,
કર્મઉપાસના તેવાતણી શી યોગ્ય માત્ર છે,
હરિના લાડલા તેવા જીવે ઉપાસનાથી તે. ૩૫-૩૬

જે તે સૌ પ્રભુપ્રીત્યર્થે, બીજો પ્રભુ વિના ન છે
-કશો કૈં ભાવ હૈયામાં, એવું જીવન યજ્ઞ છે. ૩૭

ઉપાસનાની સાક્ષાત એવો શો કર્મયજ્ઞ છે !
દર્શન માત્ર એવાનું કરે ભક્તિથી તે તરે. ૩૮

❋

# ખંડ-૧૧ : ભાવકર્મ

હરિઃૐ

અધ્યાય : ૧

**‘કર્મનિષ્ઠા શી પાંગરે !’**

(અનુષ્ટુપ)

સંપૂર્ણ ભક્ત ને જ્ઞાની ને યોગી જીવને હશે,
તેનેયે કરવાં કર્મ પડે હંમેશ જીવને. ૧

ગમે તેવું ભલે કર્મ કિંતુ જે ભાવ તે વિશે
-ભાવ યોગ્ય પરિણામ જીવને સાંપડ્યા જશે. ૨

જીવને ચેતના જે તે શી અનુભવવાતણી
-ઉત્કટ અગ્નિના જેવી જેને લગની લાગી છે ! ૩

કર્મમાં માત્ર તેવો જ ભાવ પ્રેરાવી તો શકે,
બાકી બીજાતણું કાંઈ ગજું એમાં ન સંભવે. ૪

લાગ્યા તે લગની વિના એકાગ્રતા ન ઉદ્‌ભવે,
હૈયે એકાગ્રતા વિના ભાવ ના કદી સાંપડે. ૫

યાહોમ ઝંપલાવ્યા તે વિના, કર્મ પરત્વેમાં
-હેતુ સાંકળવો તે તો કેમે કરી બને જ ના. ૬

કર્મમાં ભાવ સંપૂર્ણ પરોવાતાં ઊંડો હૃદે
-હેતુપૂર્વક ભાવેથી કર્મનિષ્ઠા શી પાંગરે ! ૭

કર્મનિષ્ઠા થતાં પૂર્ણ ભાવસળંગતા થતાં,
ભાવનિષ્ઠા પરિપક્વ જીવને થતી જાય છે. ૮

ભાવનિષ્ઠા થતાં ઊંડી જીવને આરપાર તે,
નિષ્ઠા હરિ વિશે પૂર્ણ ચેતનાત્મક થાય છે. ૯

❋

હરિઃૐ

અધ્યાય : ૨

**'જાત કેવી પમાય તે !'**

દુનિયા કોઈની જે છે સંપૂર્ણ ભાવની હૃદે,
આરપાર નર્યો ભાવ તેવાંનાં કર્મમાં વહે. ૧

જ્વાળા જો સળગેલી છે હરિને પામવાતણી
-જેના દિલ વિશે ઊંડી તેને ર્‌હે દિલ જાગૃતિ. ૨

તેવાં કર્મ વિશે સે'જે કદી ગાફેલ થાય ના,
ઊંડી સભાનતા પૂર્ણ એને તેજસ્વી દિલમાં. ૩

તેવાને કર્મ તે માત્ર આરાધના હરિતણી,
પદે સમર્પવા કર્મ તેવાને પુષ્પ અંજલિ. ૪

પ્રત્યેક પળ પ્રત્યક્ષ સર્જન તો થતું રહે,
હરિતણા જ બ્રહ્માંડે અદ્‌ભુત રીતનું ખરે. ૫

હરિ જાતે જ પ્રત્યક્ષ કરતો છે જ સર્જન,
તો પછી આપણે કેમ શકીએ રહી વંચિત ? ૬

તેજસ્વીપણું આત્માનું કર્મ વિના કઈ રીતે
-પ્રત્યક્ષ જીવને કેવી રીતે વર્તાઈ તે શકે ? ૭

આત્માના ગુણધર્મો જે સાક્ષિત્વ ને સમત્વયે
દ્વંદ્વાતીત, ગુણાતીત, કાળાતીત, સ્થળાતીત. ૮

કર્મ વિના કઈ રીતે પ્રત્યક્ષ વરતાય તે ?
શો અનુભવીને કર્મે તે અનુભવ થાય છે ! ૯

હરિને પામવા કાજે કર્મ કેવાં મહત્ત્વનાં !
કર્મથી કેટલો કેવો ભાવ રહેતો જણાય ત્યાં ! ૧૦

કરતાં કરતાં કર્મ જેને મહત્ત્વ ભાવનું,
તેવાને કર્મને વિશે અંતરે ભાવ જીવતો. ૧૧

હરિપંથે ધપાવાને ભાવ વિના અશક્ય છે,
દૃઢાવા ભાવ આધારે સાધનાનું મહત્ત્વ છે. ૧૨

કર્મમાં સાધનાભાવ એકધારો રસાત્મક,
જીવતોજાગતો જેનો તેનાં સૌ કર્મ યજ્ઞ જ. ૧૩

જીવંતો ભાવ કેવો છે પરીક્ષા એની કર્મ છે,
ભાવનું જે ખરું હીર કર્મથી પરખાય છે. ૧૪

કર્મ વિના ખરું ખોટું, કશું ના ઓળખાય છે,
કર્મથી આપણે કેવાં તેની પિછાણ થાય છે. ૧૫

વળાંકો, વૃત્તિ, વિચારો કર્મને કરતી પળે
-કેવાં કેવાં સ્ફુરે જેથી જાત કેવી પમાય તે ! ૧૬

કર્મ તો જબરું કેવું પરીક્ષક, નિરીક્ષક,
કર્મમાં જાગતો તેને પ્રત્યક્ષ એ જણાય જ. ૧૭

ભૂમિકા કેટલી કેવી જે રસાયેલી જીવને,
કર્મથી આપમેળેથી પરખાઈ જતી જ તે. ૧૮

કર્મમાં ભાન સંપૂર્ણ જેને પોતાપણું રહે,
એવા તે એકલા માત્ર શા કર્મયોગ પાત્ર છે ! ૧૯

જે ઓતપ્રોત સંપૂર્ણ કર્મમાં હેતુને વિશે,
તેને સભાનતા ભાવતણી કર્મ વિશે ઠરે. ૨૦

માત્ર જે કોઈ સંસારી નિમિત્ત કર્મ સ્થૂળ છે,
શ્રેયાર્થી હોય તેવાંને કર્મ છે સ્થૂળ, સૂક્ષ્મ ને. ૨૧

ને અનુભવી જે માત્ર કારણનું નિમિત્ત છે,
કારણમાંહી આકાશ તત્ત્વ તે મોખરે જ છે. ૨૨

અનંતાનંત આકાશ મર્યાદાતીત તે ખરે,
તેથી અનુભવી જ્યાં ત્યાં વિચરતો જ કારણે. ૨૩

આકાશ કારણે તેવો કાળાતીત, સ્થળાતીત,
દ્વંદ્વાતીત, ગુણાતીત, ભૂમિકાતીત, ચેતન. ૨૪

❋

હરિઃૐ

અધ્યાય : ૩

## 'ભાવથી કર્મ ઓપે છે'

શો પ્રગટાવવા ભાવ કર્મ નિમિત્ત માત્ર છે !
એવાનાં કર્મમાં ભાવ આપમેળે ટકી શકે. ૧

કર્મ સારું નઠારું ના, કર્મ તે કરતી પળે
-'કેવો ભાવ તમારો છે' તે જ મહત્ત્વનું ખરે. ૨

ભાવ કર્મ મઠારે છે ઓપે છે કર્મ ભાવથી,
ભાવમાં ભાવનું કર્મ ભાવનું તો થતું જ છે. ૩

ઉત્કૃષ્ટ ભાવ તો માત્ર આકાશ તત્ત્વને વિશે
-ચેતનાત્મક સંપૂર્ણ જીવતોજાગતો જ છે. ૪

આકાશ મોખરે જેના જીવને પ્રગટેલ છે,
તેવાંનાં કર્મમાં ભાવ સહજમેળ પૂર્ણ છે. ૫

કર્મથી ગુણ ને ભાવ શક્તિ કેવાં ખીલ્યાં કરે !
બીજા કશાથીયે તે તો જણાઈ ના શકાય છે. ૬

કસોટી કર્મથી થાય, પરીક્ષા કર્મથી થતી,
કર્મે ઉત્સાહ કેવો છે શું કર્મ પારખું વળી ! ૭

એકાકાર, લગાતાર ભાવ કેળવવા હૃદે,
કર્મમાં આશરો લીધા વિના તેને ન ચાલશે. ૮

વિરોધાત્મક શાં પાસાં કર્મમાં કેટલાં બધાં !
સદાયે મેળ તે સૌનો ભાવ જાગ્રત જો તદા. ૯

મહત્ત્વે મોખરે ભાવ હો નિરંતરનો હૃદે,
યોગ્ય સુમેળ આધારે સૌ વચ્ચે શો સધાય છે ! ૧૦

સોંસરવું જવું પાર કર્મ જંગલમાંથી તે,
કર્મ હોવા છતાં, કર્મ જેને જાણે ન તે જ છે. ૧૧

નિમિત્તે પ્રાપ્ત જે કર્મ તે હોવા કરતાં છતાં,
પાછો અસ્પૃષ્ટ સંપૂર્ણ તે કર્મ થકી શો તહાં ! ૧૨

એવો સૌ કરતો હોવા છતાં તે કરતો નથી,
એવા તો કોક શા વીર યોગી ને જ્ઞાની, ભક્તશ્રી ! ૧૩

ઉત્પાતો કર્મથી કેવા જીવને તો રચાય છે !
સંગ્રામો ખેલવા ભારે પડે કર્મથી જીવને. ૧૪

ઝંઝાવાતો મહામોટા શા ભયંકર જીવને
-કર્મથી સાંપડે ! ત્યારે શક્તિની ગમ ત્યાં પડે. ૧૫

યુદ્ધને જીતવા જેનો અડગ ટેક, નિશ્ચય
-મરણાંતે પડે પાછો યુદ્ધથી ના કદી પણ. ૧૬

કર્મ એરણથી કેવું છે ઘડાવાય જીવને,
હથોડા કેટલા માથે પડ્યા તેનુંય ભાન છે. ૧૭

ટિપાયા કૈં વિના યોગ્ય ના આકાર પમાય છે,
કર્મથી એવી રીતે શો ઘડાતો હું ગયો ખરે ! ૧૮

બલિહારી રૂડી કેવી કર્મની બહુ રીતથી,
ઘડ્યો જેણે મને કેવો ! મારીને ટપલાં વળી. ૧૯

❈

હરિઃૐ

અધ્યાય : ૪

## 'આત્મક્ષેત્રતણા કર્મે'

કર્મ આનંદને માટે કર્મ શાંતિ થવા હૃદે,
આત્મસંતોષ અર્પે તો કર્મનો વ્યવહાર છે. ૧

જ્ઞાનપૂર્વક હેતુથી ભાવે કર્મ કરાય જો.
શાંતિ, પ્રસન્નતા, શાતા, પાંગર્યા વિણ ના રહે. ૨

એક શો માત્ર હેતુ છે કર્મનો જીવને સદા !
સર્જન તે થવાકેરો જેથી આનંદ હો તદા. ૩

જીવદશાતણું કર્મ શાંતિ, આનંદ જીવને
-પ્રેરી ના શકે, ઊલટું સંઘર્ષણ અશાંતિયે. ૪

કર્મ આત્માનું વ્યક્તત્વ, કર્મ અંગાર આત્મનો,
જ્ઞાની ને ભક્ત યોગીનાં એવાં સૌ કર્મ યજ્ઞ છે. ૫

કર્મનું જે અધિષ્ઠાતા માત્ર અંતર એકલું,
નિર્મળ જેટલું તે હો, નિર્મળ કર્મ તેટલું. ૬

હો નિરંતર જો ભાવ તેજસ્વી શો રહે હૃદે,
એકધારો લગાતાર ત્યારે કર્મ, પ્રસાદ છે. ૭

પ્રકૃતિક્ષેત્રનું કર્મ આત્મક્ષેત્રનું કર્મ જે,
એક પ્રકાર બન્નેનો છતાં ફેર અપાર છે. ૮

પ્રકૃતિક્ષેત્રના કર્મે છે દ્વંદ્વાદિની ભૂમિકા,
આત્મક્ષેત્રતણા કર્મે ના તેવી કોઈ ભૂમિકા. ૯

માધ્યમ પ્રકૃતિ છો હો કર્તાહર્તા જ કિંતુ ત્યાં
-બધી રીતેથી પોતાનો પોતે સંપૂર્ણ ત્યાં સદા. ૧૦

વળી તેવાં થતાં કર્મે મનાદિમાં બીજાં કશાં
-વલણ, વૃત્તિ, વિચાર ના ત્યાં પ્રકૃતિ જાતનાં. ૧૧

પ્રકૃતિ યોનિથી તો જે હરિ સર્જન સૌ કરે,
ભક્ત, જ્ઞાની, વળી યોગીતણું એવું જ હોય છે. ૧૨

કિંતુ નિમિત્ત જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં ચેતન ગુણ છે,
કરંતો કર્મ તે હોવા છતાં, એને ન બંધન. ૧૩

નિરાગ્રહી, નિરાસક્ત, નિષ્કામ પૂર્ણ જીવને
-નિર્લોભી વળી નિરિચ્છ ને જે નિર્મોહી અંતરે,
એવાંનેયે જ નિમિત્ત અનેક જાતનાં જ છે,
તે તે પ્રમાણમાં વર્તે છતાં તેથી સ્વતંત્ર છે. ૧૪-૧૫

કિંતુ સંપૂર્ણ એવો તો હોવો મુશ્કેલ માનવી,
શરીરધારી હોવાથી પ્રકૃતિ તો શરીરની

-હજી ના ક્ષમતાવાળી ચેતનાપૂર્ણ ના વળી,
છતાં મનાદિના ક્ષેત્રે ચેતનાયુક્ત છે સહી.
કર્મનાં કરણો સૂક્ષ્મ જેને છે સર્વ જીવને,
તે તો સૌ ચેતનાયુક્ત તેને તેથી ન બંધન. ૧૬-૧૭-૧૮

કર્મને તો થવા કાજે મનાદિ મુખ્ય સાધન,
સાતત્ય ભાવનું તેમાં સે'લું ઊતરવું દિલ. ૧૯

નિરંતર થતાં ભાવ સ્પર્શે મનાદિને જ તે,
કિંતુ શરીર તો સાવ જડ સંપૂર્ણ છે મૂળે. ૨૦

ત્યાં અવતરવો ઊંડો શરીરના કણે કણે
ત્યાં અવતરવા ભાવ શક્યતા પ્રગટી ન છે. ૨૧

તેમ છતાં જ સૌ કર્મો શરીરથી થતાં ન છે,
મનાદિ તે થવા કાજે મુખ્ય સાધન માત્ર છે. ૨૨

સાધનાભ્યાસ આધારે સહજતાભર્યો થતાં
-સ્પર્શી મનાદિને ત્યારે તે સર્વ, મય તે થતાં. ૨૩

ત્યારે પ્રકૃતિકેરાં સૌ મટી માધ્યમ તે જતાં,
ઊર્ધ્વ આધાર શક્તિનાં તે તે માધ્યમ ત્યાં થતાં. ૨૪

તેથી કર્મ થવા કાજે જે તે માધ્યમ હોય તે,
હવે પ્રકૃતિને તાબે પોતે રહેલ છે ન તે. ૨૫

તેથી નિમિત્તના કર્મે મનાદિ સર્વ માધ્યમે,
એ તો રંગાયેલા ભાવે ચેતન-ભાવના રસે. ૨૬

મનાદિ સંકળાયેલાં જેમ ચેતન સાથ તે,
તેમ જોડાયેલાં પાછાં શરીર સાથ તેય છે. ૨૭

તેથી મનાદિ દ્વારાથી ચેતન સૂક્ષ્મ પેરથી
-શરીર સાથ કો કાળે પ્રત્યક્ષ તે થવાનું છે. ૨૮

ત્યારે શરીરથી સર્વ કર્મ જે જે થતાં જશે,
તેનો પ્રકાર તો ન્યારો ઓર કો રીતનો હશે ! ૨૯

કર્મઉપાસના જ્યારે જીવને ચાલતી જ છે,
ત્યારે મનાદિની શુદ્ધિ પરત્વે ઝોક યોગ્ય છે. ૩૦

યોગ્ય ના પૂરતું માત્ર શુદ્ધિ સર્વ પ્રકારથી
-થવા સભાનતા હૈયે જાગેલી જોઈશે ઊંડી. ૩૧

કિંતુ તે સાધનાભ્યાસે વધાતાં, વધતાં જતાં,
બઢંતા ભાવ આધારે શુદ્ધિ ત્યારે થશે જ ત્યાં. ૩૨

ભક્તિભાવતણા ઊંડા ઉન્મેષ જન્મતાં હૃદે,
શો ધસમસતો ત્યારે એને એનો પ્રવાહ છે !
એવા પ્રવાહના જોશે કામક્રોધાદિ જે બધા
-મોળા શા આપમેળે તે પડ્યા સૌ કરતા તદા ! ૩૩-૩૪

એમ ભક્તિતણો ભાવ જ્યાં નિરંતરનો થતાં,
કામક્રોધાદિનું જોશ મેળે મોળું થતું તદા. ૩૫

એટલે પ્રાપ્ત તે કર્મે ભાવને મોખરે ધરી,
કરીને પ્રભુપ્રીત્યર્થ, સમર્પવાં પદે સ્તવી. ૩૬

❊

# ખંડ-૧૨ : કૃપાકર્મ

હરિ:ૐ

અધ્યાય : ૧

**'પ્રગટ્યા કર્યું દિલ શું !'**

(અનુષ્ટુપ)

શો અનુભવવા અગ્નિ જીવને જલતો હતો !
ચિંતવવાનું તેમાંથી પ્રગટ્યા કર્યું દિલ શું ! ૧

ચિંતવવા થકી ઊંડું ઊંડું જ્યાં ઊતરાયું છે,
મનન ચિંત્વને તેવા ઉપાયો શા જડેલ છે ! ૨

ઊગ્યાં જે સાધનો તેવાં કર્મમાં હું પડેલ જે,
આચરાયા ગયો જેવો જે કર્મ-યોગ-જીવને,
તેને કોઈકને હૈયે કંઈક અવતારવા,
શો આછોપાતળો યત્ન મારાથી આ થયો તદા ! ૩-૪

જેમ જેવી રીતે કર્મ જે જે ભાવથી છે થયું,
તે આલેખાયું છે તેમ કૃપાથી કલમે બધું. ૫

કશું વિચારવાની તો કશી આદત ના મને,
સ્ફુર્યાં જેવું કરેલું છે લખાયા તે કરેલ છે. ૬

વધારે ઊંડું આ વિશે ગયો ના જાણી જોઈને,
જે તે કાજે લખાયું છે સમજાવા જ યોગ્ય જે,
તેટલું માત્ર મારાથી લખાયાનું બનેલ છે.
ગુજરાતી હજુ સારું એને ના આવડે પૂરું,
મર્યાદા તેમ જાણીને જે સમજાય, તે લખ્યું. ૭-૮

થયેલા દોષની માગી લઉં ક્ષમા બધાં કને,
મોટું તે પેટ રાખીને માફ સૌ કરજો તમે. ૯

હરિ પ્રેરવવા ઊંડે ઊંડામાં ઊંડું અંતરે
-કર્મયોગ સધાયો જે રીતે, તે રીત વ્યક્ત તે.
કૃપાથી સર્વ ખુલ્લી તે મૂર્ખથી શી કરાઈ છે ! ૧૦

સદ્‌ભાવી સજ્જનો જે છે તેમને મુજ પ્રાર્થના,
'ગ્રહી સાર, નકામાં જે ફેંકી દેજો જ ફોતરાં'. ૧૧

યોગ્ય જો કૈં લખાયું હો કૃપા કૌશલ્ય સર્વ તે,
મારું જો કાંઈ તેમાં હો, જે જે અયોગ્ય સર્વ તે. ૧૨

અધિકારી ન હું પાછો, આવું તે લખવા વિશે,
અનધિકારી આ ચેષ્ટા બોથડે શી કરેલ છે ! ૧૩

સુજ્ઞ જે છે હૃદે તે તો યોગ્ય તારવશે રૂડું,
દોષ ઉપર તેવાનું જશે ના લક્ષ તો કશું. ૧૪

તેથી નિશ્ચિંત સંપૂર્ણ થઈને દિલથી નર્યો,
બધાંને પાયલાગીને નમસ્કારો કરી નમું. ૧૫

❋

હરિઃૐ

અધ્યાય : ૨

## '....જાગજો', પ્રાર્થના કરું.

કર્મઉપાસના ભાવે સંસારે મેં કરેલ છે.
જે રીતે જેમ વર્તાયું જીવન વિકસાવવે,
ત્યાગ, સમર્પણાદિથી તેવા પ્રકાર યજ્ઞથી
-હૈયે સભાનતાથી જે, તે આચરાયું ભાવથી. ૧-૨

‘રહસ્ય તેનું તારે તે હૈયે જાગે કૃપાથી જો,
અને સંસારમાં કર્મ થવા તેમ, તને ઊગો,
-ઊંડો યજ્ઞાર્થનો ભાવ વર્તતાં, વર્તતાં ખરો
-ચેતનાત્મક સાક્ષાત જાગજો’ પ્રાર્થના કરું. ૩-૪

કર્મમાં ભાવ સંપૂર્ણ હેતુકેરી સભાનતા,
તે તે ફળાવવા ધ્યેય પ્રેરાઈ શી કૃપાથી ત્યાં !
કર્મયોગતણા પાઠ શા જ્ઞાન ભક્તિએ હૃદે
-મને જે શિખવાડ્યા છે ! તેને આજ મૂકું પદે. ૫-૬

કર્મના કરતાં કેવું કર્મના હાર્દને વધુ
-આપ્યા મહત્ત્વ કીધું છે જ્ઞાનપૂર્વક તો ઊંડું. ૭

કર્મનો હેતુ સંપૂર્ણ પ્રિછાયા વિણ તે કદી,
હાર્દ પ્રિછાવું મુશ્કેલ જાણી લો નિશ્ચયે કરી. ૮

કર્મની બોલબાલાથી કર્મ આલેખ્યું કર્મથી,
મહત્ત્વ કર્મનું ઊંડું હૈયે જગાડવા ચહી,
જીવને જે રીતે કર્મ આચરાયા ગયેલ છે,
તે તે રીતની તેવી શી તે સમજણ આપી છે ! ૯-૧૦

ગિરિની આગળે જેવો કાંકરો ના હિસાબનો !
સમુદ્ર આગળે બિંદુ જેવો જ માત્ર મૂર્ખ હું. ૧૧

કેવો કર્મથી તો બોધ જીવને મુજને મળ્યો !
કર્મથી જીવને શીખ્યો આ ભૂમિકાનું જ્ઞાન સૌ. ૧૨

ઊંડું ઊંડું વધારે તે વિશે, એનાથી તો કશું
-લખવું યોગ્ય ના ધાર્યું, સમજી સમજી બધું. ૧૩

સામાન્ય બુદ્ધિથી યોગ્ય જેટલું જેટલું બધું,
જે શકે પચી એવું સૌ આલેખ્યું છે, કૃપાથી તો. ૧૪

યોગ્ય ઉત્તમ આમાંનું જેટલું જેટલું જ તે,
કૃપાની તે પ્રસાદી છે, કૃપાની દેણગી જ તે. ૧૫

જે જે કૈં દોષવાળું છે તે તે સૌ મુજ મૂર્ખનું,
સદ્ભાવી, સજ્જનો તે સૌ ક્ષમા ભાવે નિહાળજો. ૧૬

સાર સાર ગ્રહી બાકી જે જે હો ફોતરાં જ તે,
વિના વાર લગાડ્યા કૈં દેજો ઝાટકી ફેંકી તે. ૧૭

આચર્યું કર્મને જેવું ઉતાર્યું જેમ વર્તને,
વ્યવહારે જ સંસારે કર્મથી જે જિવાયું છે.
ભૂમિકામાં જુદી જુદી, કર્મ ન્યારા પ્રકારનાં,
સામાન્ય બુદ્ધિથી તેમાં કર્મ તો પરખાય ના. ૧૮-૧૯

શકે ઊતરી બુદ્ધિમાં જેટલું સપ્રમાણનું
-લોકને તેટલું માત્ર લખ્યું કર્મ પરત્વેનું. ૨૦

આટલું એ કૃપાથી જો લોકને ઊતરે ગળે,
ને જો આચરવા બુદ્ધિ થાય તો,શી કૃપા જ તે ! ૨૧

આ તો જોડકણાં માત્ર વિદ્વત્તા કૈં ન તે વિશે,
કાવ્ય સૌંદર્ય એમાં ના, છટા ના કાવ્યની જ છે. ૨૨

❋

હરિ:ૐ

અધ્યાય : ૩

## 'દિલ તો શી પ્રસાદી છે !'

જાણતાં જાણતાં પાછું પ્રીછવાનું થયેલ જે,
એમાંથી શી તમન્ના તે જાગી પ્રચંડ જીવને.
શી અનુભવવાની તે પ્રક્રિયા શરૂ જે થઈ,
આઘે આઘે ઊંડું તેમાં જવાતાં અંતરે ચહી. ૧-૨

જેમાં તેમાં પ્રવેશાતાં તાદાત્મ્ય સાથ તે થતાં,
તેની સભાનતા હૈયે જે જાગે, તેવી પામતાં
-છબિ, તેનું યથાયોગ્ય જે હકીકત જીવને
-અનુભવે કૃપાથી જે આવી તેને, મૂકી પદે. ૩-૪

સૌ જે છે, તે જ ધક્કેલે નિમિત્ત કર્મમાં ખરે,
કૃપાથી તેવું નિમિત્તે ધક્કેલ્યો કર્મને વિશે.
કોઈકના હૃદે કર્મતણી સભાનતા જ તે
-ઊંડી જગાડવા હેતુ કૃપાથી દિલ ધારીને,
પ્રવૃત્ત જે થયો **આ**માં તેનું **આ** પરિણામ છે.
ગાંડુંઘેલું છતાં મારે દિલ તો શી પ્રસાદી છે ! ૫-૬-૭

**કર્મગાથા** છપાઈ છે જુદા સંદર્ભમાં ખરે,
જ્યારે **આ**નો જુદો બીજો હેતુ કોઈક ઓર છે. ૮

પેટમાં અગ્નિ શી કેવી કોઈ પ્રકારની ખરે
-ભારે બળતરા, તેવા પીડાવાની ખરી પળે,
કૃપાથી તે જ 'નિમિત્તે' **'કર્મઉપાસના'** સ્ફુરી
જેવી તેવી ભલે છો હો સ્ફુરેલી કિંતુ ભાવથી,

આ તે નાનકડું પુષ્પ દિલની ભાવભક્તિથી
-સમર્પણાંજલિરૂપે કૃતકૃત્ય, ધરું સ્તવી. ૯-૧૦-૧૧

રળાવી કર્મ આપે છે, સંબંધ કર્મથી બધો,
સૌ વ્યવહાર સંસારે કેવો કર્મથી ચાલતો ! ૧૨

આધિ, વ્યાધિ, ઉપાધિ સૌ મળ્યાં જીવનમાં કરે
-કર્મની સાથ તે સૌનો સંબંધ આગવો ખરે. ૧૩

❋

હરિઃૐ

અધ્યાય : ૪

## 'તેને ખુલ્લું કરી ધરું'

ચેતનતત્ત્વની સાથે હૈયે એકત્વ પામવા,
પછીથી જીવને **एक थवातां, योग** તે તદા. ૧

યોગના તત્ત્વની સાથે તાદાત્મ્ય, દિલ તે વિશે
-થતાં **एकत्व** સંપૂર્ણ, સાચો એ જ પ્રમાણજે. ૨

ભક્તિ, ઉપાસના, ધ્યાન, જ્ઞાન ને કર્મયોગ જે
-એવાં એવાં કંઈ બીજાં સાધનો સાધવાથી તે
-જામતાં જામતાં એમાં રસ સંપૂર્ણ ઉદ્ભવે,
તદાકાર લગાતાર થવાતાં દિલ **एक** જે. ૩-૪

'સંપૂર્ણ ભાવ આધારે જ્યાં, તલ્લીન રસાત્મક,
નિરંતરતણું એવું **एकत्व,** યોગ માનજે.
બુદ્ધિથી જાણવું જુદું, માનવું, બીજી વાત તે,
ને અનુભવવું એ તો અલગ સર્વથી જ તે. ૫-૬

અનુભવ્યા પછી આવે 'માણવું' 'મા'લવું' સ્થિતિ,
થયેલો યોગ સંપૂર્ણ ચેતનાત્મક રંગથી,
નિમિત્તે તે પ્રવેશીને પામતો હાર્દ મૂળથી. ૭

કર્મમાં કર્મનું હાર્દ કૃપાથી સમજાયેલું,
જે યત્કિંચિત્ પમાયું છે 'તેને ખુલ્લું કરી ધરું.'
-અંજલિરૂપ ભાવેથી યજ્ઞાવશેષ જે રહ્યું. ૮

..'નાદાનિયત એમાં જે ક્યાંક ક્યાંક થયેલ છે,
સાવ અજ્ઞાનતા એવી' જ્ઞાનનો અપરાધ છે.
-શા અપરાધ એવાયે **આ**માં કાંઈક જે થયા ! ૯

'અજાણતાં થયેલા જે' એમ કહ્યે ન ચાલશે,
કબૂલ્યે દોષ ના ચાલે જણાતાં દિલ સાલશે.
અપરાધ થયો જે છે સંપૂર્ણ અપરાધ છે.
તેને છાવરવાનો તો કશો અર્થ ન હોય છે. ૧૦-૧૧

જાણતાં, જાણતાં પાછું જાણવા પ્રક્રિયા વિશે,
પ્રત્યક્ષ વર્તને તેવા, ત્યાં અવતરતાં હૃદે. ૧૨

જે તાદાત્મ્ય થવાતાંમાં **एकत्व** પામતાં જતાં
-અનુભવાય તે જ્ઞાન પ્રતિચ્છાયાથી દિલમાં. ૧૩

લાગ્યો નિમિત્તથી ધક્કો પ્રત્યક્ષે પરિણામમાં,
કૃપાથી આ મુકાયું છે ચરણે વર્તમાનમાં. ૧૪-૧૫

॥ હરિઃૐ ॥

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.
૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.
૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.
૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.
૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.
૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.
૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.
૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.
૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?
૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.
૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.
૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪**થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

૧૩. આર્તપોકાર ૧૯૫૪
૧૪. અભ્યાસીને ૧૯૬૭
૧૫. જિજ્ઞાસા ૧૯૭૦
૧૬. ભાવ ૧૯૭૧
૧૭. જીવનઝલક ૧૯૭૧
૧૮. જીવનસૌરભ ૧૯૭૧
૧૯. જીવનઅનુભવગીત ૧૯૭૧
૨૦. જીવનસ્મરણ ૧૯૭૧
૨૧. શ્રદ્ધા ૧૯૭૧
૨૨. જીવનલહરી ૧૯૭૧
૨૩. જીવનતપ ૧૯૭૨
૨૪. જીવનરસાયણ ૧૯૭૨
૨૫. જીવનઆહ્‌લાદ ૧૯૭૨
૨૬. રાગદ્વેષ ૧૯૭૨
૨૭. નિમિત્ત ૧૯૭૨
૨૮. ગુણવિમર્શ ૧૯૭૨
૨૯. જીવનસ્પંદન ૧૯૭૩
૩૦. જીવનરંગત ૧૯૭૩
૩૧. જીવનકથની ૧૯૭૩
૩૨. જીવનસ્મરણસાધના ૧૯૭૩
૩૩. જીવનમથામણ ૧૯૭૩
૩૪. પ્રેમ ૧૯૭૩
૩૫. મોહ ૧૯૭૩
૩૬. કૃપા ૧૯૭૩
૩૭. સ્વાર્થ ૧૯૭૩
૩૮. શ્રીસદ્‌ગુરુ ૧૯૭૩
૩૯. કર્મઉપાસના ૧૯૭૩
૪૦. જીવનચણતર ૧૯૭૪
૪૧. જીવનઘડતર ૧૯૭૪
૪૨. જીવનપગદંડી ૧૯૭૪
૪૩. જીવનકેડી ૧૯૭૪
૪૪. ભાવકણિકા ૧૯૭૪
૪૫. ભાવરેણુ ૧૯૭૪
૪૬. ભાવજ્યોતિ ૧૯૭૪
૪૭. ભાવપુષ્પ ૧૯૭૪
૪૮. ભાવહર્ષા ૧૯૭૫
૪૯. જીવનપ્રભાત ૧૯૭૫
૫૦. જીવનપ્રવાહ ૧૯૭૫
૫૧. મૌનાર્થીને માર્ગદર્શન ૨૦૦૩

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિઃૐ ॥

હરિ:ૐ

(અનુષ્ટુપ)

કર્મ સાથે પડેલાં છે પાનાં તો આપણાં જગે,
યજ્ઞના ભાવની રીતે કર્મોને કરવાં ઘટે.

યજ્ઞ એ તો પ્રભુ પોતે યજ્ઞ ને કર્મ એક છે,
કર્મ એથી બધાં જાણો પ્રસાદી પ્રભુની જ તે.

જાણીને કર્મ એ રીતે જે જે કોઈ કર્યે જશે,
ના કાંઈ નડશે એને, કર્મ મુક્તિરૂપે થશે.

જે રીતે પ્રભુને રુચે સૌ કરો કર્મ એ રીતે,
સાધના કર્મની એવી ભાવાર્થે તે થવી ઘટે.

કોઈનેયે જગે વા'લું જો થવું હોય આપણે,
જે તેયે કરીએ છીએ તેની રીતે જ સર્વ તે.

કર્મના સર્વ સંજોગો એમ ને એમ કેમ તે
-ફીટી કૈં જાય ? એને તો રહ્યા ભોગવવા ખરે.

- શ્રીમોટા

*'કર્મઉપાસના', પાંચમી આ., પૃ. ૪૧*

# કર્મઉપાસના

કિંમત : રૂ. ૨૦/-